# ગરવી ગુજરાતી

દ્વિતીય/તૃતીય (સંપૂર્ણ)

ધોરણ-દસમું

૧૦



# ભારતનું સંવિધાન

## ભાગ ૪ ક

## નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

**અનુચ્છેદ ૫૧ ક**

**મૂળભૂત કર્તવ્ય – ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે –**

(ક) સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.

(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.

(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.

(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.

(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.

(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.

(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.

(જ) વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.

(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.

(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા-શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.

(ટ) ૬થી ૧૪ વય જૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

શાસન નિર્ણય ક્રમાંક : અભ્યાસ - 2116/(પ્ર.ક્ર.43/16) એસડી-4 દિનાંક 25-4-2016 અન્વયે સ્થાપિત થયેલ સમન્વય સમિતિની દિનાંક 29-12-2017 રોજની બેઠકમાં આ પાઠ્યપુસ્તક નિર્ધારિત કરવાની માન્યતા આપવામાં આવી છે.

## ગુજરાતી

## દ્વિતીય/તૃતીય (સંપૂર્ણ)

# ગરવી ગુજરાતી

## ધોરણ-દસમું



મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - 411 004.

તમારાં સ્માર્ટફોનમાં DIKSHA APP દ્વારા પાઠ્યપુસ્તકનાં પહેલા પાનાં પરના Q.R. Codeથી ડિજિટલ પાઠ્યપુસ્તક અને દરેક પાઠમાં આપેલા Q.R. Codeથી તે સંબંધિત પાઠનાં અધ્યયન-અધ્યાપન માટે ઉપયોગી દૃશ્ય-શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે.

6KZPMZ

પ્રથમાવૃત્તિ : ૨૦૧૮
પુનર્મુદ્રણ : ૨૦૨૨

© મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧ ૦૦૪.

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈપણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.

| | | |
|---|---|---|
| ગુજરાતી ભાષા સમિતિ સદસ્ય | : | **સુશ્રી કલ્પના મહેતા, અધ્યક્ષ**<br>ડૉ. મધુ સંપટ<br>શ્રીમતી ભગવતી પંડ્યા<br>શ્રીમતી પ્રતિમા પંડ્યા |
| ગુજરાતી અભ્યાસ જૂથ | : | સુશ્રી ઇલા શુક્લ<br>શ્રીમતી સ્મિતા દવે<br>શ્રીમતી જ્યોતિ ખખ્ખર |
| નિમંત્રિત | : | શ્રી. પ્રફુલ આર. શાહ<br>શ્રીમતી જનક દાવડા<br>શ્રીમતી હીના લિલાણી<br>શ્રીમતી વંદના પંચાલ<br>શ્રીમતી જિજ્ઞા કાપડિઆ<br>શ્રીમતી મંજરી ગુમાસ્તે<br>શ્રીમતી ઉર્મિલા શાહ<br>શ્રીમતી ધર્મિકા ધીરેન દોશી<br>શ્રી. ધીરેન મનસુખલાલ દોશી |
| સદસ્ય-સંયોજક | : | **શ્રીમતી કેતકી નિતેશ જાની** |

| | | |
|---|---|---|
| સંયોજન પ્રમુખ | : | **શ્રીમતી કેતકી નિતેશ જાની**<br>વિશેષાધિકારી, ગુજરાતી વિભાગ<br>પાઠ્યપુસ્તક મંડળ, પુણે -૦૪. |

| | | |
|---|---|---|
| નિર્મિતિ | : | **શ્રી. સચ્ચિદાનંદ આફળે**<br>મુખ્ય નિર્મિતિ અધિકારી<br>**શ્રી. રાજેંદ્ર ચિંદરકર**<br>નિર્મિતિ અધિકારી<br>**શ્રી. રાજેંદ્ર પાંડલોસકર**<br>સહાયક નિર્મિતિ અધિકારી |
| મુખપૃષ્ઠ અને ચિત્ર | : | શ્રી સંજય પટેલ |
| અક્ષરાંકન | : | સમર્થ ગ્રાફિક્સ,<br>૫૨૨, નારાયણ પેઠ, પુણે-૩૦. |
| કાગળ | : | 70 GSM Creamwove |
| મુદ્રણાદેશ | : | |
| મુદ્રક | : | |

| | | |
|---|---|---|
| પ્રકાશક | : | **શ્રી. વિવેક ગોસાવી, નિયંત્રક**<br>પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,<br>પ્રભાદેવી, મુંબઈ - ૨૫. |

## પ્રસ્તાવના

પ્રિય વિદ્યાર્થી મિત્રો,

ધોરણ - ૧૦માં આપનું સ્વાગત છે. 'ગરવી ગુજરાતી' આપના હાથમાં મૂકતા અમને અત્યંત આનંદ થાય છે.

મિત્રો, દ્વિતીય/તૃતીય ભાષા (સંપૂર્ણ) અંતર્ગત તમારે ગુજરાતીના આ પુસ્તકનો અભ્યાસ કરવાનો છે. પાઠ્યપુસ્તકમાંનું સરળ વ્યાકરણ અને કૃતિયુક્ત સ્વાધ્યાયો તમારી ભાષા સમૃદ્ધિમાં વધારો કરશે.

શ્રમપ્રતિષ્ઠા, વિપરિત પરિસ્થિતિનો સામનો, પર્યાવરણનું સંવર્ધન, પ્રકૃતિ તત્ત્વો પ્રત્યે અહોભાવ, સકારાત્મક દષ્ટિકોણ, માતૃપ્રેમ, દેશપ્રેમ, હસ્તકલા, હાસ્યકલા, સંવેદનશીલતા, વાચનપ્રેરણા,ભણતરનું મહત્ત્વ, આધુનિક તંત્રજ્ઞાન જેવા મૂલ્યો સાંકળી લેતા પાઠ/કાવ્યો અહીં સમાવિષ્ટ કરી લીધા છે. જેનાથી તમે સામાજિક જવાબદારી, નૈતિક જવાબદારી સહજ રીતે પાર પાડી શકશો.

ભાષિક સમજ અંતર્ગત સરળ પદ્ધતિથી આપેલું વ્યાકરણ તમારા ભાષાભ્યાસને વધુ દઢ બનાવશે. શબ્દોના અર્થ, જોડશબ્દ, સહસંબંધ તમને 'શબ્દકોશ' તરફ વાળશે... વિશેષવાચન દ્વારા તમારી વાચનકળા ખીલશે અને લેખન કૌશલ્ય દ્વારા તમારી લેખનરૂચિ વધશે. પ્રસ્તુત પાઠ્યપુસ્તક તમારા મૂળભૂત કૌશલ્યો વિકસાવવામાં સહાયભૂત બનશે એટલું જ નહિ, પણ પરીક્ષામાં ઉત્તમ ગુણ મેળવવા માટે પણ ઉપયોગી બની રહેશે.

પાઠ્યપુસ્તક અને આધુનિક તંત્રજ્ઞાનનો તાલમેળ તમે બેસાડી શકો છો. પાઠ્યપુસ્તકના અધ્યયન બાદ અપેક્ષિત ક્ષમતાઓ તમે મેળવશો એવી ખાતરી છે. પુસ્તકમાંના પ્રકલ્પો તમારી કલ્પનાશક્તિને વેગ આપશે. Q.R. Code દ્વારા દરેક કૃતિ સંબંધી વધુ માહિતી માટે દશ્ય-શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે, જે અભ્યાસ માટે ચોક્કસ ઉપયોગી હશે. આપના જીવનની મહત્ત્વની એવી ધોરણ - ૧૦ ની પરીક્ષા ઉત્તમ રીતે પાસ કરો એ જ અંતરની શુભેચ્છા !! આપના સૂચનો અને પ્રતિભાવોનું સ્વાગત છે.

પુણે

દિનાંક : ૧૮ માર્ચ ૨૦૧૮, ગુડી પડવો
ભારતીય સૌર દિનાંક :
૨૭ ફાગણ, ૧૯૩૯

(ડૉ. સુનિલ મગર)
સંચાલક
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ
અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો

તથા તેના સર્વ નાગરિકોને :

સામાજિક, આર્થિક અને રાજકીય ......................ન્યાય

વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,

ધર્મ અને ઉપાસનાની ...............................સ્વતંત્રતા

દરજ્જા અને તકની .................................સમાનતા

પ્રાપ્ત થાય તેમ કરવાનો

અને તેઓ સર્વમાં

વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની

એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી ................બંધુતા

વિકસાવવાનો

ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાનસભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## રાષ્ટ્રગીત

જનગણમન - અધિનાયક જય હે
ભારત - ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જયગાથા.
જનગણ મંગલદાયક જય હે,
ભારત - ભાગ્યવિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

# અપેક્ષિત અધ્યયન ક્ષમતા

| ક્ષેત્રો | અપેક્ષિત ક્ષમતા |
|---|---|
| ૧. શ્રવણ | • પ્રસાર માધ્યમ દ્વારા પ્રસારિત થતા સમાચાર, ચર્ચા, સંવાદ વગેરે સમજપૂર્વક સાંભળે.<br>• સાર્વજનિક સ્થળોની સૂચના સમજણપૂર્વક સાંભળે.<br>• શાળા-ઘર-પરિસરમાં થતા અનૌપચારિક સંભાષણ સાંભળે અને સમજે.<br>• ગીત, કવિતા, વાર્તા તથા પ્રાસંગિક સંવાદો સાંભળે અને માણે.<br>• કવિતાને લય-તાલ સાથે વાંચે, સાંભળે, સમજે અને માણે.<br>• સમૂહગીત, કાવ્ય, ભાષણ તથા અન્ય વિવિધ સાહિત્ય પ્રકારના ધ્વનિને સાંભળીને ઓળખે. |
| ૨. ભાષણ-સંભાષણ | • ગીતો, કવિતા, પ્રાર્થના યોગ્ય આરોહ-અવરોહ અને સૂર-તાલ સાથે ઉત્સાહથી ગાય.<br>• વિવિધ સાહિત્ય પ્રકારની સમજણપૂર્વક રજૂઆત કરે.<br>• ઉચ્ચાર શુદ્ધિ અને સ્પષ્ટતાને ધ્યાનમાં રાખી પ્રસંગ અને વિષયાનુરૂપ પોતાના વિચારો અન્યો સમક્ષ રજૂ કરે.<br>• વિવિધ કાર્યક્રમના નિયોજન સમયે સ્વાગત પ્રવચન, સંચાલન, આભારવિધિ વગેરે દ્વારા સહભાગી બને.<br>• શાળામાં આયોજિત વિવિધ કાર્યક્રમોમાં પ્રભાવીપણે, આત્મવિશ્વાસપૂર્વક ભાષણ, સંભાષણ રજૂ કરે.<br>• વિવિધ સાહિત્યપ્રકારના માધ્યમથી પોતાના વિચારો વ્યક્ત કરવાનો પ્રયત્ન કરે. |
| ૩. વાંચન | • પાઠ્યપુસ્તક અને ઈતર સાહિત્યનું સમજપૂર્વક અર્થસભર પ્રકટ અને મૂક વાંચન કરે.<br>• વિરામ ચિહ્નોને ધ્યાનમાં રાખી યોગ્ય આરોહ-અવરોહ સાથે અર્થપૂર્ણ પ્રકટ વાંચન કરે.<br>• સાહિત્યના વિવિધ સ્વરૂપો સમજપૂર્વક વાંચે અને તેનો આસ્વાદ માણે.<br>• વાંચન દ્વારા કોઈપણ લેખનનો મધ્યવર્તી વિચાર, સારાંશ અને કથાવસ્તુને સમજે.<br>• કોઠામાં આપેલા સંકેતો અને સૂચક શબ્દો વાંચી આપેલી સૂચના સમજે.<br>• સાર્વજનિક સ્થળો પર લખાયેલી સૂચના વાંચે અને તેનો યોગ્ય અમલ કરે. |
| ૪. લેખન | • શ્રુતલેખન કરતી વખતે શુદ્ધલેખનના નિયમોનું ચુસ્તપણે પાલન કરે.<br>• શ્રવણ અને વાંચન દ્વારા આત્મસાત કરેલી ભાષાને પોતાના શબ્દોમાં લખીને અભિવ્યક્ત કરી શકે.<br>• આપેલ વિષયમાં પોતાની કલ્પના ઉમેરીને વિસ્તારપૂર્વક લખી શકે.<br>• કહેવત, રૂઢિપ્રયોગ, શબ્દસમૂહ, સુભાષિત વગેરેનો ઉપયોગ કરી પ્રભાવી અને અલંકારિક લેખન કરી શકે.<br>• કોઈપણ પ્રસંગ કે ઘટનાને આધારે પાયાભૂત વિચાર કરીને તે બાબત લેખન કરી શકે.<br>• પ્રસંગ, કાર્યક્રમ, ઘટના વગેરેનું અહેવાલ લેખન કરી શકે. |
| ૫. અધ્યયન કૌશલ્ય (આકલન) | • સંદર્ભગ્રંથ અને શબ્દકોશનો ઉપયોગ કરતાં આવડે.<br>• આપેલા વિષય માટે મુદ્દાસર સ્વમત સ્પષ્ટ કરતાં આવડે.<br>• વિવિધ કાર્યક્રમોનો અહેવાલ તૈયાર કરી શકે.<br>• પોતાની અને અન્ય ભાષાની કહેવતો અને રૂઢિપ્રયોગોની યાદી બનાવી તેનું વિષય તથા અર્થાનુસાર વર્ગીકરણ કરે.<br>• ઓન-લાઈન અરજી કરવી, વિવિધ બિલની ચૂકવણી કરવી વગેરે સુવિધાનો ઉપયોગ કરતાં શીખે.<br>• પ્રસાર માધ્યમોનો જવાબદારીપૂર્વક યોગ્ય ઉપયોગ કરવા બાબત સજાગ બને.<br>• કમ્પ્યુટર દ્વારા ઉપલબ્ધ સાહિત્યનો ઉપયોગ કરતી વખતે સંબંધિત વ્યક્તિ કે સંસ્થાના હક્કોનું ઉલ્લંઘન ન થાય તેની તકેદારી રાખવામાં આવે.<br>• પ્રસારમાધ્યમ/કમ્પ્યુટર વગેરે દ્વારા ઉપલબ્ધ કલાકૃતિનો આસ્વાદ માણતા અને તેની સમીક્ષા કરતાં આવડે.<br>• કમ્પ્યુટર, ઇન્ટરનેટ વગેરેની મદદથી ભાષાંતર કરતાં આવડે.<br>• વિવિધ સામાજિક સમસ્યા બાબત થનાર ચર્ચામાં સહભાગી થઈને પોતાના વિચારો વ્યક્ત કરતા આવડે.<br>• કોઈપણ પ્રસંગની ઘટનાઓનો યોગ્ય ક્રમ જાણે અને જાળવે. |
| ૬. ભાષિક સમજ (ભાષાભ્યાસ) | • ઉપમા, ઉત્પ્રેક્ષા, સજીવારોપણ અલંકાર ઓળખતા આવડે અને તેનો લેખનમાં ઉપયોગ કરે.<br>• વિરામચિહ્નો ઓળખે અને તેનો ઉપયોગ કરતાં શીખે.<br>• સાહિત્યમાં નવરસ ઓળખે, માણે અને તેનો લેખનમાં ઉપયોગ કરતા આવડે.<br>• શુદ્ધલેખનના નિયમોનું લેખનમાં પાલન કરે.<br>• ધોરણ ૧થી ૯માં શીખી ગયેલા વ્યાકરણનો ઉપયોગ કરે. |

# અનુક્રમણિકા

## પદ્ય વિભાગ


| ક્રમ | કવિતા/પાઠનું નામ | કવિ/લેખકનું નામ | પૃષ્ઠ ક્ર. | અપેક્ષિત પીરિયડ |
|---|---|---|---|---|
| ૧. | પરથમ પરણામ મારા | રામનારાયણ પાઠક | ૦૧ | ૬ |
| | ★ લેખન કૌશલ્ય | | ૦૪ | |
| ૨. | ચાલો, ઊઠો ! | અરદેશર ખબરદાર | ૦૫ | ૬ |
| | ★ લેખન કૌશલ્ય | | ૦૭ | |
| ૩. | રસ્તો કરી જવાના | અમૃત 'ઘાયલ' | ૦૮ | ૬ |
| | ★ લેખન કૌશલ્ય | | ૧૦ | |
| ૪. | આધુનિક અરણ્ય | નિરંજન ભગત | ૧૧ | ૬ |
| | ★ લેખન કૌશલ્ય | | ૧૪ | |
| ૫. | સૈયર હું તો... | જયા મહેતા | ૧૫ | ૬ |
| | ★ વિશેષ વાંચન - સૂના સરવરિયાને કાંઠડે | અવિનાશ વ્યાસ | ૧૮ | ૨ |
| ૬. | કેવળ પ્રેમ, પ્રેમ ને પ્રેમ | મુકેશ જોશી | ૧૯ | ૬ |
| | ★ વિશેષ વાંચન - માણેકડું | વિનોદ અધ્વર્યુ | ૨૨ | ૨ |
| ૭. | હે મુજ માતૃભૂમિ ! | ફકીર મહંમદ મન્સૂરી | ૨૩ | ૬ |
| | ★ વિશેષ વાંચન - અમે તો વસુંધરાના વીર | જન્મશંકર મહાશંકર બૂચ | ૨૬ | ૨ |
| | **ગદ્ય વિભાગ** | | | |
| ૧. | જૂના મહારાષ્ટ્રની ખંડેર રાજધાની | કાકાસાહેબ કાલેલકર | ૨૭ | ૮ |
| | ★ વિશેષ વાંચન - પાટણનું પટોળું | સંકલિત | ૩૨ | ૨ |
| ૨. | લોહીની સગાઈ | ઈશ્વર પેટલીકર | ૩૪ | ૮ |
| | ★ લેખન કૌશલ્ય | | ૪૪ | |
| ૩. | ટેકો | ડૉ. આઈ.કે.વીજળીવાળા | ૪૫ | ૮ |
| | ★ વિશેષ વાંચન - માવજતનો મંતર | દોલતભાઈ દેસાઈ | ૫૦ | ૨ |
| ૪. | ઘેર બેઠા રજાની મજા માણવાના નુસખાઓ (સ્ટેકેશન) | જય વસાવડા | ૫૨ | ૮ |
| | ★ વિશેષ વાંચન - સ્કાઉટ અંગે થોડું જાણો | સંકલિત | ૫૮ | ૨ |
| ૫. | આળસ | રતિલાલ બોરીસાગર | ૫૯ | ૮ |
| | ★ લેખન કૌશલ્ય | | ૬૪ | |
| ૬. | ગુગલી ગૂગલની | હર્ષલ પુષ્કર્ણા | ૬૫ | ૮ |
| | ★ વિશેષ વાંચન - ગૂગલની આપ-લે | હર્ષલ પુષ્કર્ણા | ૭૩ | ૨ |
| ૭. | કાલુ અને ગુટ્ટી | રામ મોરી | ૭૫ | ૮ |
| | ★ વિશેષ વાંચન - બાળકની બુદ્ધિ | સંકલિત | ૮૦ | ૨ |
| ● | લેખન કૌશલ્ય માટે માર્ગદર્શક સ્તંભ | | ૮૨ | |

## પદ્ય વિભાગ

# ૧. પરથમ પરણામ મારા

### રામનારાયણ પાઠક

રામનારાયણ વિશ્વનાથ પાઠકનો જન્મ ૮ એપ્રિલ, ૧૮૮૭ના રોજ ધોળકા તાલુકાના ગાણોલ ગામે થયો હતો. શિક્ષકની નોકરી કરતાં પિતાની વારંવાર થતી બદલીને કારણે પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ વિવિધ ગામોમાં લીધું. ઉચ્ચ શિક્ષણ ભાવનગર, મુંબઈ અને અમદાવાદમાં લીધું. અમદાવાદમાં વકીલાત કરી. મુંબઈની વિવિધ કોલેજોમાં અધ્યાપન કાર્ય કર્યું.

કવિતા, નાટક, વાર્તા, નિબંધ જેવા વિવિધ ક્ષેત્રે કામ કર્યું છે. 'શેષ' ઉપનામથી લખેલાં કાવ્યોના સંગ્રહને 'શેષનાં કાવ્યો' નામ આપ્યું હતું. તેમના મૃત્યુ પછી 'શેષનાં કાવ્યો'ની સત્તર રચના અને અન્ય ચાલીસ કાવ્યોને સમાવતો સંગ્રહ 'વિશેષ કાવ્યો' નામે પ્રકાશિત થયો હતો. વાર્તાક્ષેત્રે પણ તેમનું ઐતિહાસિક પ્રદાન રહ્યું છે. તેમનો છંદશાસ્ત્ર પરનો શાસ્ત્રીય ગ્રંથ એટલે બૃહત પિંગળ. ૧૯૪૬માં રાજકોટ ખાતે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ હતા. નર્મદ સુવર્ણચંદ્રક તથા સાહિત્ય અકાદમીના પારિતોષિક દ્વારા તેમને સન્માનવામાં આવ્યા હતા. ૨૧ ઓગસ્ટ, ૧૯૫૫માં મુંબઈમાં તેમનું અવસાન થયું હતું.

### સૂર કૃતિનો

પ્રસ્તુત કાવ્યમાં કવિએ પોતાના જીવન ઘડવૈયાઓને પ્રણામ કર્યાં છે. વ્યક્તિના જીવન-ઘડતરમાં મોટે ભાગે તેનાં માતા-પિતા તેમજ ગુરુનો સિંહફાળો હોય છે. કવિએ આ કાવ્યમાં મિત્ર, દુશ્મન, જીવન સાથી, મહાત્મા અને જગતને પણ જીવન ઘડવૈયા કહ્યા છે. તેઓએ સંસારસાગર તરી જવા માટે મરજીવાની ભૂમિકા બજાવી છે. અંધકાર તરફથી ઉજાશ તરફ લઈ જનારી આ વ્યક્તિઓને પ્રણામ કરીને કવિ તેમના તરફ અહોભાવની લાગણી વ્યક્ત કરે છે.



પરથમ પરણામ મારા, માતાજીને કહેજો રે,
 માન્યું જેણે માટીને રતન જી;
ભૂખ્યાં રહી જમાડ્યાં અમને, જાગી ઊંઘાડ્યાં, એવાં
 કાયાનાં કીધેલાં જતન જી.
બીજા પરણામ મારા, પિતાજીને કહેજો રે,
 ઘરથી બતાવી જેણે શેરી જી;
બોલી બોલાવ્યા અમને, દોરી હલાવ્યા ચૌટે,
 ડુંગરે દેખાડી ઊંચે દેરી જી.
ત્રીજા પરણામ મારા, ગુરુજીને કહેજો રે

જડ્યા કે ન જડિયા, તોયે સાચા જી;
એકનેય કહેજો એવા સૌનેય કહેજો, જે જે
અગમનિગમની બોલ્યા વાચા જી.
ચોથા પરણામ મારા, ભેરુઓને કહેજો રે
જેની સાથે ખેલ્યા જગમાં ખેલ જી;
ખાલીમાં રંગ પૂર્યા, જંગમાં સાથ પૂર્યા;
હસાવી ધોવરાવ્યા અમારા મેલ જી.
પાંચમા પરણામ મારા વેરીડાને કહેજો રે
પાટુએ ઉઘાડ્યાં અંતર દ્વાર જી;
અજાણ્યા દેખાડ્યા અમને ઘેરા ઉલેચાવ્યા જેણે
ઊંડા ઊંડા આતમના અંધાર જી,
છઠ્ઠા પરણામ મારા જીવનસાથીને કહેજો રે
સંસારતાપે દીધી છાંય જી;
પરણામ વધારે પડે, પરણામ ઓછાયે પડે
આતમની કહેજો એક સાંઈ જી,
સાતમા પરણામ, ઓલ્યા મહાત્માને કહેજો રે
ઢોરનાં કીધાં જેણે મનેખ જી;
હરવાફરવાના જેણે મારગ ઉઘાડ્યા રૂડા
હારોહાર મારી ઊંડી મેખ જી.
છેલ્લા પરણામ અમારા જગતને કહેજો જેણે
લીધા વિના આલ્યું સરવસ જી;
આલ્યું ને આલશે, ને પાળ્યાં ને પાળશે, જ્યારે
ફરી અહીં ઊતરશે અમારો હંસ જી.



## માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત પ્રાર્થના કાવ્યનું અધ્યાપન કરાવતાં પહેલાં જીવનમાં પ્રાર્થનાના મહત્ત્વ વિશે ચર્ચા કરી શકાય. આપણા જીવનને સફળ અને સાર્થક બનાવવામાં જે-જે વ્યક્તિઓનો ફાળો મહત્ત્વનો હોય છે, તે-તે વ્યક્તિઓ વિશે વિદ્યાર્થીઓના અભિપ્રાય જાણી શકાય. પ્રસ્તુત કાવ્યમાં કોને કોને પ્રણામ કરવામાં આવ્યા છે તે વિશે ક્રમિક પ્રશ્નો પૂછીને તે બાબત વિસ્તૃત ચર્ચા કરી શકાય.

કોઈને આપવામાં જે આનંદ છે તેનું વર્ણન પ્રકૃતિનાં તત્ત્વોનાં ઉદાહરણ આપીને કરાવી શકાય. જગત પ્રત્યેની ઉદાત્ત ભાવના વિકસાવવા પરોક્ષ રીતે પ્રેરિત કરી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો :**

| | | | |
|---|---|---|---|
| (૧) સાથી | (૨) વિશ્વ | (૩) લડાઈ | (૪) દુશ્મન |
| (૫) દરવાજો | (૬) વાણી | (૭) શરીર | (૮) માણસ |

**સ. ૨. કાવ્યમાંથી પ્રાસયુક્ત શબ્દો શોધીને લખો :**

| | | |
|---|---|---|
| (૧) શેરી | (૨) સાચા | (૩) ખેલ |
| (૪) દ્વાર | (૫) મનેખ | (૬) રતન |

**સ. ૩. કાવ્યમાંથી નીચેના શબ્દો માટેની સાચી જોડણી લખો :**

| | | |
|---|---|---|
| (૧) પીતાજી | (૨) જિવનસાથી | (૩) ઉતરસે |
| (૪) મહાતમા | (૫) ઉડી | (૬) ભુખ્યા |

**સ. ૪. અનુસ્વારથી અર્થમાં થતો ફેરફાર લખો :**

| | | | |
|---|---|---|---|
| (૧) જગ | જંગ | (૨) અત્તર | અંતર |
| (૩) નદી | નંદી | (૪) રગ | રંગ |

**સ. ૫. કાવ્યમાંથી તળપદા શબ્દો શોધીને લખો.**

**સ. ૬. કાવ્યપંક્તિ પૂર્ણ કરો :**


(૧) આલ્યું ને આલશે, ને ____________________

(૨) પરણામ વધારે પડે, પરણામ ____________________

(૩) એકનેય કહેજો એવા ____________________

(૪) ભૂખ્યાં રહી જમાડ્યાં ____________________

**સ. ૭. કવિએ કોને કોને પ્રણામ કર્યા છે તે આકૃતિમાં લખો.**



**સ. ૮. યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :**

(૧) ફરી અહીં ________________________ અમારો હંસ જી.

(અ) ઊતરશે (આ) ઊડશે (ઇ) રમશે

(૨) ________________________ કીધેલાં જતન જી.

(અ) બાળનાં (આ) માયાનાં (ઇ) કાયાનાં

(૩) ડુંગરે દેખાડી ઊંચે ________________________ જી.

(અ) ટોચ (આ) દેરી (ઇ) વેલ

**સ. ૯. કાવ્યમાંનો બોધ તમારા શબ્દોમાં લખો.**

**સ. ૧૦. સંધિ માટે ખાલી જગ્યા પૂરો :**

(૧) વિદ્યાભ્યાસ = વિદ્યા + [ ]

(૨) [ ] = પુરુષ + અર્થ

(૩) [ ] = સત્ય + આગ્રહ

(૪) પરમાર્થ = [ ] + અર્થ

(૫) સ્મરણાર્થ = [ ] + અર્થ

(૬) ભાવાર્થ = ભાવ + [ ]

**સ. ૧૧. કૌંસમાં આપ્યા પ્રમાણે કાળ પરિવર્તન કરો :**

(૧) માતા પોતે ભીને સૂઈ બાળકને સૂકે સુવાડે છે. (ભૂતકાળ)

(૨) ગુરુજી અગમનિગમની વાચા બોલ્યા હતા. (ભવિષ્યકાળ)

(૩) મહાત્માએ ઢોરમાંથી માણસ બનાવ્યા. (વર્તમાનકાળ)

(૪) ભેરુઓ જંગમાં સાથ પૂરશે. (વર્તમાનકાળ)

★ **તમારી આદર્શ વ્યક્તિ વિષે વર્ગમાં સમૂહ ચર્ચા કરો.**

## પ્રકલ્પ

★ તમારી શાળામાં ગવાતી પ્રાર્થનાઓની નાની પુસ્તિકા બનાવો.

## લેખન કૌશલ્ય

★ 'પ્રાર્થનાનું મહત્ત્વ' નિબંધ તૈયાર કરો.

★ તરસ્યા કાગડાની વાર્તા તમે જાણો જ છો. તે વાર્તાનો અંત તમારે બદલવાનો છે.
પણ હા, નવા પરિમાણો સાથે આધુનિક જમાનાના સંદર્ભે...

6L9KPM

ક્ષમા વીરનું ભૂષણ છે.

# ૨. ચાલો, ઊઠો !

### અરદેશર ખબરદાર

અરદેશર ફરામજી ખબરદારનો જન્મ ૬ નવેમ્બર, ૧૮૮૧ના રોજ ગુજરાતના દમણ ગામમાં થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ દમણમાં અને માધ્યમિક શિક્ષણ મુંબઈમાં લીધું. મદ્રાસમાં મોટરસાઈકલના સામાનનો ધંધો કર્યો. સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદના તેઓ પ્રમુખ હતા. તેમણે દલપતરામ, નરસિંહરાવ દિવેટિયા, ન્હાનાલાલ, કાન્ત અને કલાપીની શૈલીમાં વિવિધ પ્રકારનાં કાવ્યો રચ્યા છે. તેમણે ૧૦૧ અંગ્રેજી સોનેટો પણ લખ્યાં છે.

'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' આ તેમની ઘણી જ જાણીતી રચના છે. સાદી અને સરળ શૈલી એ તેમની વિશેષતા છે. ૩૦ જુલાઈ, ૧૯૫૩માં મદ્રાસમાં તેમનું અવસાન થયું.

### સૂર કૃતિનો

પ્રસ્તુત કાવ્યમાં કવિએ 'શ્રમપ્રતિષ્ઠા'નું મૂલ્ય સમજાવ્યું છે. દરેક વ્યક્તિમાં અલગ અલગ ક્ષમતા હોય છે. આ ક્ષમતાને પરિશ્રમનો સાથ મળી જાય તો.... સોનામાં સુગંધ ભળે... સાધન કરતાં સાધ્ય મોટું છે, એમ કવિ કહે છે. 'પુરુષાર્થ આગળ પ્રારબ્ધ પાંગળું' એવો સંદેશો આ કાવ્યમાં મળે છે. મહેનત કરવાથી શારીરિક અને માનસિક સ્વસ્થતા પ્રાપ્ત થાય છે એવું અહીં આ કાવ્યમાં કહેવામાં આવ્યું છે.

હાથ જોડી ના બેસો, રે ભાઈ, હાથ જોડી ના બેસો !
કરવું હરિને હાથ ખરું, પણ સાથ શું શ્રમ નહિ લેશો ?
હાથ જોડીને બેસી જ રહેતાં, ખાશો જગતની ઠેસો.
મેઘ વરસશે મુશળધારે, તે શું જોઈ જ રહેશો ?
તન રગડી જો ન ખેતર ખેડો, તો પછી પાક દે એ શો ?
ફરશે ને હરશે તે ચરશે, બાંધ્યો ભૂખે મરે શો;
હરિ હરિ કરતાં આ હીન દશા ઠરી, એમાં શો અંદેશો ?
સૂતેલા પણ સિંહતણે મુખ આવી શિકાર પડે શો ?
ફાળ ભરી તે ઠાર કરે તો જ ઠારી શકે ભૂખ કલેશો.
આ નથી, તે નથી, એમ કદી પણ કાયર થઈ નવ કહેશો;
સાધનથી પણ સાધ્ય છે મોટું; પાધરે યત્ન પ્રવેશો.
યત્ને ચઢી બડી રેલ હઠવશો, નહિ તો પડી સડી વ્હેશો;
વીર ! ઊઠો પ્રભુ સાહ્ય થશે, આ સાધવો દિવ્ય સંદેશો.



## માર્ગદર્શક સ્તંભ

'શ્રમનો મહિમા' આ વિષય પર ચર્ચા કરી વિદ્યાર્થીઓમાં 'શ્રમપ્રતિષ્ઠા'નું મૂલ્ય વિકસાવી શકાય. વિદ્યાર્થીઓના વિવિધ જૂથ બનાવી દરેક જૂથને બે-બે પંક્તિ આપીને તેની જૂથચર્ચા કરાવી શકાય. જૂથચર્ચાની રજૂઆત બાદ આવશ્યક સૂચનો આપીને કાવ્ય સમજાવી શકાય. White collar jobના આ જમાનામાં 'શ્રમ'થી થતા લાભ સમજાવી શકાય. બેઠાડુ જીવનથી સ્વાસ્થ્ય પર થતી અસરની જાણ કરી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) ઠોકર (૨) પ્રયાસ (૩) ઈશ્વર (૪) શરીર
(૫) વિશ્વ (૬) કંકાસ (૭) મહેનત (૮) વહેમ

**સ. ૨. કાવ્યમાંથી પ્રાસયુક્ત શબ્દો શોધીને લખો :**

(૧) કહેશો (૨) લેશો (૩) વ્હેશો (૪) અંદેશો

**સ. ૩. નીચેના શબ્દોનો વાક્યમાં ઉપયોગ કરો :**

(૧) શ્રમ (૨) સાધન (૩) સંદેશો (૪) ખેતર

**સ. ૪. શબ્દોની અંતાક્ષરી પૂર્ણ કરો :**

(૧) જગત → ______ → ______ → ______
(૨) શિકાર → ______ → ______ → ______
(૩) ક્લેશ → ______ → ______ → ______
(૪) હરિ → ______ → ______ → ______

**સ. ૫. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :**

(૧) મુશળ જેવી ધારે વરસતો વરસાદ -
(૨) અગાઉથી આવી જતો અણસાર -
(૩) જેનામાં હિંમત નથી તેવી નાહિંમત વ્યક્તિ -
(૪) જેને કોઈ શત્રુ નથી ને -

**સ. ૬. યોગ્ય શબ્દ મૂકી ખાલી જગ્યા પૂરો :**

(૧) તન રગડી જો ન ______________ ખેડો, તો પછી પાક દે એ શો ?
(૨) હાથ જોડીને બેસી જ રહેતાં, ખાશો ______________ ઠેસો.
(૩) સૂતેલા પણ ______________ તણે મુખ આવી શિકાર પડે શો ?
(૪) સાધનથી પણ ______________ છે મોટું ; પાધરે યત્ન પ્રવેશો.

**સ. ૭. યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.**

(૧) જો હાથ જોડીને બેસી રહેશો તો ______________________

(અ) મા-બાપની ઠેસો ખાશો. (આ) ગુરુજીની ઠેસો ખાશો. (ઇ) જગતની ઠેસો ખાશો.

(૨) ફરે તે ચરે, ને બાંધ્યો ______________________

(અ) ભૂખે મરે. (આ) મજા કરે. (ઇ) સજા ભોગવે.

(૩) મુશળધાર વરસાદ વરસે ત્યારે ______________________________

(અ) નદી કિનારે પલળવા જવું. (આ) લણણી કરવી. (ઇ) ખેતરમાં મહેનત કરવી.

**સ. ૮. યોગ્ય શબ્દ લખો :**

(૧) ___________ મેઘ (૨) ___________ સાધ્ય (૩) ___________ દશા

(૪) ___________ સંદેશો (૫) ___________ સિંહ (૬) ___________ યત્ન

**સ. ૯. કાવ્યપંક્તિ પૂર્ણ કરો :**

(૧) આ નથી, તે નથી _____________ (૨) વીર ! ઊઠો પ્રભુ ________________

(૩) હરિ હરિ કરતાં _______________ (૪) ફાળ ભરી ____________________

**સ. ૧૦. કાવ્યમાંથી મળતો બોધ તમારા શબ્દોમાં લખો.**

**સ. ૧૧. નીચેનો કોઠો પૂર્ણ કરો :**

(૧) રવિ + ઇન્દ્ર = _________ (૨) _________ + આલય = શિવાલય

(૩) પરમ + _________ = પરમેશ્વર (૪) સ્નેહ + _________ = સ્નેહોર્મિ

(૫) શાળા + ઉપયોગી = _________ (૬) ભાષા + _________ = ભાષાંતર

**સ. ૧૨. આપેલા સમાસનો વિગ્રહ કરી પ્રકાર જણાવો.**

(૧) ચોફેર (૨) ગોળધાણા (૩) હારજીત

(૪) જૂનાંનવાં (૫) રામસીતા (૬) પંચામૃત

**સ. ૧૩. નીચેનાં વાક્યોને વર્તમાનકાળમાં ફેરવો :**

(૧) અમે ઇડરિયો ગઢ જીતીશું. (૨) સુરેશ અને નીતા ઝરણું જોવા જવાનાં હતાં.

(૩) બાપુજી આજે વહેલા આવશે. (૪) વર્ષાઋતુમાં મોર ટહુકા કરતા હતા.

**સ. ૧૪. 'ફરે તે ચરે અને બાંધ્યો ભૂખે મરે.' આ કહેવતની વર્ગમાં સદષ્ટાંત ચર્ચા કરો.**

## પ્રકલ્પ

★ 'શ્રમ' વિષયક કહેવતો અને સુવિચારો એકઠા કરીને તેના બેનર બનાવો.

## લેખન કૌશલ્ય

★ નિબંધ લખો – 'પરિશ્રમ એ જ પારસમણિ'.

★ **નીચે એક અધૂરી વાર્તા આપી છે. તે તમારે પૂરી કરવાની છે અને યોગ્ય શીર્ષક પણ આપવાનું છે.**

એક સુંદર ગામ હતું. તે ગામમાં એક કુંભાર રહેતો હતો. તેની દુકાનમાં સુંદર અને આકર્ષક માટલાં, ઘડા, કૂંડાં, કોડિયાં, કૂંજા વગેરે વેચતો હતો. તે બધી વસ્તુ એટલી બધી કલાત્મક હતી કે તે ટપોટપ વેચાઈ જતી. એક વખત એક માટલામાં કાણું પડી ગયું. હવે તે કોણ ખરીદે ? પરંતુ એક સાચો કલાકાર પોતાની કલાને ક્યારેય નષ્ટ કરતો નથી. તેથી તેને દુકાનના એક ખૂણામાં મૂકી દીધું. પછી શ્રાવણ માસ આવતાં જ દુકાનમાં ઘરાકી વધી ગઈ.

હવે તમે તમારા વિચારો દ્વારા વાર્તા પૂર્ણ કરો.

કથની કરતાં કરણીનો અવાજ બુલંદ હોય છે.

6XHU67

# ૩. રસ્તો કરી જવાના

**અમૃત 'ઘાયલ'**

અમૃત ઘાયલ ગુજરાતી સાહિત્યના જાણીતા ગઝલકાર છે. તેમનું આખું નામ અમૃતલાલ લાલજીભાઈ ભટ્ટ છે. ઘાયલ તેમનું ઉપનામ છે. તેમનો જન્મ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૧૫ના રોજ સૌરાષ્ટ્રના રાજકોટ જિલ્લામાં આવેલા સરધારમાં થયો હતો. ત્યાં જ સાત ધોરણ સુધીનું શિક્ષણ લીધું. પછી રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાંથી મેટ્રિક પાસ કર્યું. પાજોદ દરબાર શ્રી ઇમામુદ્દીનખાન મુર્તઝાખાનના રહસ્યમંત્રી તરીકે કાર્યરત રહ્યા. જાહેર બાંધકામ ખાતામાં વિભાગીય હિસાબનીશ તરીકે સાવરકુંડલા, ભુજ, આદિપુર અને અમદાવાદમાં સેવા આપી. નિવૃત્તિ પછી રાજકોટમાં સ્થાયી થયા.

તેમણે પ્રથમ ગઝલસંગ્રહ 'શૂળ અને શમણા' આપ્યો હતો. તે ઉપરાંત 'રંગ, રૂપ, ગઝલ નામ સુખ', 'સમગ્ર ગઝલ' - 'આઠોં જામ ખુમારી' વગેરે ગઝલસંગ્રહો પણ તેમણે આપ્યા છે. મુલાયમ ભાવોની સરળ અને અસરકારક અભિવ્યક્તિ તેમની ગઝલની મુખ્ય વિશેષતા છે. જીવન પરત્વેનો સ્વસ્થ અભિગમ, હાથવગી તળપદી કહેવત, રૂઢિપ્રયોગ, છંદની શુદ્ધતા, રદીફનો નિશ્ચિત અંત્યાનુપ્રાસ વગેરેમાં એમની ગઝલનો વૈભવ પ્રગટ થાય છે. તેમને શેખાદમ આબુવાલા એવૉર્ડ, રણજિતરામ સુવર્ણ ચંદ્રક, કલાપી એવૉર્ડ વગેરે સન્માન મળ્યા છે. ૨૫ ડિસેમ્બર, ૨૦૦૨ના રોજ અમૃત ઘાયલનું અવસાન રાજકોટમાં થયું હતું.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત ગઝલ મનુષ્યની અડગ ખુમારીને વ્યક્ત કરે છે. અપાર મુશ્કેલીઓમાં પણ ઈશ્વર પર શ્રદ્ધા રાખીને અડગ આત્મબળથી આગળ વધવાની વાત કવિ કહે છે. કવિએ જુદા જુદા શેરમાં અનેક દષ્ટાંતો દ્વારા કાળને પડકાર આપ્યો છે. જીવનની વિપરિત પરિસ્થિતિમાં પણ કેવી રીતે પાર ઊતરવું એવો બોધ અહીં આપવામાં આવ્યો છે.

રસ્તો નહિ જડે તો રસ્તો કરી જવાના,
થોડા અમે મૂંઝાઈ મનમાં મરી જવાના !

નિજ મસ્ત થઈ જીવન આ પૂરું કરી જવાના,
બિંદુ મહીં ડૂબીને સિંધુ તરી જવાના !

કોણે કહ્યું કે ખાલી હાથે મરી જવાના !
દુનિયાથી દિલના ચારે છેડા ભરી જવાના.

મનમાં વિચાર શું છે ? અવિરામ કંઈ દીપક છે,
પ્રકાશ આંધીઓમાં પણ પાથરી જવાના.

એક આત્મબળ અમારું દુઃખ માત્રની દવા છે,
હર ઝખ્મને નજરથી ટાંકા ભરી જવાના.



સમજો છો શું અમોને સ્વયં પ્રકાશ છીએ !
દીપક નથી અમે કે ઠાર્યા ઠરી જવાના.

અય કાળ, કંઈ નથી ભય તું થાય તે કરી લે !
ઈશ્વર સમો ધણી છે થોડા મરી જવાના !



## માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત ગઝલના અધ્યાપન કરાવવાની શરૂઆતમાં 'ગઝલ'ના સ્વરૂપ વિશે ચર્ચા કરી શકાય. ગઝલના પ્રત્યેક શેરને સ્વતંત્ર રીતે સમજાવવા લઘુ પ્રશ્નો પૂછી શકાય. જવાબ રૂપે ચર્ચા કરી શક્ય ત્યાં સરળ ઉદાહરણો પણ આપી શકાય.

ગઝલ સંપૂર્ણ સમજાવાઈ ગયા પછી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ - મનોબળ જગાડવા માટે મહાન વ્યક્તિઓના જીવનના પ્રસંગોનાં ઉદાહરણો આપીને પ્રેરણા પૂરી પાડી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) માર્ગ (૨) જગત (૩) ઘાવ (૪) પ્રભુ
(૫) વાવાઝોડું (૬) અજવાળું (૭) સાગર (૮) ડર

**સ. ૨. નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો :**

(૧) ઝખ્મ (૨) બિંદુ (૩) પ્રકાશ (૪) રસ્તો

**સ. ૩. શબ્દ અંતાક્ષરી પૂરી કરો :**

(૧) નજર → ☐ → ☐ → ☐ → ☐
(૨) દીપક → ☐ → ☐ → ☐ → ☐
(૩) પ્રકાશ → ☐ → ☐ → ☐ → ☐
(૪) દુનિયા → ☐ → ☐ → ☐ → ☐

**સ. ૪. 'આત્મ' શબ્દને જોડીને શબ્દો બનાવો :** દા.ત. આત્મજ્ઞાની

**સ. ૫. ઉદાહરણ પ્રમાણે કોષ્ટકમાંથી શબ્દ શોધીને લખો :**

દા.ત. જીવન – મૃત્યુ
(૧) પ્રકાશ – ________________
(૨) ભય – ________________
(૩) ખાલી – ________________
(૪) તરવું – ________________
(૫) થોડા – ________________

| | | | |
|---|---|---|---|
| મૃ | ત્યુ | ભ | ય |
| ડૂ | ઝા | રે | લ |
| બ | ઝા | લા | અં |
| વું | નિ | મ | ધ |
| નિ | ર્ભ | ય | કા |
| લ | ર | ક | ર |

**સ. ૬. આપેલ શબ્દોના અનેક પર્યાયવાચી શબ્દો લખો :**

(૧) નિજ (૨) દીપક (૩) રસ્તો (૪) હાથ (૫) સિંધુ

સ. ૭. જવાબ લખો :

(૧) ઠારવાથી ઠરી જનાર (૨) દુ:ખની દવા (૩) માનવીનો ધણી

સ. ૮. કાવ્યપંક્તિ પૂર્ણ કરો :

(૧) નિજ મસ્ત થઈ... (૨) એક આત્મબળ... (૩) કોણે કહ્યું કે... (૪) હર ઝખ્મને...

સ. ૯. યોગ્ય પર્યાય શોધી વિધાન પૂર્ણ કરો :

(૧) તમે શું સમજો છો અમોને અમે તો _______________

(અ) મરજીવા છીએ (આ) સ્વયં પ્રકાશિત છીએ (ઇ) પર પ્રકાશિત છીએ

(૨) રસ્તો નહિ જડે તો _______________

(અ) ઠાર્યા ઠરી જવાના (આ) મનમાં મરી જવાના (ઇ) રસ્તો કરી જવાના

(૩) બિંદુ મહીં ડૂબીને _______________

(અ) સિંધુ તરી જવાના (આ) હાથે મરી જવાના (ઇ) ડગલાં ભરી જવાના

સ. ૧૦. પ્રસ્તુત ગઝલનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.

સ. ૧૧. નીચેનાં વાક્યોમાંથી વિશેષણ શોધીને પ્રકાર જણાવો :

(૧) કોણે કહ્યું કે ખાલી હાથે મરી જવાના. (૨) દુનિયાથી દિલના ચારે છેડા ભરી જવાના.

(૩) વ્યાકરણ વિભાગમાં વિસ્તૃત માહિતી આપી છે. (૪) મારો ભાઈ ભણવામાં અવ્વલ નંબર છે.

સ. ૧૨. નીચેનાં શબ્દોનું વર્ગીકરણ કરો :

નદી, વેરાન, ચતુર, રમવું, શાળા, તેઓ, ન્હાવું, માનવ, અમે, મહાન, ફરવું, તમે

| નામ | સર્વનામ | ક્રિયાપદ | વિશેષણ |
|---|---|---|---|
| | | | |
| | | | |

સ. ૧૩. કોઈપણ વિપરિત પરિસ્થિતિમાંથી પાર ઊતરવા માટેના ઉપાયો વિશે ચર્ચા કરો.

## પ્રકલ્પ

★ ગઝલકાર અમૃત ઘાયલની તમને ગમતી બીજી ગઝલ લખીને સંગ્રહ કરી ભીંતપત્રક તૈયાર કરો.

## લેખન કૌશલ્ય

★ તમારી સોસાયટીમાં આયોજીત આનંદ મેળાની જાહેરખબર તૈયાર કરો.

અથવા

તમારી શાળામાં યોજાઈ ગયેલા કવિ સંમેલનના કાર્યક્રમનો અહેવાલ તૈયાર કરો.

6XHQ7U

જેને કંઈક કરવું છે, એ રસ્તો શોધશે; પણ જેને કંઈ કરવું નથી, એ બહાનું શોધશે.

# ૪. આધુનિક અરણ્ય

### નિરંજન ભગત


જાણીતા કવિ નિરંજન નરહરિભાઈ ભગતનો જન્મ ૧૮ મે, ૧૯૨૫ના રોજ અમદાવાદમાં થયો હતો. શાળાકીય શિક્ષણ અમદાવાદમાં અને એમ.એ. સુધીનું શિક્ષણ મુંબઈમાં લીધું હતું. અમદાવાદની વિવિધ આર્ટ્સ કોલેજમાં અધ્યાપન કાર્ય સાથે વિવિધ દૈનિક, માસિક, ત્રિમાસિક, સામયિકના સંપાદક અને તંત્રી તરીકે ફરજ બજાવી.

છંદોલય, કિન્નરી, અલ્પવિરામ વગેરે કાવ્યસંગ્રહો નિરંજન ભગતે આપ્યા છે. મુંબઈ વિશેના કાવ્યોનો ગુચ્છ 'પ્રવાલદ્વીપ' નામે આપ્યો છે. નગર કાવ્યોમાં મુંબઈ મહાનગરની આધુનિક વિષય સામગ્રી કવિએ પીરસી છે. કુમાર સુવર્ણચંદ્રક, નર્મદ ચંદ્રક, રણજિતરામ સુવર્ણચંદ્રક, પ્રેમચંદ સુવર્ણચંદ્રક જેવા અનેક પુરસ્કારો કવિએ સન્માનરૂપે મેળવ્યા છે. ૧૯૯૭ દરમ્યાન ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ અને ટ્રસ્ટી હતાં. ૧ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ તેમનું અવસાન થયું.

### સૂર કૃતિનો

હાલનો યુગ એટલે મોલ અને મલ્ટીપ્લેક્સનો યુગ. શહેરોમાં વધતી જતી વસ્તીને કારણે શહેરોનું વિસ્તૃતીકરણ થતું ગયું છે. તેથી જંગલોનો નાશ કરીને માણસે ત્યાં 'આધુનિક અરણ્ય' વસાવ્યું. કવિ નિરંજન ભગતે પ્રસ્તુત કાવ્યમાં વિસ્તરેલા શહેરની વ્યથા વર્ણવી છે. અરણ્યમાંના ઝરણાંને બદલે ડામરની સડકો, પક્ષીના ટહુકાને બદલે રેડિયોનું વોલ્યુમ; હિંસક પશુના બદલે હિંસક મનુષ્યો આધુનિક અરણ્યમાં જોવા મળે છે. કાવ્યના અંતે કવિએ કહ્યું છે કે આ અરણ્ય નથી, પણ આ તો છે છલ-રહસ્ય કે જેમાં સ્વયં ભગવાન પણ ભૂલો પડી જાય એવી પરિસ્થિતિ છે.

અરણ્ય, જન જ્યાં અગણ્ય પશુ હિંસ્ર શા ઘૂમતાં;
શિલા શત, સિમેન્ટ, કાચ વળી કાંકરેટે રમ્યું;
ધરાતલ પરે ન ઇન્દ્રધનુ લોહનું હો લચ્યું !
વનસ્પતિ નહીં, ન વેલ, નહીં વૃક્ષ જ્યાં ઝૂમતાં;
વિહંગ નહિ, રેડિયો ટહૂકતો પૂરે વૉલ્યુમે;
નહીં ઝરણ, શી સરે સડક સ્નિગ્ધ આસ્ફાલ્ટની;
ન પ્રેત, પણ આ ઈમારત વિચિત્ર કૈં ઘાટની;
પરીગણ ન, ટ્રામ કાર દિનરાત અહીં તહીં ઘૂમે;
સર્યાં અતલથી નર્યાં સજડ આમ થીજ્યા ઠર્યાં
અહીં નરક નીકળ્યા મલિન ઉષ્ણ નિઃશ્વાસ ? કે



કદીક નિજ સ્વપ્નબીજ અહીં વાવિયાં રાક્ષસે
વિશાલ પરિપક્વ આ સ્વરૂપમાં શું ફાલ્યાં ફળ્યાં ?
અરણ્ય ? છલ આ ! રહસ્ય ? ભ્રમણે અટૂલો ચડ્યો
પુરંદર સ્વયં અહીં નહિં શું હોય ભૂલો પડ્યો ?

**માર્ગદર્શક સ્તંભ**

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવવાની શરૂઆત કરાવતા પહેલા કવિ નિરંજન ભગતના નગરકાવ્યો વિશે માહિતી આપીને વિદ્યાર્થીઓને પ્રસ્તુત કાવ્ય શીખવા માટે ઉત્સુક કરી શકાય. શહેરોમાં સિમેન્ટ-કોંક્રિટની ઈમારતો વિશે ચર્ચા કર્યા પછી હરિયાળીના અભાવની ચર્ચા કરી શકાય.

જંગલોના અસ્તિત્વ સામેના જોખમ બાબત, શહેરોમાં વૃક્ષોના અભાવ બાબત અને બહુમાળી મકાનોની ભરમાર બાબત વિસ્તૃત ચર્ચા કરી શહેરોને આપેલી આધુનિક અરણ્યની ઉપમાને સરળ ભાષામાં સમજાવવાનો પ્રયત્ન કરી શકાય. પ્રશ્નોના માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓને ચર્ચામાં સક્રિય રાખવાનો પ્રયત્ન કરી શકાય.


## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) લીસું　(૨) મકાન　(૩) જંગલ　(૪) પૃથ્વી
(૫) પક્ષી　(૬) અસ્વચ્છ　(૭) લોખંડ　(૮) ગરમ

**સ. ૨. કાવ્યમાં આવેલા જોડાક્ષરો શોધીને લખો.**

**સ. ૩. 'અ' પૂર્વગ લગાડી શબ્દો બનાવો :**




**સ. ૪. યોગ્ય રીતે જોડો : ઉદા. : દિન - રાત**

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| (૧) ઉષ્ણ | (અ) નિર્મળ |
| (૨) મલિન | (આ) વામન |
| (૩) નરક | (ઇ) શીત |
| (૪) વિરાટ | (ઈ) સ્વર્ગ |

**સ. ૫. કાવ્યમાં વપરાયેલા અંગ્રેજી શબ્દોની યાદી બનાવો.**

**સ. ૬. આડાઅવળા અક્ષરોને યોગ્ય ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ શબ્દો બનાવો :**

(૧) ગ, રી, પ, ણ
(૨) પ, ર, રિ, વા
(૩) દ, ર, પુ, રં

**સ. ૭.** **યોગ્ય પર્યાય શોધી વિધાન પૂર્ણ કરો :**

(૧) ક્યારેક અહીં સ્વપ્નબીજ ______________________

(અ) રાક્ષસે વાવ્યાં છે (આ) દેવે વાવ્યાં છે (ઇ) માનવે વાવ્યાં છે

(૨) ધરતી પર ઇન્દ્રધનુ ______________________

(અ) સોનાનું રચાયું છે (આ) લોખંડનું રચાયું છે (ઇ) સપ્તરંગોનું રચાયું છે

(૩) અહીં પૂરે વૉલ્યૂમે ______________________

(અ) વિહંગનો ટહુકો સંભળાય છે (આ) પશુઓનો અવાજ સંભળાય છે (ઇ) રેડિયો સંભળાય છે

(૪) ઝરણાં નહિ પણ ______________________

(અ) નદી વહે છે (આ) સડકો વહે છે (ઇ) નાળાં વહે છે

**સ. ૮.** **નીચે આપેલા ચોકઠામાંથી યોગ્ય પર્યાયવાચી શબ્દ શોધો :**

દા.ત. પક્ષી – વિહંગ

(૧) પથ્થર – ________________

(૨) વન – ________________

(૩) દાનવ – ________________

(૪) તરુ – ________________

(૫) છલ – ________________

| | | | | |
|---|---|---|---|---|
| ધ | વિ | શા | લ | અ |
| રા | વૃ | હં | ન | ર |
| રા | ક્ષ | સ | ગ | ણ્ય |
| શિ | લા | ક | પ | ટ |

**સ. ૯.** **જવાબ લખો :**

**(અ) કાવ્યમાં જેનો ઉલ્લેખ થયો છે તેવી માનવસર્જિત વસ્તુઓ.**

**(બ) કાવ્યમાં જેનો ઉલ્લેખ થયો છે તેવાં નૈસર્ગિક તત્ત્વો.**

**સ. ૧૦.** **શહેરીકરણે પ્રકૃતિનો ભોગ લીધો છે તે વાત તમારા શબ્દોમાં સમજાવો.**

**સ. ૧૧.** **નીચેનાં વાક્યોમાંનાં કાળ ઓળખો :**

(૧) ઈમારતો વિચિત્ર ઘાટની બની હતી.

(૨) શહેરોમાં પૂરા વૉલ્યૂમે રેડિયો વાગતો હોય છે.

(૩) પુરંદર સ્વયં અહીં ભૂલો પડયો હશે !

(૪) ધરાતલ પર લોહનું ઇન્દ્રધનુ રચાયું છે.

સ. ૧૨. સંધિ વિગ્રહ :

| | | | | |
|---|---|---|---|---|
| (૧) રામ | + | __________ | = | રામાવતાર |
| (૨) સદા | + | એવ | = | __________ |
| (૩) _________ | + | ઈશ | = | મહેશ |
| (૪) ચંદ્ર | + | __________ | = | ચંદ્રોદય |
| (૫) વિદ્યા | + | અભ્યાસ | = | __________ |

★ **મોબાઈલ, ટી.વી., કૉમ્પ્યુટર, ઇન્ટરનેટ વગરના એક દિવસની તમારી પ્રવૃત્તિ વિષે તમારા વર્ગના મિત્રોની સાથે ચર્ચા કરો.**

## પ્રકલ્પ

★ તમારી આસપાસનાં વૃક્ષોને ઓળખો. તેનું ચિત્ર મેળવો. તેના વિષે પાંચ વાક્યો લખીને ચાર્ટ બનાવો.

## પદ્ય વિશ્લેષણ

★ પ્રસ્તુત કાવ્યના કવિનું નામ , કાવ્યનો પ્રકાર, કાવ્યનો સંદેશો લખો. તેમાંની તમને ગમતી પંક્તિ લખો અને તે પંક્તિ ગમવાનું કારણ પણ જણાવો.

## રસાસ્વાદ

★ નીચેની કાવ્યપંક્તિનો રસાસ્વાદ કરાવો.

અરણ્ય ? છલ આ ! રહસ્ય ? ભ્રમણે અટૂલો ચડ્યો
પુરંદર સ્વયં અહીં નહિં શું હોય ભૂલો પડ્યો ?

## લેખન કૌશલ્ય

(૧) **'પર્યાવરણનું રક્ષણ આપણી નૈતિક જવાબદારી' વિષયનું મહત્ત્વ સમજાવતો પત્ર તમારા નાના ભાઈ/બહેનને લખો.**

(૨) **નીચે આપેલો પરિચ્છેદ વાંચી પાંચ પ્રશ્નો તૈયાર કરો.**

મહાસાગરના જળને કોઈ સીમા નથી, ધરતી અને આકાશનું મિલન થતું દેખાય છે, તે દૂર દૂરની રેખા સુધી વિસ્તરે છે. એના અતળ ઊંડાણનો કોઈ તાગ લેતું નથી. એના કાળાં ડિબાંગ જળ ચોમેર વિસ્તરે છે. ત્યાં મહાભયંકર ઝંઝાવાત જાગે છે ત્યારે ડુંગર જેવડાં મોજાં ઊછળે છે. એમાં ફસાયેલા માનવીની આશા મરી જાય છે, એની બુદ્ધિ હણાઈ જાય છે, એની શક્તિ ગુમ થઈ જાય છે, અને છેવટે જેને કોઈ સહાય નથી તેવો તે અંતે ડૂબી જાય છે, મરી જાય છે. એ મહાસાગર જેવી જ ભયાનક નિરાશા છે. એને માપી શકાતી નથી, એનો તાગ લઈ શકાતો નથી, એના તોફાનોનો પાર નથી. એથી એ વિનાશક પણ બને છે. એમાં ફસાયેલો માનવી તરફડે છે, વલખાં મારે છે, શ્રદ્ધા ગુમાવી દે છે, હાથપગ જોડીને બેસી રહે છે. ત્યારે જેમ મહાસાગરમાં ડૂબતા માનવીને જીવનરક્ષક નૌકા – લાઈફ બોટ આધાર આપે છે, બચાવી લે છે, નવું જીવન બક્ષે છે, તેમ આશા પણ આવીને નિરાશાના સાગરમાં વિવશ બનેલા માણસને તારે છે, નવજીવન બક્ષે છે.

6Y6L9H

પ્રકૃતિનું પ્રાણ સમજીને જતન કરો.

# ૫. સૈયર હું તો

### ડૉ. જયા મહેતા

ડૉ. જયા મહેતાનો જન્મ ૧૫ ઓગસ્ટ, ૧૯૩૨માં ભાવનગર જિલ્લાના કોળિયાકમાં થયો હતો. તેમણે એમ.એ.બાદ પીએચ.ડી.ની પદવી મેળવી. વર્ષો સુધી મુંબઈની મહિલા કૉલેજમાં અધ્યાપન કાર્ય કર્યું અને સ્ત્રી વિષયક સામયિકના સહતંત્રી બન્યા.

'મનનું કારણ'; રેવેન્યુ સ્ટેમ્પ; દસ્તાવેજ; સુવર્ણમુદ્રા અને રાધા, કુંતી, દ્રૌપદી; એક દિવસ; આકાશમાં તારાઓ ચૂપ છે જેવા ભાવાનુવાદ, ચરિત્ર લેખન, સંપાદન, સંશોધનાત્મક તથા વિવેચનાત્મક પુસ્તકો જયા મહેતાએ આપ્યા છે. વેનીશન બ્લાઈન્ડ, એક આ ખરે પાંદડું કાવ્યસંગ્રહો માટે તેમને ગુજરાત રાજ્ય સરકાર તથા ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા સન્માનવામાં આવ્યા છે.

### સૂર કૃતિનો

પ્રસ્તુત કાવ્યમાં કવયિત્રીનો કૃષ્ણપ્રેમ જણાઈ આવે છે. જૂના જમાનાની સ્ત્રીઓ ગામના કૂવે, સરવણીએ, સરોવરે, નદીના ઘાટ પર કે વીરડા પર પાણી ભરવા જતી, તેનું વર્ણન છે. ગોપીભાવે રચાયેલા આ કાવ્યમાં કૃષ્ણના અસ્તિત્વનો અહેસાસ થાય છે.

ગોપી વિવિધ જલસ્રોતમાંથી એટલે કે વિવિધ સાંસારિક સુખમાંથી પોતાના મનરૂપી ઘડાને ભરવાનો પ્રયત્ન કરે છે પરંતુ તે નિષ્ફળ રહે છે. પણ જ્યાં જમુનાકાંઠે જાય છે ત્યાં તરત જ કૃષ્ણની મોરલીનો નાદ સાંભળવાથી તેના મનરૂપી ઘડો છલકાઈ જાય છે અને કૃષ્ણને પામ્યાનો આનંદ અનુભવે છે.

સૈયર હું તો ગામને કૂવે પાણીડાં ગઈ'તી રે લોલ,
કૂવાના તે જળ ઊંડા કે સીંચણિયું પ્હોંચે નહીં રે લોલ.

સૈયર હું તો નાની સરવણીએ પાણીડાં ગઈ'તી રે લોલ,
સરવણીએ જળ આછાં કે ઘડૂલો કેમ ભરું રે લોલ.

સૈયર હું તો મોટા સરવરિયે પાણીડાં ગઈ'તી રે લોલ,
સરવરિયે ધોળા બગ કે કેવી છળી મરું રે લોલ.

સૈયર હું તો નદિયું ને ઘાટ પાણીડાં ગઈ'તી રે લોલ,
નદિયુંનાં જળ આઘા કે તાપે બળી મરું રે લોલ.

સૈયર હું તો મીઠે વીરડે પાણીડાં ગઈ'તી રે લોલ,
વીરડાંનાં જળ નીતર્યાં કે મુખડું જોયા કરું રે લોલ.

સૈયર હું તો જમુનાજીને કાંઠે પાણીડાં ગઈ'તી રે લોલ,
કાંઠે કાનુડાની વેણુ કે બેડલું છલ્લક ભરું રે લોલ.



## માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કાવ્યના અધ્યાપનની શરૂઆતમાં કોઈ લોકગીત, ગરબો કે પછી કૃષ્ણગીતનું સમૂહગાન કરાવી શકાય અથવા કૃષ્ણ લીલાના વિવિધ પ્રસંગો વિશે ચર્ચા કરી શકાય. ગોકુળ, મથુરા, વૃંદાવન જેવા વિસ્તારોનો માનસિક પ્રવાસ કરાવીને કૃષ્ણ અને ગોપી સંબંધી વાતો કરી શકાય.

વિવિધ પ્રશ્નોના માધ્યમ દ્વારા કાવ્યનો આસ્વાદ કરાવી શકાય. કૃષ્ણની વાંસળીના મધુર સૂરની ગોપીઓ ઉપર થતી અસરનું વર્ણન કરીને વિદ્યાર્થીઓને કાવ્યનો ભાવાર્થ સમજાવી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧.** નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો :

(૧) વાંસળી (૨) શામળિયો (૩) સરિતા (૪) ધવલ

(૫) સખી (૬) નીર (૭) ચહેરો (૮) કિનારો

**સ. ૨.** જોડણીકોશના ક્રમ પ્રમાણે શબ્દો ગોઠવો.

સૈયર, સરવણી, સિંચણિયું, સરોવર

______,______,______,______

**સ. ૩.** કાવ્યમાં વપરાયેલા તળપદા શબ્દો શોધીને લખો.

**સ. ૪.** આપેલા કોષ્ટકમાંથી 'પાણી' ના સમાનાર્થી શબ્દો શોધો. અહીં શબ્દો ઉલટાસુલટા આપેલા છે.

(ળજ, રિવા, રની, લલિસ, બુઅં, ભૂ, કદઉ, યપ)

| | | | | |
|---|---|---|---|---|
| ઉ | જ | પ | યા | જ |
| જા | દ | ય | ળ | ગ |
| ની | ર | ક | બ | અં |
| ર | ત | ભૂ | બુ | વા |
| સ | લિ | લ | આ | રિ |

**સ. ૫.** શબ્દોની અંતાક્ષરી પૂરી કરો :

(૧) નાની → ___ → ___ → ___

(૨) કાનુડો → ___ → ___ → ___

(૩) સૈયર → ___ → ___ → ___

(૪) બગ → ___ → ___ → ___

**સ. ૬.** ગોપી પાણી ભરવા ગઈ હતી તે સ્થળો ક્રમાનુસાર લખો :

ગામને કૂવે → ___ → ___ → ___ → ___

**સ. ૭.** નામ લખો :

(૧) ગોપી છળી મરી તે જગ્યા – ___ (૨) આછા જળવાળી જગ્યા – ___

(૩) આઘા જળવાળી જગ્યા – ___ (૪) નીતરેલા જળવાળી જગ્યા– ___

(૫) કાનુડાની વેણુ વાગે છે તે જગ્યા – ___

**સ. ૮. નીચેના અર્થ દર્શાવતી કાવ્યપંક્તિઓ લખો :**

(૧) નદી દૂર હોવાથી બહુ ગરમી લાગી.

(૨) કૂવાનું પાણી ઊંડું હોવાથી સીંચણિયું પહોંચ્યું નહિ.

(૩) કૃષ્ણની વાંસળી સાંભળતાં જ બેડું છલકાઈ ગયું.

(૪) વીરડાના સ્વચ્છ જળમાં ગોપી મુખડું જોયા કરતી હતી.

**સ. ૯. યોગ્ય પર્યાય શોધી વિધાન પૂર્ણ કરો :**

(૧) કૂવાના જળ ઊંડા હતા તેથી ______________________________

(અ) ગોપી નિરાશ થઈ ગઈ (આ) સીંચણિયું પહોંચ્યું નહિ (ઇ) સહુએ તેને મદદ કરી

(૨) સરોવર કાંઠે ધોળા બગલાં જોઈને ગોપી ______________________________

(અ) આશ્ચર્ય પામી ગઈ (આ) મુગ્ધ બની ગઈ (ઇ) છળી પડી

(૩) વીરડાના નીતર્યા જળ જોઈને ગોપી ______________________________

(અ) મુખડુ જોયા કરતી (આ) પાણી ભરવા લાગી (ઇ) તાપે બળી મરી

**સ. ૧૦. કાવ્યને આધારે ગોપીના મનની સ્થિતિનું વર્ણન કરો.**

**સ. ૧૧. નામ – વિશેષણની જોડી બનાવો.**

| વિભાગ 'અ' – વિશેષણ | વિભાગ 'બ' – નામ |
|---|---|
| (૧) મીઠા | (અ) જળ |
| (૨) આછા | (આ) કૂવા |
| (૩) ઊંડા | (ઇ) બગ |
| (૪) ધોળા | (ઈ) સરવણી |
| (૫) નાની | (ઉ) વીરડા |

**સ. ૧૨. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.**

| | સામાસિક શબ્દ | વિગ્રહ | પ્રકાર |
|---|---|---|---|
| (૧) | હારજીત | | |
| (૨) | | દહીંમાં ભીંજવેલા વડા | |
| (૩) | ત્રિભુવન | | |
| (૪) | | ભાઈ અને બહેન | |

★ **શિક્ષકની મદદથી કવિ હરીન્દ્ર દવેનું 'માધવ ક્યાંય નથી...' કાવ્ય મેળવી વર્ગમાં સમૂહગાન કરો.**

## પ્રકલ્પ

★ તમે જાણતા હો તેવો કૃષ્ણ વિશેનો એક પ્રસંગ સચિત્ર આલેખી ભીંતપત્રક તૈયાર કરો.

## વિશેષવાંચન

### સૂના સરવરિયાને કાંઠડે

સૂના સરવરિયાને કાંઠડે હું બેડલું મેલીને નાહવા ગઈ,
પાછી વળી ત્યારે બેડલું નઈ...
હું તો મનમાં ને મનમાં મુંઝાણી મારી બઈ,
શું રે કહેવું મારે માવડીને જઈ ?
પાછી વળી...
કેટલું રે કહ્યું પણ કાળજું ન ચોર્યું.
ને ચોરી ચોરીને એણે બેડલું રે ચોર્યું.
ખાલીખમ બેડલાથી વળે નહીં કંઈ...
પાછી વળી...
નીતરતી ઓઢણીને નીતરતી ચોળી,
ને બેડલાનો ચોર મારે કેમ લેવો ખોળી ?
દઈ દે મારું બેડલું મારા દલડાને લઈ....
પાછી વળી...

– અવિનાશ વ્યાસ

## સ્વાધ્યાય

સ. ૧. કાવ્યનો મધ્યવર્તી સાર લખો.

સ. ૨. કાવ્યની નાયિકાને થતી મૂંઝવણ તમારા શબ્દોમાં લખો.

6YFHB5

મનુષ્ય પોતાનાં કાર્યોનો કર્તા છે; અને તેથી તે પોતાના ચારિત્ર્યનો ઘડનાર છે.

# ૬. કેવળ પ્રેમ, પ્રેમ ને પ્રેમ


**મુકેશ જોશી**

મુકેશ દુર્ગેશભાઈ જોશીનો જન્મ ૨ ઑક્ટોબર, ૧૯૬૪ના રોજ પાલનપુરમાં થયો હતો. સાબરકાંઠા જિલ્લાના ઈડરમાં આવેલું વડાલી ગામ તેમનું વતન છે. પ્રાથમિક શિક્ષણ મોડાસામાં લઈ ડિપ્લોમા સિવિલ એન્જિનિયર બનનાર મુકેશભાઈની કર્મભૂમિ મુંબઈ છે.

મુકેશભાઈના ગીતો વધુ પ્રચલિત છે. ગુજરાતી ફિલ્મો અને સિરિયલો માટે પણ તેમણે ગીતો લખ્યા છે. 'કાગળને પ્રથમ તિલક' અને 'બે પંક્તિનું ઘર' તેમના કાવ્યસંગ્રહો છે. આઈ.એન.ટી. મુંબઈ તરફથી તેમને 'શયદા' એવૉર્ડ, ઉપરાંત 'જયંત પાઠક' એવૉર્ડ, સાહિત્ય અકાદમી એવૉર્ડ, હરીન્દ્ર દવે એવૉર્ડ, ગુજરાત સરકાર તરફથી શ્રેષ્ઠ ગીતકારનો એવૉર્ડ વગેરે સન્માન પ્રાપ્ત થયા છે.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત કાવ્યમાં કવિએ માણસાઈ દાખવવાની વાત કરી છે. તિરસ્કાર, ઘૃણાને ત્યજીને કવિએ 'ચાહવાની' વાત કરી છે. ફળોને તાજા રાખવા માટે ફ્રીઝમાં મૂકીએ છીએ કે જેથી બગડી ન જાય... પણ આપણા વિચારોનું શું ? રોજિંદા જીવનમાં આપણે 'ગમતાંનો ગુલાલ' કરવો જોઈએ. દંભ અને દેખાડો કરવાને બદલે પ્રત્યેક માનવીને ચાહવાની વાત કરી છે. કશુંક છોડી દીધા પછી પણ ઘણું બધું મેળવ્યાનો સંતોષ હોવો જોઈએ. રોજેરોજ જીવાતી જિંદગીને જીવનમાં એકરસ કરવાની માણસાઈ માણસમાં હોવી જોઈએ એવું અહીં વ્યક્ત થાય છે.



સૂરજને ગુડ મોર્નિંગ કહેવાનું શીખો
ને ઝૂકીને ચાંદને સલામ ભરો.
બીજાં તો કામ કરે ઉપરવાળો
તમે માણસને ચાહવાનું કામ કરો.
તાજા દેખાવાની લ્હાયમાં
જાત તમે સંતાડી રાખો કા ફ્રીઝમાં ?
બારીની બહાર કદી ડોકિયું કરો
આભા મલકે છે એકમ કે બીજમાં.
ઘરમાં નહીં કે નહીં હોટેલમાં
કોઈની પાંપણમાં રેશમી મુકામ કરો.
તમે માણસને ચાહવાનું કામ કરો.
અફલાતૂન સાંજ દિયો કડકડતી ભેટમાં;



છલકાવો કોઈની પિયાલી,
જાગીને જોશો તો ચહેરા પર દેખાશે
જીવ્યાની જાહોજલાલી;
ગાવામાં, ચાહવામાં, છાપવામાં, આપણામાં
ક્યાંક તો પોતાનું નામ કરો.
તમે માણસને ચાહવાનું કામ કરો.

### માર્ગદર્શક સ્તંભ

અધ્યાપનની શરૂઆતમાં દરરોજ સવારથી લઈને સાંજ સુધીની દિનચર્યા વિષે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી શકાય. નાના-મોટાને મળતી વખતે કેવી રીતે શુભેચ્છા વ્યક્ત કરી શકાય તે વિષે ચર્ચા કરી શકાય. મનમાં રહેલી શંકા-કુશંકા, ખરાબ વિચારો, પૂર્વગ્રહને ત્યજીને હકારાત્મક દૃષ્ટિકોણ અપનાવવાની વાત કરી શકાય. બાળકોને ગમતાંનો ગુલાલ કરવા અને બીજાને મદદરૂપ થવા પ્રેરિત કરી શકાય. કુદરતી રીતે જીવવા કૃત્રિમતાથી દૂર રહેવાની વાત કરી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલાં શબ્દો શોધો :**

(૧) તેજ (૨) ચંદ્ર (૩) પડાવ (૪) સમૃદ્ધિ
(૫) મુખ (૬) બક્ષિસ (૭) રવિ (૮) સર્વશ્રેષ્ઠ

**સ. ૨. કાવ્યમાંથી પ્રાસવાળા શબ્દોની જોડી શોધીને લખો.**

**સ. ૩. શબ્દોની અંતાક્ષરી પૂરી કરો :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | જાહોજલાલી → | લીના → | નારાજ → | જતીન → | નપાવટ |
| (૨) | લહાય → | → | → | → | |
| (૩) | રેશમી → | → | → | → | |
| (૪) | સૂરજ → | → | → | → | |
| (૫) | તાજાં → | → | → | → | |

**સ. ૪. ઉદાહરણ પ્રમાણે કોષ્ટકમાંથી શબ્દો શોધીને લખો.**

દા.ત. સવાર - સાંજ
(૧) ધરતી - ________________
(૨) વાસી - ________________
(૩) ઊંઘવું - ________________
(૪) અંદર - ________________

| | | | |
|---|---|---|---|
| જા | ગ | વું | હ |
| આ | ભ | ની | સાં |
| ફ | જે | તા | જ |
| તા | મ | જાં | માં |
| બ | હા | ર | જા |

સ. ૫. કાવ્યમાં વપરાયેલા અન્ય ભાષાના શબ્દો લખો.

સ. ૬. 'જાહોજલાલી' શબ્દમાંથી બની શકે તેટલાં નાના નાના શબ્દો બનાવો.

સ. ૭. યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો :

(૧) ક્યાંક તો પોતાનું નામ કરો; તમે માણસને ________________

(અ) ભૂલવાનું કામ કરો (આ) ચાહવાનું કામ કરો (ઇ) વઢવાનું કામ કરો


(૨) સૂરજને ગુડ મોર્નિંગ કહેવાનું શીખો ને ઝૂકીને ________________

(અ) ચાંદને સલામ કરો (આ) તારાને સલામ કરો (ઇ) સૂરજને સલામ કરો

(૩) જાગીને જોશો તો ચહેરા પર દેખાશે ________________

(અ) શહેરની જાહોજલાલી (આ) ચહેરાની જાહોજલાલી (ઇ) જીવ્યાની જાહોજલાલી

સ. ૮. યોગ્ય રીતે જોડો :




સ. ૯. યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :

(૧) તાજાં દેખાવાની લહાયમાં જાત તમે સંતાડી રાખો કાં ________________ માં ?

(અ) મન (આ) ફ્રીઝ (ઇ) ઘર

(૨) ________________ મલકે છે એકમ કે બીજમાં.

(અ) ચહેરો (આ) ચાંદ (ઇ) આભા

(૩) અફલાતૂન ________________ દિયો કડકડતી ભેટમાં

(અ) બપોર (આ) સવાર (ઇ) સાંજ

સ. ૧૦. કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં સમજાવો.

સ. ૧૧. કૌંસમાં આપેલી સૂચના મુજબ કાળપરિવર્તન કરો :

(૧) મમ્મીએ સ્વાદિષ્ટ શાક બનાવ્યું. (ભવિષ્યકાળ) (૨) નદીમાં ઘણું પૂર આવ્યું છે. (ભૂતકાળ)

(૩) દરિયો આનંદની છોળો ઉડાડતો હતો. (વર્તમાનકાળ) (૪) મામા આવશે તો મજા આવશે. (વર્તમાનકાળ)

સ. ૧૨. આપેલાં વિધાનોમાં યોગ્ય ઠેકાણે વિરામચિહ્નો મૂકો.

(૧) બેટા એ બધાં જુદા જુદા ધર્મ પાળે છે
(૨) તેણે ચોરને પૂછ્યું શા માટે આવ્યો છે
(૩) પૂનમ ભરતી ઓટ અમાસ વગેરે બાબતોની માહિતી મેળવવી
(૪) તેણે ક્યો ડ્રેસ પહેર્યો હતો

સ. ૧૩. તમે ઘરના વડીલ વ્યક્તિ છો, ઘરના નાનાં સભ્યો તરફથી તમને કેવી વર્તણૂંકની અપેક્ષા છે તે વર્ગમાં કહો.

## પ્રકલ્પ

★ મુકેશ જોશી જેવા કોઈપણ બે સાંપ્રત કવિઓની કવિતા ઇન્ટરનેટ પરથી શોધી સુંદર અક્ષરે ચાર્ટ બનાવી વર્ગમાં મૂકો.

## પદ્ય વિશ્લેષણ

★ આ કાવ્યના કવિનું નામ, કાવ્ય પ્રકાર, કાવ્યનો સંદેશો લખો.

## રસાસ્વાદ

★ નીચેની કાવ્યપંક્તિનો રસાસ્વાદ કરાવો.

જીવ્યાની જાહોજલાલી;
ગાવામાં, ચાહવામાં, છાપવામાં, આપણામાં
ક્યાંક તો પોતાનું નામ કરો.
તમે માણસને ચાહવાનું કામ કરો.

## લેખન કૌશલ્ય

★ વીજળી / પાણી બચાવોની જાહેરખબર તૈયાર કરો.

## વિશેષ વાંચન

### માણેકડું

કાળિયો કુંભાર, ઘેર ગધેડાં છે બાર, એમાં એક છેક અડિયલ માણેકડું નામનું.
ખડ ખૂબ ખાય તો ય ભાર ઊંચકાય નહિ, કાળિયાને લાગે નહીં કદી કશા કામનું.
કાળિયો બિચારો કોટિ ઉપાય વિચારે, ડીફાં, દસ વીસ મારે, પણ માને જડ જાત રે ?
આખર ઉપાય મળ્યો એક અચાનક જ્યારે, ગાજર દેખીને દોડ્યું માણેકડું ખેતરે !
લાંબી એક લાકડીને માણેકની પીઠે બાંધી, લટકાવી દીધાં ચાર ગાજર જયાં મોખરે,
લાલચે લોભાઈ દોડે માણેક બિચારું હવે, રોજ ખેંચે બોજ ! પામે ગાજર ના એક રે !
કાળિયાની જુગતીથી લોક બહુ રાજી થાય, વિમાસું હું માણેકનું દેખી મોં દયામણું,
આપણે ન દોડી રહ્યાં ગાજરની લાલચે જ ? કો'કે લટકાવ્યું સામે સપનું સોહામણું !

– વિનોદ અધ્વર્યુ

## સ્વાધ્યાય

સ. ૧. 'આપણી સ્થિતિ પણ માણેક જેવી જ છે' વિશે તમારા વિચારો જણાવો.

સ. ૨. કાળિયા કુંભારે કરેલી યુક્તિને તમારા શબ્દોમાં વર્ણવો.

6YPDCS

દુ:ખો, બેચેની અને દિલગીરી એ જીવનના પડછાયા છે.

# ૭. હે મુજ માતૃભૂમિ !

## ફકીર મહંમદ મન્સૂરી

ફકીર મહંમદ જમાલભાઈ મન્સૂરીનો જન્મ ૧૦ ડિસેમ્બર, ૧૯૨૬ના રોજ ઘીણોજમાં થયો હતો. એમ.એ., બી.એડ. થયા પછી પ્રાધ્યાપક તરીકે કાર્યરત રહ્યા. વલ્લભવિદ્યાનગરમાં સ્થાયી થઈ ત્યાંની જ નલિની-અરવિંદ એન્ડ ટી. વી. પટેલ આર્ટસ્ કોલેજમાં અધ્યાપન કાર્ય કર્યું. તેમના કાવ્યસંગ્રહ ‘ઈજન’ માટે તેમને ૧૯૬૮માં ગુજરાત સરકાર દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યા હતાં. ‘કાવ્યમધુ’ તથા ‘કાવ્ય પરિમલ’ નામે તેમણે સહસંપાદનના પુસ્તકો પણ આપ્યા છે.

## સૂર કૃતિનો

માતૃભૂમિની વંદનાનું આ કાવ્ય છે. માતૃભૂમિને સંબોધીને રચાયેલા આ દેશભક્તિગીતમાં કવિનો માતૃભૂમિ પ્રત્યેનો અહોભાવ અને તન્મયતાનો ભાવ વ્યક્ત થયો છે. ભારતભૂમિને મળેલા ભવ્ય અને તેજસ્વી વારસાનો કવિને સ્વાભાવિક જ ગર્વ છે. માતૃભૂમિની માટી પણ મઘમઘતી છે. સંતોનો અમૂલ્ય વારસો અને ક્રાંતિકારી શહીદોની આ પાવન ભૂમિ માટેની વાત કાવ્યમાં વ્યક્ત થયેલી છે. કાળની થપ્પડો સામે પણ ઝઝૂમતી માતૃભૂમિમાં દૈવીઅંશ રહેલો છે, તેવું કવિ કહે છે.

હે મુજ માતૃભૂમિ !
રગરગના પ્રતિસ્પંદનમાં બસ તું જ રહી છે ઘૂમી ! હે ૦

કણ માટી તારી, ગરવા
ભૂત થકી મઘમઘતી,
નર્યાં તેજનાં સિંચન પામી
મોતી શી ઝગમગતી !
રોમ-રોમ પુલકિત અમ થાતાં લેતાં તવ પદ ચૂમી ! હે ૦

તે જ ભાનુના ભર્ગના જગતે
પ્રથમ ઋચા લલકારી,
ભેટ ધર્યા તે કવિ યુગંધર
સંતો સૌ અલગારી !
વિભવ વૃષ્ટિથી ધન્ય ધરા જ્યાં મધુરપ લૂમી-ઝૂમી ! હે ૦

લીલાં મસ્તક જહીં વધેરી
રળી શહીદી રાતી !



કર કોમળ કંકણવંતાએ
ધરી તેગ જ્યાં તાતી !
કાળથપાટો કૈંક જીરવી, દૈવતવાળી ભૂમિ ! હે ૦

**માર્ગદર્શક સ્તંભ**

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવતા પહેલા માતૃભૂમિના અમૂલ્ય વારસાની ચર્ચા કરી શકાય. દેશના ભૂતકાળમાં થઈ ગયેલી મહાન વિભૂતિની ચર્ચા કરી શકાય. વર્તમાન કાળમાં કાર્યરત નેતાઓની ચર્ચા કરી માહિતી વિદ્યાર્થીઓ પાસેથી મેળવી શકાય. દેશની પ્રગતિમાં સંત, મહંત, વેદ-ઉપનિષદ, શહીદો વગેરેએ કરેલાં યોગદાનની વાતોથી દેશાભિમાનનું વાતાવરણ સર્જી શકાય. કાવ્યની પંક્તિઓ વિશે ચર્ચા કરાવી શકાય. દેશભક્તોના ત્યાગની વાતોથી દેશાભિમાનનું વાતાવરણ સર્જી શકાય. સ્વતંત્રતાનું મૂલ્ય સમજાવી શકાય. વિવિધ ક્ષેત્રમાં દેશની થયેલી પ્રગતિની વાતોની ચર્ચા કરી દેશની ગૌરવગાથા જણાવી વિદ્યાર્થીઓનાં નૈતિકમૂલ્યો ઉજાગર કરી શકાય અને દેશભાવના કેળવી શકાય.


★ નોંધ : ભર્ગ એટલે તેજ.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલાં શબ્દો શોધો :**

| | | | |
|---|---|---|---|
| (૧) આનંદિત | (૨) વૈભવ | (૩) તલવાર | (૪) પૃથ્વી |
| (૫) વર્ષા | (૬) મનમોજી | (૭) માથું | (૮) નસ |

**સ. ૨. જોડી બનાવો.**




**સ. ૩. શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો.**

(૧) વેદની કાવ્ય કડીઓ - _______________

(૨) યુગને ધારણ કરનાર - _______________

(૩) કાળે ઝીંકેલી આફતો - _______________

(૪) કોઈ મહાન હેતુ માટે પ્રાણનો ભોગ આપનાર - _______________

**સ. ૪. કાવ્યમાં આવતાં પ્રાસયુક્ત શબ્દ લખો.**

**સ. ૫. શબ્દોની અંતાક્ષરી પૂરી કરો :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) લહાય → | → | → | → | → | |
| (૨) પુલકિત → | → | → | → | → | |
| (૩) પ્રથમ → | → | → | → | → | |
| (૪) જીરવી → | → | → | → | → | |

**સ. ૬. જાણીતાં નામ લખો.**

(૧) ______ – શહીદ
(૨) ______ – વીરાંગના
(૩) ______ – વેદ
(૪) ______ – સંત
(૫) ______ – કવિ

**સ. ૭. રૂઢિપ્રયોગનો અર્થ લખી વાક્ય બનાવો.**

(૧) રોમ રોમ પુલકિત થવું.
(૨) અવાજ ભીનો થઈ જવો.
(૩) અંજાઈ જવું
(૪) ગુજારો કરવો.

**સ. ૮. કાવ્યના આધારે ખૂટતો શબ્દ લખી વાક્ય પૂર્ણ કરો.**

(૧) માટીના કણ કણ માતૃભૂમિના ______________ ભૂતકાળથી મઘમઘે છે.
(૨) માતૃભૂમિ તેજના છટકાવથી ______________ જેમ ઝગમગે છે.
(૩) વેદની કાવ્યની કડીઓને ______________ કહે છે.
(૪) માતૃભૂમિની રક્ષા કાજે કંકણ પહેરેલાં કોમળ હાથે ______________ ધારણ કરી છે.
(૫) માતૃભૂમિ અનેક આફતો જીરવીને ______________ ભૂમિ બની છે.

**સ. ૯. પ્રસ્તુત કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.**

**સ. ૧૦. નમૂના પ્રમાણે પ્રશ્નો બનાવો.**

દા.ત. રગરગના પ્રતિસ્પંદનમાં બસ, તું જ રહી છે ઘૂમી → માતૃભૂમિ ક્યાં ઘૂમી રહી છે ?

(૧) રોમ-રોમ પુલકિત અમ થાતાં લેતાં તવ પદ ચૂમી.
(૨) વિભવવૃષ્ટિથી ધન્ય ધરા.
(૩) તે જ ભાનુના ભર્ગની જગતે પ્રથમ ઋચા લલકારી.
(૪) નર્યાં તેજનાં સિંચન પામી મોતી શી ઝગમગતી.
(૫) કાળ થપાટો કૈંક જીરવી દૈવતવાળી ભૂમિ.

**સ. ૧૧. વિશેષણ સાથે નામની યોગ્ય જોડી બનાવો.**

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| **વિશેષણ** | **નામ** |
| (૧) થનગનતા | (અ) તારલા |
| (૨) મઘમઘતાં | (આ) મોતીડાં |
| (૩) ઝગમગતા | (ઇ) મોરલાં |
| (૪) ટમટમતાં | (ઈ) ફૂલડાં |

સ. ૧૨. સંધિ જોડો :

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | વાત | + | આવરણ | = __________ | (૨) | રૂપ | + | અંતર | = __________ |
| (૩) | ચિંતા | + | આતુર | = __________ | (૪) | ન્યાય | + | આલય | = __________ |
| (૫) | નિજ | + | આનંદ | = __________ | (૬) | વિદ્યા | + | આલય | = __________ |
| (૭) | હરિ | + | ઈશ | = __________ | (૮) | પરમ | + | અર્થ | = __________ |
| (૯) | પુસ્તક | + | આલય | = __________ | (૧૦) | ચરણ | + | અમૃત | = __________ |

## પ્રકલ્પ

★ પુસ્તકાલયમાંથી દેશપ્રેમને લગતાં બે અન્ય કાવ્યો મેળવી વર્ગના બુલેટીન બોર્ડ પર લગાડો.

## લેખન કૌશલ્ય

★ નીચે આપેલા મુદ્દા પરથી વાર્તા તૈયાર કરી યોગ્ય શીર્ષક આપો.

એક પિતાને બે પુત્ર – ભાગ માગીને નાનાનું છૂટા પડવું – દેશાવર જઈ નાનાનું બેહાલ થવું – ઘેર પાછા ફરવાનો વિચાર થવો – ઘેર પાછા ફરવું ને પિતાની માફી માગવી – પિતાનો ઉદાર વર્તાવ – મોટાને ખોટું લાગવું – પિતાની સમજાવટ – બોધ.

## વિશેષ વાંચન

### અમે તો વસુંધરાના વીર

અમે તો વસુંધરાના વીર ! અમારો ધર્મ : થવું રણધીર !
લાડઘેલી જનનીના જાયા ! લાડકવાયા લગીર !
શિરછત્ર વત્સલ વિભુવરના – અમે કુમાર સગીર ! અમે તો...
ત્રિવિધિ તાપથી સિદ્ધ અમારાં – ઉદ્દીપક ઉર-વીર !
આત્મ-ઉજાસભર્યાં આશા બળ – ઘૂઘવે અમ ગંભીર ! અમે તો...
મ્લાન પ્રાણને પ્રફુલ્લ કરિયે : બનાવિયે નરવીર !
લહરીમય ઉછળી વિહરિયે, બની સ્થિર ધીર સમીર ! અમે તો...

– જન્મશંકર મહાશંકર બૂચ (લલિત)

## સ્વાધ્યાય

સ. ૧. કાવ્ય વાંચીને તમને થયેલી અનુભૂતિ વર્ણવો.

સ. ૨. ‘વસુંધરાના વીર’ માટે ત્રણથી ચાર લીટી લખો.

6YY9EF

જે તમને બીજામાં ન ગમતું હોય, એ તમે તમારામાં પણ ન રહેવા દો.

# ૧. જૂના મહારાષ્ટ્રની ખંડેર રાજધાની

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

મહારાષ્ટ્રના સતારામાં ગૌડ સારસ્વત બ્રાહ્મણની જ્ઞાતિમાં જન્મ થયો હતો. તેથી તેમની માતૃભાષા મરાઠી, કેળવણી મરાઠી, કાનડી અને અંગ્રેજી ભાષાના માધ્યમ દ્વારા થઈ. તે છતાં કાકાસાહેબના હૃદયનાં છલોછલ ઊભરાતાં કાવ્યનાં પૂર તો ગુજરાતી ભાષામાં જ વહ્યાં એ ગુજરાતી ભાષાનું એક મહદ્ સદ્ભાગ્ય છે. એ વહને ગુજરાતી ભાષાની પ્રવાસ અને નિબંધસાહિત્યની મોટી ખોટ તો પૂરી જ છે, તેમજ તેમના પુસ્તકોએ ગુજરાતી ભાષાની સંસ્કાર સમૃદ્ધિ અને કલા સમૃદ્ધિમાં અત્યંત મહત્ત્વનો વધારો કર્યો છે.

ગાંધીજીના અંતેવાસી તરીકે જાણીતા કાકાસાહેબને ગાંધીજીએ 'સવાઈ ગુજરાતી'નું બિરુદ પણ આપ્યું હતું. તેઓ એક સર્જક, કેળવણીકાર અને પ્રવાસના શોખીન હતા. અને તેને પરિણામે તેમની ચિત્રાત્મક વર્ણનશક્તિ, મુગ્ધ પ્રકૃતિપ્રેમ, સંસ્કારી વિનોદવૃત્તિ, બારીકાઈથી નિરીક્ષણ કરવાની આવડત તેમના પ્રવાસવર્ણનના નિબંધોની આગવી વિશિષ્ટતા રહી છે. 'હિમાલયનો પ્રવાસ', 'રખડવાનો આનંદ', 'જીવનનો આનંદ', 'લોકમાતા', 'મારી સ્મરણયાત્રા' તેમના જાણીતાં પુસ્તકો છે.

**સૂર કૃતિનો**

જૂના મહારાષ્ટ્રની એક વખતની રાજધાની ગણાતી પૈઠણ નગરીનું આ નિબંધમાં વર્ણન છે, જે એ સમયે 'પ્રતિષ્ઠાન' તરીકે ઓળખાતી. ગોદાવરી નદીના કાંઠે વસેલી આ નગરીનું લેખકે ઉચ્ચતમ મૂલ્ય આંક્યું છે. વળી પૈઠણની પ્રખ્યાત કલાત્મક સાડીની વાત કરી લેખકે તેના કારીગરોની વ્યથાને વર્ણવી છે. તેઓના ઉદ્યમી, ખંતીલા અને મહેનતુ, લોકોની માત્ર કદર ન કરતા તેમના તરફ સહાનુભૂતિ દાખવી છે. કોઈ સમયના જાહોજલાલીમાં રાચતા પૈઠણની આજની દૈન્ય દશા પ્રત્યે લેખકે આ નિબંધમાં અફસોસ વ્યક્ત કર્યો છે.

પૈઠણ એટલે મહારાષ્ટ્રનું કાશી, મહારાષ્ટ્રનું એક વખતનું સંસ્કૃત વિદ્યાનું પિયર. સ્વધર્મી રાજાનું જ્યારે કૃપાછત્ર હોય છે ત્યારે સમાજ કેવો ફૂલે છે, ફાલે છે એનો દાખલો જોવો હોય તો આજે પણ ઇતિહાસ સંશોધકની નજર પ્રાચીન પ્રતિષ્ઠાન તરફ જાય છે.

મહારાષ્ટ્રના ઇતિહાસનો પ્રારંભ શકકર્તા શ્રીશાલિવાહન અથવા સાતવાહનથી થાય છે. આજે જેમ ગાંધીજી વિષે આપણે કહીએ છીએ કે એમણે મામૂલી માટીમાંથી માણસો બનાવ્યાં અને મુડદાલ રાષ્ટ્રને જીવતું કર્યું. તેમ શાલિવાહન વિષે પણ દંતકથા કહે છે કે એની પાસે સંજીવની - વિદ્યા હતી, માટીનો ગારો તૈયાર કરી એમાંથી એ ઘોડા અને ઘોડેસવાર તૈયાર કરતો. તરત એ માટીનાં પૂતળાં જીવતાં થઈ, દેશના શત્રુ સામે લડવા તૈયાર થતાં. શાલિવાહન પાસે પૂતળાં બનાવવાની કુંભારની વિદ્યા હતી, અને એ પૂતળાંઓને જીવતાં કરવાની સંજીવની વિદ્યા હતી. એણે દેશમાં ઘૂસી આવેલા ગ્રીક યવનોનો પરાભવ કર્યો અને દેશમાં સ્વાતંત્ર્યની પુનઃસ્થાપના કરી, એ શાલિવાહનના નામથી જે 'શક' શરૂ થયો તે જ આજે પણ મહારાષ્ટ્રમાં ચાલે છે. 'વિક્રમ સંવત' રેવાયાઃ ઉત્તર તીરે અને 'શાલિવાહન

શક' નર્મદાને કે ગોદાવરીને દક્ષિણ તીરે, એવી જૂની વ્યવસ્થા આજે પણ પળાય છે. એ શાલિવાહનની રાજધાની તે પ્રતિષ્ઠાન – આજનું પૈઠણ. દેશપરદેશના અનેક લોકોએ એની જાહોજલાલીનો ઉલ્લેખ કરેલો જડે છે.

મૂળે ગોદાવરીનો કાંઠો પવિત્ર અને ફળદ્રુપ; ત્યાં નદીનો એક રૂપાળો વળાંક જોઈ ઊંચાણવાળી જમીન ઉપર પૈઠણ વસાવેલું છે.

જે સ્થાન રાજધાની તરીકે લાંબા વખત સુધી પંકાયું ત્યાં વણકરો, સોનીઓ, ગાયકો અને પંડિતો ભેગા થવાના જ. એ રીતે પૈઠણ પણ સંસ્કૃતિનું એક મોટું કેન્દ્ર બન્યું અને સોપારા, ભૃગુકચ્છ વગેરે પશ્ચિમ કિનારાનાં બંદરો સાથે એનો વેપાર વધ્યો.

એ જ પૈઠણમાં સંન્યાસીનાં બાળકો નિવૃત્તિનાથ, જ્ઞાનદેવ, સોપાનદેવ, અને મુક્તાબાઈ થઈ ગયાં. એ ભાઈબહેનોએ ત્યાર પછી અહીં ધાર્મિક જીવનનો આચાર અને પ્રચાર દ્વારા ઉદ્ધાર કર્યો અને વિસ્તાર પણ કર્યો.

આ જ પૈઠણમાં ધર્માત્મા એકનાથે પોતાનો લીલા વિસ્તાર જીવી બતાવ્યો. એમના પૌત્રો અને પછી મુક્તેશ્વર મરાઠીનો એક અસાધારણ ખ્યાતિવાળો કવિ થઈ ગયો. મરાઠી સાહિત્યમાં જો સદાચારનું સર્વોત્કૃષ્ટ અને રસાળ વર્ણન વાંચવું હોય તો ભાગવતના એકાદશ સ્કંધનું એકનાથ મહારાજે લખેલું વિવરણ વાંચવું. અને મરાઠીની કાવ્યશક્તિનો ઉત્કર્ષ જોવો હોય તો મુક્તેશ્વરની કવિતા વાંચવી. જ્ઞાનેશ્વર પછી આટલા મોટા કવિ મહારાષ્ટ્રમાં બહુ ઓછા થયા છે એમ કહી શકાય.




'શિવદિન કેસરી'ની કવિતા પણ મહારાષ્ટ્રને મોઢે છે. એ શિવદિન કેસરીનો મઠ પણ પૈઠણમાં જ છે.

બીજું કશું ન હોત તોયે ગોદાવરીના કાંઠા તરીકે પૈઠણની પવિત્રતા છે જ. પણ જો પ્રાચીન અને મધ્યયુગીન ઇતિહાસ તપાસીએ તો પૈઠણ મહારાષ્ટ્રના બીજા કોઈ પણ સ્થાન કરતાં મહત્ત્વમાં ઊતરે એમ નથી.

પૈઠણ જવા માટે અમે ઔરંગાબાદથી મોટરમાં ઊપડ્યા. બપોરના બે વાગ્યા હશે. ત્રીસ માઈલની મુસાફરી દોઢેક કલાકમાં પૂરી કરી. સ્ટેશનેથી નીકળ્યા અને સામે એક લાંબો પહોળો પહાડ અમારી સાથે વાતો કરવા લાગ્યો. એની બાજુએથી અમે આગળ વધ્યા ત્યારે જોયું કે એની પહોળાઈ પણ લંબાઈ જેવી જ વિસ્તીર્ણ છે. એટલે કે અહીં બે લાંબા પહાડોનો કાટખૂણો થતો હશે. અહીંની જમીન છે જ રળિયામણી કે આ મોસમને લીધે બધે લીલાલહેર દેખાય છે એની તપાસ આપણે શા માટે કરીએ ! મળે છે તે આનંદ મેળવીને આગળ જવામાં જ ડહાપણ છે.

પૈઠણ પાસે પહોંચ્યા અને ત્યાં, શહેર આવે તે પહેલાં જ, જમણી બાજુએ નદીને કિનારે એકનાથ મહારાજની સમાધિ અમે જોઈ. એકાદશીનો દિવસ, ત્યાં અનેક વારકરી યાત્રીઓ આવ્યા હતા. અમે અંદર ગયા, ખૂબ ભક્તિભાવથી આંગણામાં પ્રવેશ કર્યો.

અમે શહેરમાં ગયા ત્યાં સૌથી પહેલાં ગોદાવરીને કાંઠે જઈ માતાના શીતળ જળમાં પગ મૂકી શાતા મેળવી અને ઘાટ ઉપર પલાંઠી વાળીને માતાનું ધ્યાન ધર્યું. જળ-દર્શનનો લહાવો લઈ અમે ઉપર આવ્યા, ત્યાં એક બાજુ માટીમાં દટાઈ ગયેલી પુરાણી વસ્તીનું ખોદાણ થયું છે એ અમે જોઈ આવ્યા. સિંધમાં 'મોંહે-જો-દડો'ની શોધ થયા પછી ને અશોકના પાટલીપુત્રના પ્રાસાદની બિહાર-પટણા પાસે શોધ થયા પછી, અથવા કાશ્મીરની પ્રાચીન રાજધાની અનંતપુરને જમીનમાંથી ખોદી કાઢ્યા પછી આવા ખોદાણમાં દુનિયાનો રસ વધવા માંડ્યો છે. ખોદીને જડેલી વસ્તુઓ પુરાતત્ત્વખાતું હૈદરાબાદ લઈ ગયું છે. એટલે અમને તો ખોદાણ જોયાનો જ સંતોષ મળ્યો.

પૈઠણમાં પ્રાચીન કાળના ભવ્ય મકાનોનાં ખંડેરો જ્યાં ત્યાં જોવાને મળે છે. એ મકાનોની બાંધણી, એના લાકડાં, એના ઉપરનું કોતરકામ-બધું જ આકર્ષક અને અધ્યયન યોગ્ય છે. જાહોજલાલી એટલે શું, અને તેનો વિનાશ કેવો દેખાય છે એ જાણવા માટે જરૂર એક વાર પૈઠણ જવું જોઈએ.

શહેરમાં જ્યાં એકનાથ મહારાજ રહેતા હતા ત્યાં એમનું મંદિર છે. એ મંદિરમાં એક બાજુએ એક ઊંડો અને અંદરથી પહોળો કૂવો છે. કૂવાનો અનુભવ એવો છે કે એકનાથ મહારાજની પુણ્યતિથિ પહેલાં આઠ-પંદર દિવસ લોકો નદી ઉપરથી ઘડા ભરીભરીને પાણી લઈ આવી આ કૂવામાં રેડે છે. ગમે તેટલું પાણી રેડો, કૂવો ભરાય નહીં, પણ નાથ ષષ્ઠીનો દિવસ આવી ગયો કે કૂવો એકાએક ભરાઈ જઈ ઊભરાવા માંડે છે અને પછી હજારો લોકોને પાણી પાવા છતાં એ પાણી જરા પણ ઓછું થતું નથી.

પૈઠણની પ્રખ્યાત જરીની કારીગરી જોવા ગયો. આઠ કલાકની મહેનતને અંતે છ ઇંચ પહોળી કિનારી એકાદ ઇંચ આગળ વધે છે. ચાંદીના અથવા સોનાના ધાગા વડે વેલપત્તી, પોપટ, મોર વગેરેની કિનાર એ લોકો વણી આપે છે. ત્યાં એક કહેવત છે.

''बोटभर विणावें आणि पोटभर खावें.''

(આંગળીઓથી વણાટ કરો અને પેટભરી જમો.)

આ કારીગરી જોઈને કારીગર વિષે અભિમાન અને દયા બન્ને લાગણી એક સામટી મનમાં ઉદ્ભવે છે. કેટલી ધીરજ અને કેટલી ખૂબીથી આ લોકો વણે છે. અને જરાય ભૂલ વગર સરસ આકૃતિઓ જીવતી કરે છે. પણ આટલી મહેનત કરીને અંતે એનું ફળ શું ? કારીગરને બિચારાને ફક્ત પૈસા સાથે મતલબ. પછી એ કલાકૃતિ પોતાની ઝાકળ જેવી ઝીણી અને ફૂલ જેવી હલકી સાડી સાથે સીવી દઈ પોતાનું નિરર્થક જીવન સુખમાં કે દુઃખમાં વ્યતીત કરતી અંતઃપુરવાસિની એવી કોઈ રાજકન્યા એને પહેરવાની, એની થોડીક સખીઓ એની કદર કરવાની અને એ બિચારીને કોઈ શોક્ય હોય તો તે અદેખાઈથી બળી મરવાની.

પૈઠણ વિષે નાનપણથી કેટલુંય કાવ્ય સેવ્યું હતું. એની શેરીઓનાં કેટલાંય ચિત્રો, ભિન્ન ભિન્ન વખતની કલ્પનાએ, ભિન્ન રીતે ચીતર્યાં હતાં. અંતે એ પૈઠણ આ ઉંમરે જોઈ લીધું. મકાનનાં ખંડેરો અને ગોદાવરીના પ્રવાહની તાજગી- જીવન અને મૃત્યુના વિરોધ જેવાં જ દેખાતાં હતાં.

**માર્ગદર્શક સ્તંભ**

આ કૃતિનું અધ્યાપન કરાવતા પહેલા વિદ્યાર્થીઓએ જોયેલા ઐતિહાસિક સ્થળો વિશે ચર્ચા કરી શકાય. વિદ્યાર્થી પોતાની નિરીક્ષણશક્તિ અને કલ્પનાશક્તિ દ્વારા કઈ રીતે પોતાના વિચારો વ્યક્ત કરે છે, તે જાણવા વૈચારિક પ્રશ્નો પૂછી શકાય. આજના યુગમાં ખાસ જાણીતા સ્થળો સિવાય લોકો ફરવા જવાનું પણ ટાળે છે. ત્યારે આજનું બાળક નાનામાં નાની બાબતનું પણ નિરીક્ષણ કરતા શીખે તે જરૂરી છે. અને વાસ્તવિકતાનો સ્વીકાર કરવાની આદત કેળવે તે માટે બાળકને પ્રેરિત કરી શકાય.


## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) શરૂઆત (૨) મૂર્તિ (૩) પુનિત (૪) વિકાસ

(૫) જૂની (૬) કિનારો (૭) ધૈર્ય (૮) ગુમાન

**સ. ૨. શબ્દોની અંતાક્ષરી પૂર્ણ કરો :**





**સ. ૩. નીચે આપેલા શબ્દોનો વાક્યમાં ઉપયોગ કરો.**

(૧) સંશોધક (૨) ફળદ્રુપ (૩) પ્રાચીન (૪) કલ્પના

**સ. ૪. નમૂના પ્રમાણે શબ્દો બનાવો.**

દા.ત. કૃપાછત્ર




**સ. ૫. નમૂના પ્રમાણે લખો.**

દા.ત. પ્રાચીન - અર્વાચીન

(૧) પવિત્ર -


(૨) નાસ્તિક -

(૩) સદાચાર -

(૪) સંતોષ -

(૫) લંબાઈ -

**સ. ૬.** **ધર્મ + આત્મા કરીએ તો 'ધર્માત્મા' થાય તે રીતે અન્ય શબ્દો બનાવો.**




**સ. ૭.** **'ઇક' પ્રત્યય લગાવી શબ્દો બનાવો.**

દા.ત. ઇતિહાસ - ઐતિહાસિક




**સ. ૮.** **કૃતિમાંથી શોધીને નામ લખો :**

(૧) સંતોનાં નામ - _______,_______ (૩) કારીગરો - ______,_______

(૨) પશ્ચિમ કિનારાનાં બંદર - _______,_______ (૪) મહારાષ્ટ્રના જિલ્લા - _____,______

**સ. ૯.** **યોગ્ય વિકલ્પ શોધી વાક્ય ફરીથી લખો :**

(૧) મહારાષ્ટ્રનું એક વખતનું સંસ્કૃત વિદ્યાનું પિયર એટલે ____________________.

(અ) કાશી (આ) પૈઠણ (ઇ) પાટલીપુત્ર

(૨) પૈઠણ શહેર આવે તે પહેલાં જમણી બાજુએ નદીકિનારે ____________________ આવેલી છે.

(અ) એકનાથ મહારાજની સમાધિ (આ) નામદેવની સમાધિ (ઇ) મુક્તાબાઈની સમાધિ

(૩) પૂતળાં બનાવવાની કુંભારની વિદ્યા ____________________.

(અ) અશોક પાસે હતી (આ) શિવદિન પાસે હતી (ઇ) શાલિવાહન પાસે હતી

(૪) કાશ્મીરની પ્રાચીન રાજધાની ____________________ હતી.

(અ) પટણા (આ) અનંતપુર (ઇ) પ્રતિષ્ઠાન

**સ. ૧૦.** **ચાલો લખીએ.**

(૧) મહારાષ્ટ્રના ઇતિહાસનો પ્રારંભ શકકર્તા - [ ]

(૨) શાલિવાહન પાસેની વિદ્યા - [ ] [ ]

(૩) કારીગરોનીકારીગરીજોઈમનમાંઉદ્‌ભવતીલાગણી- [ ] [ ]

(૪) ભાગવતના એકાદશ સ્કંધનું વિવરણ કરનાર - [ ]

સ. ૧૧. જૂના મહારાષ્ટ્રની ખંડેર રાજધાનીની તે સમયની જાહોજલાલીની માહિતી લખો.

સ. ૧૨. સંધિનો વિગ્રહ કરો :

(૧) મુક્તેશ્વર = --------- + ---------

(૨) સંતોષ = --------- + ---------

(૩) વધૂર્મિ = --------- + ---------

(૪) દુરુપયોગ = --------- + ---------

સ. ૧૩. તમે લીધેલી કોઈ ઐતિહાસિક સ્થળની મુલાકાતનો અનુભવ તમારા વર્ગમાં કહી સંભળાવો.

## પ્રકલ્પ

★ ભારતના કાપડના ઉત્પાદન કરતાં પ્રખ્યાત શહેરો/ રાજ્યોની માહિતી દર્શાવતો ચાર્ટ બનાવો.

## લેખન કૌશલ્ય

★ ઐતિહાસિક સ્થળના પ્રવાસનું વર્ણન કરતો પત્ર તમારા ભાઈ/ બહેનને લખો.

## વિશેષ વાંચન

### પાટણનું પટોળું

'છેલાજી રે મારે હાટું પાટણથી પટોળાં મોંઘાં લાવજો રે...' સાચી વાત છે. પટોળાં માટે તો પાટણ જ જવું પડે અને એ મોંઘાં પણ હોય. પટોળાં એ પાટણની વિશેષતા છે. કહો કે પાટણની આગવી ઓળખ છે. અનેક રીતે વિશિષ્ટ એવાં પટોળાની એક ખાસિયત એ છે કે એના કુશળ વણાટને કારણે એ અવળું છે કે સવળું એ પારખી શકાતું નથી. એના રંગો પણ આકર્ષક હોય છે અને એની ખૂબી એ છે કે એને વારંવાર ધોવાથી ફાટી જાય તો પણ એના રંગો ઝાંખા પડતા નથી; એટલે જ એવી કહેવત પડી છે કે 'ફાટે પણ ફીટે નહિ, પડી પટોળે ભાત.'

પ્રત્યેક નારીને આજેય જીવનમાં એક વાર પટોળું પહેરવાની ઇચ્છા હોય છે. જૂના કાળમાં પટોળા માટેનું રેશમ જાપાનથી આવતું હતું. હવે તો આપણા દેશમાં પણ મળે છે. આ રેશમની આંટીઓને ગરમ પાણીમાં ઉકાળીને એને સ્વચ્છ, મજબૂત તથા મુલાયમ બનાવવામાં આવે છે. પછી રેંટિયા પર આંટીઓ તૈયાર કરાય છે. પટોળાં બનાવવામાં એને બાંધવાની, રંગવાની અને વણવાની ત્રણ પ્રક્રિયાઓ મહત્ત્વની ગણાય છે. પટોળાં વણનારા સાળવી કારીગર સાળ પર ઊભા ઊભા જ વણે છે; કારણ કે એ સાળને 'પાવડા' અને 'ફણી' નથી હોતાં. એક કારીગર આખો દિવસ વણે ત્યારે માંડ આઠથી દસ ઇંચ વણી શકે છે.

અત્યારે મિલ ઉદ્યોગમાં વપરાતા રાસાયણિક રંગો શોધાયા નહોતા ત્યારે પણ પટોળાના વણાટના કસબીઓ કિરમજી, મજીઠ, હળદર, ગળીના છોડ, આવળ, બહેડાં, ફટકડી અને ઘેટીના દૂધ જેવી ચીજોમાંથી સત્ત્વો કાઢી લાલ, લીલો, પીળો, કથ્થાઈ, વાદળી, તપખીરિયો, જાંબલી વગેરે રંગો બનાવીને વાપરતા હતા. આવા પટોળામાં નારી કુંજર, ખાનભાત, રતનચોક, ફૂલવાડી, છાબડી, ચોકડી, ગલગોટા, ઓખાર અને વોરાગજી જેવી ભાતો બનાવે છે.

– સંકલિત

## સ્વાધ્યાય

સ. ૧. પાટણના પટોળા બનાવવાની પ્રક્રિયા તમારા શબ્દોમાં લખો.

સ. ૨. 'ફાટે પણ ફીટે નહિ, પડી પટોળે ભાત.' તમારા શબ્દોમાં સમજાવો.

★ તમારી શાળાના સાહિત્ય મંડળે કવિ નર્મદનો જન્મદિવસ ઉજવવાનું નક્કી કર્યું છે. આ ઉજવણીના કાર્યક્રમમાં તમારે અને તમારા મિત્રએ એક સંવાદ રજૂ કરવાનો છે. સંવાદનો વિષય છે 'માતૃભાષા મારી જવાબદારી' આ વિષય ઉપર એક સંવાદ તૈયાર કરો.

★ વિદ્યાર્થીમિત્રો, અહીં કેટલીક ઉપયોગી ગુજરાતી વેબસાઈટના નામ છે. ક્યારેક તે જોજો, ખરેખર ગમશે.

(1) www.gujratilexicon.com (Gujrati Dictionary)
(2) www.bhagvadgomandal.com (Gujrati Dictionary)
(3) www.gujrativismisadi.com
(4) www.readgujrati.com
(5) www.gujratisahityasarita.com
(6) www.tahuko.com
(7) http://www.gazalgurjari.com
(8) http://www.uddesh.org
(9) http://readsetu.wordpress.com
(10) http://sarjansahitya.wordpress.com

6Z85G3

માણ્યું તેનું સ્મરણ કરવું, એ ય છે એક લ્હાવો.

# ૨. લોહીની સગાઈ

## ઈશ્વર પેટલીકર

ઈશ્વરભાઈ મોતીભાઈ પટેલનો જન્મ ૯ મે, ૧૯૧૬માં ચરોતરના પેટલાદ તાલુકાના પેટલી ગામમાં થયો હતો. નવલકથાકાર, વાર્તાકાર, ચરિત્રકાર અને નિબંધકાર પેટલીકરે શાળામાં અધ્યાપન કાર્ય કરતાં કરતાં સાહિત્યસર્જનનો આરંભ કર્યો હતો. સંપાદન, કટાર લેખન અને સમાજ સુધારાની પ્રવૃત્તિમાં તેઓ સક્રિય હતા. ગ્રામીણ સમાજની લાક્ષણિકતાઓ સાથે નિરૂપાયેલી નવલકથાઓ અને ટૂંકીવાર્તાઓએ એમને સાહિત્યક્ષેત્રે આગવું સ્થાન અપાવ્યું છે. તેમની ઘણી નવલકથાઓમાં તેમણે સાંપ્રત નગરજીવનનું પણ આલેખન કર્યું છે, જેમાં સામાજિક સમસ્યાઓ અને એના ઉકેલો મોખરે રહ્યા છે.

તેમની નોંધપાત્ર નવલકથામાં ‘જનમટીપ’, ‘ભવસાગર’, ‘પંખીનો મેળો’, ‘હૈયાસગડી’, ‘તરણા ઓથે ડુંગર’, ‘ઋણાનુબંધ’, ‘લાક્ષાગૃહ’ વગેરેનો સમાવેશ થાય છે. ‘પારસમણિ’, ‘ચિનગારી’, ‘આકાશગંગા’, ‘કઠપૂતળી’, વગેરે તેમના નવલિકાસંગ્રહો છે. ‘લોહીની સગાઈ’ નામની તેમની પ્રસિદ્ધ ટૂંકી વાર્તામાં ગાંડી દીકરી પ્રત્યેની માતૃત્વની ઉત્કટતાનું આલેખન થયું છે. તેમને સાહિત્યની સેવા બદલ રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો છે. ૨૨ નવેમ્બર, ૧૯૮૩માં હૃદયરોગના હુમલાથી તેમનું અવસાન થયું હતું.

## સૂર કૃતિનો

પ્રસ્તુત ટૂંકી વાર્તાના કેન્દ્રમાં માતાની મમતાનું આલેખન ચરમસીમાએ થયેલું છે. અમરત કાકીને સંતાનોમાં બે દીકરાઓ અને બે દીકરીઓ છે. તેમાંથી નાની દીકરી મંગુ નાનપણથી જ ગાંડી અને મૂંગી છે. તેને કોઈ જ વસ્તુનું ભાન નથી. ઘરના લોકો, પાડોશીઓ બધાં જ જ્યારે મંગુને દવાખાનામાં મૂકવાની વાત કરે છે ત્યારે અમરતકાકી તેમને જવાબરૂપે દવાખાનાને પાંજરાપોળની ઉપમા આપી કહેતા કે ‘હું મા થઈને ચાકરી ન કરી શકું ?’ અને પાછળથી જ્યારે ગાંડી થઈ ગયેલી કુસુમ દવાખાનામાં જઈને સાજી થઈને આવે છે. તેની પૂરેપૂરી માહિતી મેળવ્યા પછી અમરતકાકી પણ મંગુને દવાખાનામાં મૂકવાનો નિર્ણય લે છે. પરંતુ જ્યારે મૂકવા જવાનો સમય આવે છે ત્યારે અને દવાખાનામાં જાય છે ત્યારે અમરતકાકીની મંગુ પ્રત્યેની મમતાનું જે હૃદયદ્રાવક વર્ણન કરેલું છે તે વાંચીને વાંચકની આંખ ભીની થયા વગર રહી નથી શકતી. પરાકાષ્ઠા તો ત્યારે આવે છે જ્યારે મંગુને દવાખાનામાં મૂકીને પાછા ઘરે આવે છે અને વાળુ કર્યા વગર સૂઈ જાય છે. પરંતુ બીજે દિવસે સવારે જ્યારે ઉઠે છે ત્યારે તેમની ચીસથી ગામલોકો પણ હબકી જાય છે.

મંગુને ગાંડાના દવાખાનામાં મૂકવાની સલાહ લોકો અમરતકાકીને આપતા ત્યારે એમની આંખમાં ઝળઝળિયાં આવી જતાં અને દરેકને એ એક જ જવાબ આપતાં, ‘હું મા થઈને ચાકરી ન કરી શકું તો દવાખાનાવાળાંને શી લાગણી હોય ? ખોડા ઢોરને પાંજરાપોળમાં મૂકી આવવા જેવું જ એ તો કહેવાય.’

અમરતકાકીની આ ગ્રંથિ જાહેર થઈ ગયા પછી કોઈ એમને એવી વાત કરતું નહિ. જન્મથી ગાંડી ને મૂંગી દીકરીને એ જે રીતે ઉછેરતાં, ચાકરી કરતાં અને લાડ લડાવતાં એ પ્રત્યક્ષ જોઈ લોકો એમનાં વખાણ પણ કરતા કે,

'આવી રીતે ગાંડી દીકરીને તો અમરતકાકી જ ઉછેરી શકે. બીજાને ઘેર હોય તો ભૂખીતરસી ક્યારની મરી ગઈ હોય. અને જીવતી હોય તો પણ આવું હૃષ્ટપુષ્ટ શરીર તો ન જ હોય.'

મંગુ સિવાય અમરતકાકીને ત્રણ સંતાનો હતાં. બે દીકરા અને એક દીકરી. અમરતકાકી એ ત્રણે સંતાનોને વિસરી ગયાં હોય તેમ એમનું સમગ્ર માતૃત્વ મંગુ ઉપર અભિષેક કરતું હતું. એટલે રજાઓમાં દીકરાઓ અવારનવાર ઘેર આવતા ત્યારે એમનું ઘર બાળ પૌત્ર-પૌત્રીઓથી ખિલખિલાટ હસી ઊઠતું. છતાં દાદીમા તરીકે અમરતકાકી હરખપદૂડાં થઈ જતાં નહિ. ભાગ્યે જ બાળકોને એ તેડતાં, રમાડતાં કે લાડ કરતાં.

માના આ વર્તન વિશે દીકરાઓને કંઈ લાગતું નહિ, પણ વહુઓ સમસમી જતી, બંને વહુઓની પતિ આગળ આ એક જ ફરિયાદ હતી – દીકરાનાં બાળકો એમને દીઠાં ગમતાં નથી અને ગાંડા હીરાને છાતીએથી અળગો કરાતો નથી !

દીકરી માને મોંએ જ સંભળાવી દેતી, 'મંગુને ખોટાં લાડ લડાવીને તે જ વધારે ગાંડી કરી મૂકી છે. ટેવ પાડીએ તો ઢોરને ય ઝાડોપેશાબ ક્યાં કરાય અને ક્યાં ન કરાય તેનું ભાન આવે છે, તો બાર વર્ષની છોડી ગમે તેટલી ગાંડી હોય પણ એને ટેવ પાડી હોય તો શું એટલું ભાન ન આવે ? એ મૂંગી છે પણ કંઈ બહેરી નથી કે આપણું કાને ન ધરે. ભૂલ કરે તો બે લપડાક ચોડી દીધી હોય તો બીજી વખત તરત ભાન રાખે.'

દીકરી આગળ કંઈ બોલે તે પહેલાં અમરતકાકીની આંખો વરસવા માંડતી. દીકરીનું હૈયું પણ ભરાઈ આવતું પરંતુ કઠણ કાળજુ કરી એ મનનો ડૂમો કાઢી નાખતી, 'તું કંઈ કાયમ બેસી રહેવાની નથી. ભાભીઓને પનારે એ પડશે ત્યારે રોજ એના મળમૂતર ધોવા જેટલી કોઈ આળપંપાળ નહિ કરે અને એ દુઃખીદુઃખી થઈ જશે.' સહેજ અટકીને ધીમે સાદે એ કહેતી, 'દવાખાનામાં મૂકવાથી ડાહી નહિ થવાની હોય તો નહિ થાય, પણ ઝાડોપેશાબ અને કપડાંનું ભાન આવશે તો ય બસ છે. ભાઈઓના ઘરમાં ભગવાને ધાન ઘણું આપ્યું છે. ભાભીઓ ટંકે ખાવા ન આપે એવી કજાત પણ નથી.'

અમરતકાકી લોકોને દવાખાના અંગે પાંજરાપોળની ઉપમા આપતાં ત્યારે લોકો પરાયા તરીકે જે કહી શકતા નહિ તે દીકરી કહી નાખતી, 'દવાખાનું પાંજરાપોળ જેવું હશે અને કદાચ મંગુ મરી ગઈ તો એનો અને કુટુંબનો છુટકારો થશે !'

દીકરા કમાતાધમાતા હોય, દીકરી સાસરે હિંડોળાખાટે ઝૂલતી હોય ત્યારે હું મા હોઉં એનો કંઈ અરથ નથી. મંગુની સાચી મા બની રહું ત્યારે જ મારી લોહીની સગાઈ ખરી. એટલે દીકરી કહે કે દીકરાઓ કહે તો પણ મંગુને દવાખાના દ્વારા મોત ભણી ધકેલવા અમરતકાકી તૈયાર ન હતાં.

દીકરાઓ માના આ ભાવને સમજી ગયા હતા એટલે એ કોઈ વખત વાત કરતા નહિ. ફક્ત દીકરાઓના મનમાં એક વસવસો હતો કે કોઈ તાલીમ પામેલી નર્સ કે દાક્તરની દેખરેખ નીચે એને રાખી હોય તો ટેવને લીધે કદાચ એને ઝાડોપેશાબ ને કપડાંનું ભાન આવે; પરંતુ એવી સગવડ ઘર આગળ કરી શકાય તેમ હતું નહિ એટલે એ મૌન રહ્યા હતા.

છતાં અમરતકાકીએ એમની શ્રદ્ધા પ્રમાણેના ઉપચાર ચાલુ રાખ્યા હતા. દવા કરનારાઓ વણનોતર્યા ઘેર આવી પહોંચતા. શિલાજીત વેચનારા કે હિંગ વેચનારા મંગુને ગાંડી જાણતાં પોતે દવા જાણે છે તેવો દાવો કરતાં અમરતકાકી માનતાં કે હજાર ઉપચાર કરીએ ત્યારે એક ટકો લાગી જાય. એટલે બીજાને મન ગાંડીઘેલી વાત એ ગંભીરતાથી સાંભળતાં અને શ્રદ્ધાથી એનો અમલ કરતાં. જોષીઓ અને ભૂવાઓ પણ અવારનવાર વહારે ધાતા. એક જોષીએ

ભાખ્યું હતું કે, આવતા માગશર મહિનામાં એની દશા બદલાય છે એટલે સારું થઈ જશે ત્યારથી માગશર મહિનો અમરતકાકીનો આરાધ્ય દેવ બની ગયો હતો.

માગશર મહિને તાકડે મંગુને ચૌદ વર્ષ પૂરાં થઈ રહેતાં હતાં એટલે કોઈ ડાહ્યું માણસ જે તરંગે ન ચડી જાય તેવા તરંગે અમરતકાકી ચડી જતાં – ચૌદમું ઊતરતાં કમુને પરણાવેલી. મંગુ ડાહી હોત તો આજે એના વિવાહનું પણ નક્કી થઈ ગયું હોત. જો માગશર મહિનામાં એને મટે તો ... મૂઈનું રૂપ તો એવું છે કે મૂરતિયો એને જોતાં સમો હા પાડી દે !

અને જાણે એને મટ્યું હોય તેમ એ લગ્નની યોજના પણ વિચારવા મંડી જતાં.

એક વખત મંગુ ડાહ્યાની માફક ચોકડીમાં પેશાબ કરવા બેઠી તેથી હરખાઈ જતાં અમરતકાકીએ દિવસો સુધી દરેક આગળ પારાયણ કર્યા કર્યું : ‘જોષીનું કહેવું સાચું પડશે. મંગુ કોઈ વખત નહિ ને આ પહેલી વખત એની મેળે ચોકડીમાં પેશાબ કરવા બેઠી !’

સાંભળનારને ગળે આ વાત ઊતરવી મુશ્કેલ હતી, કારણ કે એ સાંભળતી વખતે મંગુ પેશાબ કરી ભીની માટી આંગળાં વડે ખોતરતી નજરે પડતી !

મંગુને ધૂન આવે ને એ ઊભી થઈ જતી તો એમને નવી વાત મળી જતી : ‘મેં કહ્યું તે સાંભળી ડાહ્યાની માફક ઊભી થઈ ગઈ !’

આમ અમરતકાકીનો આશાભર્યો માગશર મહિનો આવ્યો છતાં મંગુ ડાહી તો ન થઈ પણ શહેરની કન્યાવિદ્યાલયમાં ભણતી ગામની એક દીકરી–કુસુમ–ગાંડી થઈ ગઈ. મંગુની માફક એને પણ ઝાડોપેશાબનું ભાન ન રહ્યું. અમરતકાકીને એથી દુઃખ તો થયું, પણ સાથે સાથે સંતોષ પણ થયો કે ડાહીડમરી છોડી ગાંડી થતાં આવું ભાન ગુમાવી બેસે તો જન્મથી ગાંડી મંગુને બિચારીને એવું ભાન ન હોય તો એમાં શી નવાઈ ?


કુસુમને દવાખાનામાં મૂકવાનું નક્કી થયું. એ સમાચાર જાણી અમરતકાકીને ઓછું આવ્યું કે એની મા જીવતી હોત તો એને દવાખાને મૂકવા ન દેત. મા વગર બધું સૂનું કહ્યું છે તે ખોટું નહિ. એ સાથે પોતાની આંખ મીંચાતાં મંગુને પણ ભાઈઓ દવાખાને મૂકી આવતા હોય તેવું દશ્ય એમને કંપાવી ગયું.

પહેલા મહિનાને અંતે કુસુમને સારો ફાયદો થયો તેવા સમાચાર આવ્યા. એને બાંધી મૂકવી પડતી તે હવે છૂટી ફરે છે છતાં તોફાન કરતી નથી. ઝાડોપેશાબનું પૂરેપૂરું ભાન આવ્યું છે. ગાંડપણ રહ્યું હોય તો ફક્ત આખો દિવસ એ ગાયા કરે છે એટલું જ. એ પણ બીજા મહિનામાં મટી જશે એવો દાક્તરે અભિપ્રાય આપ્યો હતો.

બીજે મહિને કુસુમને મટી ગયું, છતાં એકાદ મહિનો રહે તો સારું એવી દાક્તરની સલાહથી એને ત્રીજો મહિનો રાખવામાં આવી હતી. એ ઘેર આવી ત્યારે આખું ગામ એને જોવા ઊમટ્યું હતું. સૌથી મોખરે અમરતકાકી હતાં.

કુસુમને પૂરેપરી ડાહી થઈ ગયેલી જોઈ અમરતકાકીને દરેક સલાહ આપવા મંડી ગયું : ‘કાકી ! તમે મંગુને એક વખત દવાખાનામાં મૂકી તો જુઓ. જરૂર એને મટશે.’

અમરતકાકીએ જિંદગીમાં પહેલી વખત દવાખાનાનો વિરોધ ન કર્યો. બીજે દિવસે એમણે કુસુમને પોતાને ઘેર બોલાવી. એને પાસે બેસાડી દવાખાનાની હકીકત પૂછવા માંડી. નર્સ કે દાક્તરને કોઈ કોઈ ગાંડાં તમાચા મારી જાય તો પણ એ લોકો એના ઉપર ખિજાતાં નથી કે એને મારતાં નથી એ જાણી એમને દવાખાના ઉપર શ્રદ્ધા પણ બેઠી. નવી આશા જન્મી કે, મંગુના કરમમાં દવાખાનામાં જવાથી મટે એવું લખ્યું હશે તો ય કોને ખબર ?આટલા ઉપચાર કરી જોયા ત્યારે એક વધારે.




છેવટે મંગુને દવાખાને મૂકવી એવો અમરતકાકીએ નિર્ણય કર્યો. એ માટે મોટા દીકરાને ઘેર આવી જવા એમણે પત્ર પણ લખાવ્યો. છતાં એ નિર્ણય લીધો ત્યારથી એમની ઊંઘ ઊડી ગઈ હતી. જાણે પોતે હારીને આ કામ કરી રહ્યાં હોય એમ એમના મગજ ઉપર એક જાતનો ભાર જણાવા લાગ્યો હતો.

મંગુ મોટી થતી જતી હતી, પોતાની વૃદ્ધાવસ્થા વધતી જતી હતી, વહુઓ ચાકરી નહિ કરે એની ખબર પડી ગઈ હતી. કારણ કે, બેમાંથી એકે વહુએ હજુ સુધી સાથે રહેવા આવવાનું આમંત્રણ આપ્યું ન હતું. એ સ્થિતિમાં મંગુનો પ્રભુ હોય અને એને મટી જાય, કે ન મટે તો પણ જો એને દવાખાનામાં ગોઠી જાય તો મરતી વખતે પોતાને એક જાતની શાંતિ રહે કે એની ચાકરી કરનાર દુનિયામાં પારકું પણ છે ખરું.

આ વિચારવહેણ સાથે અમરતકાકીની આંખોમાંથી એટલું બધું પાણી વહી જતું કે પથારી પલળી જતી. હૈયું પોકારી ઊઠતું – ગમે તે બહાનું ભલે કાઢો પણ મૂળ વાત એટલી કે તમે ય દીકરીથી થાક્યાં છો ! અમરતકાકી ઊંઘમાંથી ઝબકી જતાં, બોલી ઊઠતાં- શું હું થાકી છું ? હૈયું બમણા જોરથી પોકારી ઊઠતું – એક વાર નહિ ને હજાર વાર !

અમરતકાકીને થયું, પોતે દીકરાને પત્ર લખ્યો તે જ મોટી ભૂલ કરી. એવી શી ઉતાવળ હતી કે શિયાળાની ટાઢમાં એને દવાખાને ધકેલવી પડે ?રાતમાં હું એને કેટલીય વખત ઓઢાડું છું, દવાખાનામાં એમ ઘડીએ ઘડીએ કોણ ઓઢાડશે? ઉનાળામાં મૂકવાનું રાખ્યું હોત તો ઠીક થાત.

પરંતુ પત્ર મળતાં દીકરો આવી પહોંચ્યો. દવાખાનામાં દાખલ કરવાનો મૅજિસ્ટ્રેટનો હુકમ પણ મેળવી લીધો. એક અઠવાડિયામાં જ મંગુને મૂકવા જવાનું આવી પહોંચ્યું. અમરતકાકીને ખાતરી થઈ ગઈ કે દીકરો ગાંડી બહેનને દવાખાનામાં ધકેલી વેઠ ઉતારવા માગે છે. એવું ના હોત તો પત્ર મળતાં તરત આવી શું કામ પહોંચે ?

મંગુને મૂકવા જવાનું હતું તે રાતે અમરતકાકીને બિલકુલ ઊંઘ આવી ન હતી. સવારમાં એક વિચાર એ પણ આવ્યો કે પોતે સાથે ન જાય તો સારું. દવાખાનાવાળા દીકરીને પોતાનાથી છૂટી પાડશે તે સહેવાશે નહિ; પરંતુ દવાખાનામાં કેવી સગવડ છે એ પોતે નજરે જુએ નહિ ત્યાં સુધી ચેન પડે એવું ન હતું. એટલે એ ન છૂટકે જવા તૈયાર તો થયાં પણ મંગુને લઈ ઘર બહાર નીકળવાનું થયું ત્યારે એમના ઉપર બ્રહ્માંડનો ભાર આવીને ઠલવાઈ ગયો. આંખમાંથી શ્રાવણ-ભાદરવો શરૂ થયો. નજર મંગુ ઉપર ચોંટી ગઈ હતી તે કેમે ય ઊખડતી ન હતી. મંગુ એને પહેરાવેલાં નવાં કપડાંનો રંગ ધારીધારીને જોઈ રહી હતી. ગેલમાં આવી ગઈ હોય તેમ અમરતકાકી સામે જોઈ એ હસી પણ ખરી. એ સમયે અમરતકાકીનું દિલ કપાઈ ગયું. ઢોર પણ એને ખીલેથી છોડી બીજે લઈ જવામાં આવે છે ત્યારે નવા ધણીને ઘેર જવા આનાકાની કરે છે. મંગુને એટલું ય ભાન ન હતું એ પ્રત્યક્ષ અનુભવતાં અમરતકાકી ઉમરા ઉપર ફસડાઈ પડ્યાં. હૈયું કકળી ઊઠ્યું – અબુધ દીકરીનું દુનિયામાં કોઈ નહિ ! સગી મા પણ એની ના થઈ !

દીકરાએ મા તરફ નજર કર્યા સિવાય લથડિયું ખાઈ પગ ઉપાડતાં કહ્યું : 'મોડું થાય છે. હવે નીકળવું જોઈએ' અને ફળિયા બહાર નીકળતાં એણે ધોતિયાના છેડા વતી આંખો લૂછી નાખી.

પાડોશી સ્ત્રીએ મંગુનો હાથ ઝાલી આગળ દોરી. બીજી સ્ત્રીઓએ અમરતકાકીને ટેકો આપ્યો. છેવટ કડવો ઘૂંટડો હૈયામાં સમાવી ઢીંચણ ઉપર હાથ ટેકવી એ ઊભાં થયાં. બે જણે ઝાલીને ચડાવ્યાં ત્યારે એમનાથી ડમણિયા ભેર ચડાયું.

મંગુ ગાંડી છે એમ જાણતાં ગાડીમાં મુસાફરોને મઝાનો ખોરાક મળી ગયો.

'આવી ખાધેપીધે સુખી છોડીને દવાખાનામાં મૂકશો એટલે મહિના દહાડામાં લાકડા જેવી થઈ જશે. ત્યાં તો ઢોરની પેઠે ટંકે નીર્યું એટલે બસ !'

'આ છોડીની મા નથી ?'

અમરતકાકીને આ ઘા અસહ્ય થઈ પડ્યો. આંખમાં આંસુ આવી ગયાં. કંઠ રુંધાઈ ગયો. શરમથી ડોકું નીચું નમી ગયું. સાથે સાથે માથું નમતાં મા તરીકેનો એમનો દાવો પણ આપોઆપ વ્યક્ત થઈ ગયો.

'બાપ રે, તમે મા થઈને એને ધકેલી મૂકો છો, પછી દવાખાનાવાળાંનો શો દોષ કાઢવો !'

અમરતકાકી જો એકલાં હોત કે દીકરાને માઠું લાગવાની બીક ન હોત તો વળતી ગાડીમાં મંગુને લઈ ઘેર પાછાં ફર્યાં હોત; પરંતુ બીજો ઉપાય ન હતો એટલે ભારે પગલે અને ભારે હૈયે એ દવાખાનામાં દાખલ થયા.

મુલાકાતનો સમય હતો એટલે વચલા ખંડમાં દર્દીઓ અને એમનાં સગાસંબંધીઓ છૂટાં છૂટાં બેઠાં હતા. સ્વજનોએ ઘેરથી આણેલી રસોઈ ઘણાં જમતાં હતાં.

અમરતકાકી પરિચારિકાઓ તરફ જોઈ રહ્યાં હતાં. પેલી બાઈની જે પરિચારિકા હતી તે હસીને બોલી : ''હું તમને બધું આપીશ. તમારા ધણી સારું સારું ખાવાનું લાવ્યા છે, એક વાર ખાઈ લ્યો.''

પેલી ગાંડી બાઈ છણકો કરતાં બોલી : ''મેં દાતણ નથી કર્યું. મેં મોંઢું નથી ધોયું.''

અમરતકાકીએ જોયું તો એનું મોં ધોયેલું હતું, છતાં સહેજ પણ ખિજાયા વગર પરિચારિકાએ પાણીનો લોટો

લાવી એનું મોં ધોવડાવ્યું. નેપકિન વતી મોં લૂછી નાખ્યું. અમરતકાકીના હૈયાને ટાઢક વળી કે કામ કરનાર બોન છે તો માયાળુ.

દાક્તર અને સ્ત્રીવૉર્ડની મેટ્રન આવી પહોંચ્યાં. અમરતકાકીના દીકરાએ મૅજિસ્ટ્રેટનો હુકમ આપ્યો. માને સંતોષ થાય તે માટે એ સાંભળે તેમ સારી સારવાર કરવા જણાવ્યું. મેટ્રને કહ્યું : 'એ બાબતમાં તમારે ચિંતા ન કરવી.'

વચ્ચે અમરતકાકી બોલ્યાં : 'બોન ! ચિંતા એટલા માટે કરવાની કે આ સાવ ગાંડી છે. કોઈ પાસે બેસી એને ખવડાવે નહિ તો એ ખાતી નથી...' આટલું બોલતાં એમનો કંઠ ભરાઈ આવ્યો અને વાક્ય અધૂરું રહી ગયું.

દૂર ઊભેલી પરિચારિકાઓ નજીક દોડી આવી. એક બોલી ઊઠી : 'તમે બા, કોઈ જાતની ફિકર કરશો નહિ અમે એને મોંમાં કોળિયો ઘાલીને ખવડાવીશું.'

ગળગળા સાદે અમરતકાકી બોલ્યાં : 'એ જ બોન મારે કહેવું છે. એને ઝાડોપેશાબનું ભાન નથી એટલે એ કપડાં બગાડે તો જોજો. નહિ તો ભીનામાં સૂઈ રહેશે તો વાયુ થઈ જશે.'

બીજી પરિચારિકા બોલી : 'રાતમાં ચારપાંચ વખત તપાસ કરવામાં આવે છે.'

અમરતકાકી : 'રાતે બત્તી હોય તો એને ઊંઘ નથી આવતી.'

'જેને ઊંઘ ન આવે તેને ઊંઘની દવા આપીએ છીએ.'

'એને બીજાં તોફાની મારે નહિ તે જોજો.'

'તોફાની હોય તેને જુદાં રાખવામાં આવે છે. રાતે બધાંને જુદી જુદી ઓરડીઓમાં સુવાડવામાં આવે છે.'

મળવા આવેલા મુલાકાતીઓ વિદાય લેતા ત્યારે દર્દીને અંદરના ખંડમાં લઈ જવા પૂરતું બારણું થોડું ખૂલતું. એ તક ઝડપી લઈ અમરતકાકીની નજર બેત્રણ વખત અંદર ડોકાઈ રહી હતી. ત્રણચાર સ્ત્રીઓને ફગફગતા વાળે, અસ્તવ્યસ્ત કપડાંમાં એમણે અંદર ફરતી જોઈ. એકે એમના ભણી નજર કરી છાતી ફૂટી અને એવો ડોળો ત્રાંસો કર્યો કે એ છળી મર્યાં. એ ઉપરથી એમને અંદરનું રહેઠાણ જોવાનું દિલ થયું. માગણી કરી : 'મંગુને જે ઓરડીમાં રાખવાની હોય તે મને જોવા દ્યો.'

મેટ્રને કહ્યું : 'અંદર કોઈને જોવા જવા દેવાનો કાયદો નથી.'

ચકળવકળ આંખે આ નવી દુનિયા જોઈ રહેલી મંગુ અમરતકાકીની સોડમાં લપાઈ. માથે હાથ મૂકી, અમરતકાકી રોજનો વહાલસોયો 'બેટા' શબ્દ ઉચ્ચારવા ગયાં ત્યાં એમનો સાદ ફાટી ગયો. મરણપોક જેવી લાંબી પોક મૂકાઈ ગઈ. આખું દવાખાનું એ આક્રંદમાં ડૂબી ગયું. દીકરાની આંખમાંથી ચોધાર આંસુ વહી ચાલ્યાં. આવા રુદનથી ટેવાઈ ગયેલાં દાક્તર, મેટ્રન અને પરિચારિકાઓનાં હૈયાં પણ ભરાઈ આવ્યાં. દીવાલો પણ ધ્રૂજી ઊઠી કે આટલું લાગણીભર્યું કોઈ ગાંડાનું સ્વજન આજ સુધી આવ્યું અમે જાણ્યું નથી !

એક પરિચારિકા હાથમાંનો રૂમાલ ફરકાવી મંગુનું પોતાના તરફ ધ્યાન ખેંચી બોલી : 'લે, જોઈએ છે તારે ?'

એ રૂમાલ પકડવા માની સોડ ત્યજી મંગુ એકદમ ઊભી થઈ. થોડો રૂમાલ પકડવા દીધા પછી એનો હાથ પંપાળી પરિચારિકા મીઠાશભર્યા શબ્દો બોલી : 'તું મારી પાસે રહીશને બહેન ! હું તને સારું સારું ખાવાનું આપીશ. નવાં નવાં કપડાં પહેરાવીશ.' મંગુ એના મોં સામે તાકી રહી હતી એટલે એ ક્ષણનો ઉપયોગ કરી લેતાં 'ચાલ આપું' કહીને એનો હાથ પકડી આગળ કરી. પેલું બારણું અધખૂલું થઈ મંગુને ગળી ગયું.

'મંગુ... મંગુ...' ની કાળજું કંપી જાય તેવી ચીસ અમરતકાકીએ ફરી નાખી.

દાક્તરે આશ્વાસન આપતાં કહ્યું : 'ઘરડાં બા !' અને બાજુમાં ઊભેલા દીકરા તરફ આંગળી કરતાં જણાવ્યું : 'આ તમારા દીકરા જેવો મને પણ દીકરો ગણજો. દીકરીને દવાખાનામાં નહિ પણ દીકરાને ઘેર મૂકી જાઓ છો એમ માનજો.'

આધેડ ઉંમરની, બાળવયમાં વિધવા થતાં આ ક્ષેત્રમાં પડેલી મેટ્રને આશ્વાસન આપતાં કહ્યું : 'આજ સુધી તમે એનાં એક બા હતાં. આજથી હું એની નવી બા થઈ છું.'

અમરતકાકી ડૂસકું ભરતાં બોલ્યાં : 'એને મૂંગા ઢોર જેટલું ય ભાન નથી. મેં એને આજ સુધી મારાથી અળગી કરી નથી. કુસુમને તમારા દવાખાનામાં મટ્યું એટલે મેં કાળજું કઠણ કરી...' અને એમનો કંઠ રુંધાઈ ગયો.

મેટ્રન : 'એ કુસુમ જેવી આ પણ થોડા વખતમાં ડાહી થઈ જશે.' અમરતકાકીનું ડૂસકું શમ્યું છતાં એમની નજર પેલા બંધ બારણાને વીંધી મંગુ ઉપર મંડાયેલી હતી. મંગુએ જાણે એમને યાદ દેવડાવ્યું હોય તેમ એ બોલ્યાં : 'એ લુખ્ખો રોટલો ખાતી નથી. સાંજે વાળુમાં રોટલો દૂધમાં ચોળીને આપજો. દૂધ ના હોય તો દાળમાં.'

અમરતકાકીની કરુણ આંખ ભણી નજર માંડવાની મેટ્રનની શક્તિ લુપ્ત થઈ હોય તેમ એણે નીચી દૃષ્ટિ રાખી કહ્યું : 'સારું.'

અમરતકાકી : 'એને દહીં બહુ ભાવે છે. દરરોજ તો ના બને, પણ બીજેત્રીજે દહાડે આપજો. એનું વધારાનું જે ખર્ચ થશે તે અમે આપીશું. જે એની ચાકરી કરતું હશે તેને પણ રાજી કરીશું.'

અમરતકાકી અને દીકરો મંગુને મૂકી દવાખાનાની બહાર નીકળ્યાં ત્યારે બંનેનાં મોં ઉપર શોકનાં વાદળ છવાયેલાં હતાં. મૂંગાં મૂગાં બંને બહાર ઊભેલી ઘોડાગાડીમાં બેસી વિદાય થયાં. ગાડીના ડબામાં પગ મૂકતાં અમરતકાકીને સાંભરી આવ્યું – દવાખાનામાં સૂવા ખાટલો આપતા હશે કે નહિ ?મંગુ નીચે સૂઈ રહેલી નથી એટલે જો ખાટલો નહિ હોય તો એને નહિ ફાવે. મનમાં થયું કે જો પોતાને અંદર જવા દીધી હોત તો આ ભાળવણી કરવાનું રહી ન જાત. ઓરડીમાં ખાટલો ન જુવત એટલે તરત સાંભરી આવત.

દવાખાનામાં કામ કરનાર માયાળુ છે. ભલાં છે. એવી ખાતરી અમરતકાકીને થઈ હતી; પરંતુ એમને અંદર જવા દીધાં ન હતાં એટલે વસવસો રહી ગયો હતો કે આપણને નહિ ગમે તેવું હશે ત્યારે જ અંદર જવા નહિ દેવાનો કાયદો કર્યો હશે ને ?એનો ટેકો આપતું હતું પેલું અધખોલું બારણું. ભૂતની માફક ભમતી ગંદી, જથરવથર અને ભૂખે મરી ગઈ હોય તેવી બિહામણી ગાંડી સ્ત્રીઓ. એ સાથે અમરતકાકીને મંગુ પોતાને ન જોવાથી રડતી હોય તેવો સાદ સંભળાયો. એમની આંખોમાંથી આંસુ ચાલ્યાં. બાજુમાં બેઠેલી સ્ત્રીએ પૂછપરછ કરી – કેમ બા રડો છો ? કોઈનું મૈણું થયું છે ?

રાત્રે પોણા અગિયાર વાગે ઘેર આવ્યાં ત્યારે એમની વાટ જોતી પાડોશણ, જે એમની પિત્રાઈ થતી હતી તે જાગતી હતી. એમને માટે એણે રસોઈ કરી રાખી હતી; પરંતુ બંને જણે વાળુ કરવાની ના પાડી, સ્વજનના મરણનો ઘા તાજો હોય ત્યારે જેમ આગ્રહ કરનારની જીભ ન ઊપડે તેમ પાડોશણ ખેંચતાણ ન કરી શકી.

અમરતકાકીના અંતરમાં એક જ તંબૂરો વાગી રહ્યો હતો – મંગુ અત્યારે શું કરતી હશે ?પળે પળે એ જ વિચાર એમના હૈયાને વીંધી રહ્યો હતો. કેટલી ઠંડી છે ?એને ઓઢાડ્યું હશે ?પેશાબ કરી પલાળ્યું હશે તો એની ઘાઘરી પાથરણું બદલ્યાં હશે ?

જાણે મંગુ એમનો બોલ સાંભળવાની હોય તેમ એ બબડ્યાં : 'બેટા ! પેશાબ ન કરતી, ઓઢાડેલું કાઢી ન નાખતી.' આ શબ્દો સૂતી વખતે એ કાયમ ઉચ્ચારતાં છતાં મંગુ એનો અમલ કરતી નહિ. રાતે એણે પેશાબ કર્યો હોય

તો એની ઘાઘરી અને પથારી એ બદલી નાખતાં. મંગુ મોટી થઈ છતાં પોતાની ભેગી એને સુવાડતાં. જેથી એ પેશાબ કરે તો પોતાને તરત ખબર પડે, એને ભીનામાં સૂઈ રહેવું ન પડે.

અમરતકાકીને પોતાને પણ એના વગર પથારી સૂની લાગતી હતી. મનમાં થયું - મારા ભેગી સૂવા ટેવાઈ ગયેલી એને ઊંઘ આવી હશે ? એ સાથે એની આંખો બહાવરી બની પોતાને શોધતી હોય તેમ એમને દેખાયું એમણે ઈસ ઉપર કપાળ કૂટ્યું - હું મા થઈને એને દવાખાને હડસેલીને આવતી રહી ! એમનાથી ડૂસકું ભરાઈ ગયું.

બહારના ખંડમાં સૂતેલા દીકરાને પણ ઊંઘ આવી ન હતી. મા કરતાં એને સોમા ભાગની મંગુ સાથે માયા ન હતી છતાં એની છાતી ઉપર પણ વેદનાનો કાળમીંઢ પથ્થર મૂકાઈ ગયો હતો. માના ડૂસકા સાથે એની આંખમાંથી પણ આંસુ વહેવા લાગ્યાં. પોતાને આટલી વેદના થાય છે તો માને શું-શું થતું હશે ? વેદના માના હૈયાને.. કેવી ક્રૂર રીતે ચૂંથી રહી હતી તેનો સાક્ષાત્કાર જીવનમાં પહેલી વખત દીકરાને થયો. એનું હૈયું પોકારી ઊઠ્યું - મારે આ દુ:ખ કોઈ ઉપાયે ટાળવું જોઈએ. દીકરો થઈને આટલું હું ન કરી શકું તો મારું જીવતર ધૂળ છે. એ સાથે એણે પ્રતિજ્ઞા કરી - હું મંગુને જીવતાં સુધી સારી રીતે પાળીશ. વહુ એનાં મળમૂતર ધોવા તૈયાર નહિ હોય તો હું ધોઈશ ! એ સાથે વેદનાનો કાળમીંઢ પથ્થર એની છાતી ઉપરથી ખસી ગયો.

અમરતકાકીએ બીજું ડૂસકું ભર્યું હોત તો દીકરાએ તે ઘડીએ જ એમને પોતાની પ્રતિજ્ઞા જણાવી શાંત પાડી હોત; પરંતુ એ જંપી ગયેલાં લાગ્યાં એટલે હવે સવારે વાત એમ માની દીકરાએ ઊંઘવા આંખ મીંચી અને થોડી વારમાં એની આંખ મળી ગઈ.

વહેલી પરોઢે, ઘંટીનો અને વલોણાનો મધુરો અવાજ ગામમાં ગુંજી રહ્યો હતો ત્યારે ગામ આખાને વીંધી નાખે તેવી ચીસાચીસ અમરતકાકીએ કરી મૂકી : 'ધાજો, રે.... ધાજો, મારી મંગુને મારી નાખી રે...'

દીકરો ખાટલામાંથી ઊછળી પડ્યો. પાડોશી દોડી આવ્યાં, ઘંટીઓ અને વલોણાં થંભી ગયાં. જેણે સાંભળી તે ધાઈ આવ્યાં અને આવ્યાં તેવાં હબકી ગયાં. અમરતકાકી મંગુની નાતમાં વટલાઈ ગયાં હતાં !

**માર્ગદર્શક સ્તંભ**

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવવાની શરૂઆતમાં 'ત્રિલોકનો નિયંતા પણ માતા વિના ભિખારી' ઉક્તિ સમજાવીને માની મમતા વિશે ચર્ચા કરી શકાય. વિદ્યાર્થીઓ પાસેથી તેમની માતાના તેમની પ્રત્યેના પ્રેમના ઉદાહરણો માંગી શકાય. કવિઓએ પણ માતાની મમતાને દિલ ખોલીને વર્ણવી છે તે બાબત અનેક ઉદાહરણો આપી શકાય. કૃતિને લગતા લઘુપ્રશ્નો પૂછીને ગદ્યાંશના અંશોનું પ્રકટવાંચન કરાવી શકાય. 'જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે.' એ ઉક્તિ દ્વારા ઇતિહાસના પાને અમર થઈ ગયેલી મહાન વિભૂતિઓનાં ઉદાહરણો વિશે પણ ચર્ચા કરી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલાં શબ્દો લખો.**

(૧) દિલાસો (૨) સારવાર (૩) વિશ્વાસ (૪) પીડા

(૫) પ્રશંસા (૬) શેરી (૭) નર્સ (૮) તાજુંમાજું

**સ. ૨.** નમૂના પ્રમાણે લખો : દા.ત. મૂંગુ – વાચાળ

| | | | |
|---|---|---|---|
| (૧) ટેવ | (૨) સધવા | (૩) પરાયા | (૪) વ્યક્ત |
| (૫) દાનવ | (૬) ફાયદો | (૭) નિરાશા | (૮) ગાંડાં |

**સ. ૩.** યોગ્ય રીતે જોડો :

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) પરા | (અ) બનાવ |
| (૨) અણ | (આ) જ્ઞાન |
| (૩) અપ | (ઇ) પસંદ |
| (૪) અ | (ઈ) શુકન |
| (૫) ના | (ઉ) જય |

**સ. ૪.** નીચે આપેલ શબ્દોમાં લીટી દોરેલા અક્ષરો સાથે ખૂટતી ઇ કે ઈ ( િ કે ી) મૂકી શુદ્ધ જોડણીવાળા શબ્દો બનાવો.


(૧) જાગર (૨) નકાસ (૩) ઠળયો (૪) ફકર

(૫) સરતા (૬) ચૂંટણ (૭) લાવણ (૮) નયમ

**સ. ૫.** આપેલા શબ્દના અક્ષરોનો ઉપયોગ કરી નવા અર્થપૂર્ણ શબ્દો બનાવો.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) અમરત | | | | |
| (૨) વિચારવહેણ | | | | |
| (૩) દવાખાના | | | | |
| (૪) સમાચાર | | | | |

**સ. ૬.** 'ગેર' પ્રત્યય લગાવી શબ્દો બનાવો.




**સ. ૭.** રૂઢિપ્રયોગનો અર્થ શબ્દકોશમાંથી શોધીને લખો :

(૧) સમસમી જવું (૨) હૈયુ ભરાઈ આવવું

(૩) ગેલમાં આવી જવું (૪) પનારે પડવું

(૫) દિલ કપાઈ જવું (૬) ગળે વાત ઉતરવી

(૭) કંઠ રૂંધાઈ જવો

(૮) આંખમાં ઝળઝળિયા આવી જવાં

સ. ૮. **પાઠના આધારે અધૂરાં વાક્યો પૂર્ણ કરો.**

(૧) મંગુને ગાંડાના દવાખાનામાં મૂકવાની સલાહ _______________

(૨) મંગુને ખોટાં લાડ લડાવીને _______________

(૩) અમરતકાકી ડૂસકું ભરતાં બોલ્યાં _______________

(૪) માગશર મહિને તાકડે મંગુને _______________

(૫) અમરતકાકી મંગુની નાતમાં _______________

સ. ૯. **યોગ્ય વિકલ્પ શોધી વાક્ય ફરીથી લખો.**

(૧) મંગુ સિવાય અમરતકાકીને ____________________.

(અ) એક સંતાન હતું (આ) ત્રણ સંતાન હતાં (ઇ) બીજું એકેય સંતાન ન હતું

(૨) છેવટે મંગુને દવાખાને મૂકવી એવો ____________________.

(અ) ગામવાળાએ નિર્ણય કર્યો (આ) દીકરાએ નિર્ણય કર્યો (ઇ) અમરતકાકીએ નિર્ણય કર્યો

(૩) અમરતકાકી અને દીકરો મંગુને મૂકી દવાખાનાની બહાર નીકળ્યાં ત્યારે બંનેના મોં પર ________________.

(અ) શોકના વાદળ છવાયેલા હતાં (આ) આનંદ છવાયેલો હતો (ઇ) નિરાશા છવાયેલી હતી

સ. ૧૦. **પ્રસંગોને ક્રમાનુસાર ગોઠવો.**

(અ) ગામ આખાને વીંધી નાંખે તેવી ચીસાચીસ અમરતકાકીએ કરી મૂકી.

(આ) અમરતકાકી મંગુની નાતમાં વટલાઈ ગયાં હતાં.

(ઇ) અમરતકાકીને પોતાને પણ એના વગર પથારી સૂની લાગતી હતી.

(ઈ) અમરતકાકીને ઘા અસહ્ય થઈ પડ્યો.

(ઉ) અમરતકાકીને થયું, પોતે દીકરાને પત્ર લખ્યો તે જ મોટી ભૂલ કરી.

સ. ૧૧. **ઓળખો.**

(૧) દવાખાનેથી પૂરેપૂરી ડાહી થઈને આવનાર - ______________________

(૨) મંગુને દવાખાને મૂકવાનો નિર્ણય કરનાર - ______________________

(૩) અમરતકાકીની સોડમાં લપાઈ જનાર - ______________________

(૪) રૂમાલ ફરકાવી મંગુનું પોતાના તરફ ધ્યાન ખેંચનાર - ______________________

(૫) કુસુમ જેવી આ પણ થોડા વખતમાં ડાહી થઈ જશે એમ કહેનાર - ______________________

(૬) મંગુની નાતમાં વટલાઈ જનાર - ______________________

સ. ૧૨. **અમરતકાકીનો મંગુ પ્રત્યેનો પ્રેમ તમારા શબ્દોમાં વર્ણવો.**

સ. ૧૩. સંધિ કરો :

(૧) પર + અધીન = ______________

(૨) હિમ + આદ્રિ = ______________

(૩) પરમ + ઈશ્વર = ______________

(૪) નર + ઇન્દ્ર = ______________

(૫) વૃદ્ધ + અવસ્થા = ______________

(૬) દેવ + આલય = ______________

(૭) ચંદ્ર + ઉદય = ______________

(૮) મહા + ઉત્સવ = ______________

સ. ૧૪. યોગ્ય વિરામચિહ્નો મૂકો.

(૧) માના આ વર્તન વિશે દીકરાઓને કંઈ લાગતું નહિ પણ વહુઓ સમસમી જતી

(૨) જન્મથી ગાંડી મંગુને બિચારીને એવું ભાન ન હોય તો એમા શી નવાઈ

(૩) બોન ચિંતા એટલા માટે કરવાની કે આ સાવ ગાંડી છે

સ. ૧૫. 'મા તે મા બીજા બધા વગડાના વા' કહેવતની ચર્ચા સમૂહમાં કરો.

## પ્રકલ્પ

★ તમારી આસપાસ કે પરિચિત હોય તેવાં દિવ્યાંગ બાળકોનો ઉછેર તેમનાં માતા-પિતા કેવી રીતે કરે છે તેની નોંધ કરી પ્રકલ્પ પુસ્તિકા તૈયાર કરો.

## લેખન કૌશલ્ય

★ 'માની મમતા' વિષય પર નિબંધ લખો.

★ વિચારવિસ્તાર કરો :

જે જન પામે પૂર્ણતા, તે ન કદી ફૂલાય;
પૂરો ઘટ છલકાય નહિ, અધૂરો ઘટ છલકાય.

6ZH1HQ

'સ્ત્રીના મૌનમાં વેદના હોય છે. પણ માના મૌનમાં કરૂણા સિવાય બીજું કંઈ જ હોતું નથી.'

# ૩. ટેકો

### ડૉ. આઇ. કે. વીજળીવાળા

ઇનુસભાઈ કાસમભાઈ વીજળીવાળાનો જન્મ ૧૪ જુલાઈ, ૧૯૬૦ના રોજ ભાવનગર જિલ્લાના અમરગઢ ગામે થયો હતો. તેઓ ‘આઇ. કે. વીજળીવાળા’ નામે સર્જન કરે છે. વ્યવસાયે બાળરોગ નિષ્ણાત છે.

લેખકે ‘હીરાનો ખજાનો’ નામે બાળસાહિત્યની રચના કરી છે. એ ઉપરાંત ‘બાળ આરોગ્યશાસ્ત્ર’, ‘મનનો માળો’, ‘અંતરનો ઉજાસ’, ‘અમૃતનો ઓડકાર’, ‘સાયલન્સ પ્લીઝ’, ‘સમયને સથવારે’, ‘સાથીદારની શોધમાં’ – જેવા મૌલિક તથા ભાવાનુવાદ કરેલાં પુસ્તકો તેમણે આપ્યા છે. તેમના ‘ઉંદરભાઈને આંખો આવી’ બાળકાવ્ય સંગ્રહ માટે ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા તેમને સન્માનિત કરવામાં આવ્યા છે.

### સૂર કૃતિનો


પ્રસ્તુત કૃતિ એક હૃદયસ્પર્શી વાર્તા છે. આપણું જીવન સહવાસ અને અન્યના સહારે ચાલે છે. માનવી વિચારોના આદાનપ્રદાન સાથે જીવે છે. એકલવાયું જીવન આપણને કોરી ખાય છે. અહીં માર્ક નામના મળતાવડા સ્વભાવના એક છોકરાએ જૉન સાથે મિત્રતા કરી. તેની તકલીફના સમયે તેને સહારો આપ્યો. જીવન જીવવા જેવું અને સુંદર છે તેવું જૉન તેની સાથે રહીને સમજી ગયો. છેલ્લે જૉન માર્કે આપેલા ટેકા બદલ તેનો આભાર માને છે. અને ગાઢ મિત્રો બનેલા બંનેની આંખોમાંથી અવિરત આંસુ વહે છે. વાર્તા વાંચ્યા પછી વાચકનું હૃદય ભાવવિભોર બનવા સાથે તેની સંવેદનશીલતા પણ જાગૃત થયા વિના રહેતી નથી.

માર્ક નામનો એક છોકરો પરદેશની એક નિશાળમાં ભણતો હતો. એક દિવસ શાળામાંથી છૂટ્યા પછી એ પોતાના ભાઈબંધોની જોડે ઘરે ન ગયો. એકાદ ચોપડી બદલવાની હોવાથી થોડી વાર લાઈબ્રેરીમાં રોકાયો. છેક સાંજ પડી ત્યારે એ ઘરે જવા નીકળ્યો.

રસ્તામાં એણે જોયું કે સ્કૂલથી થોડે દૂર એના જેવડો જ એક છોકરો ઘણાં બધાં પુસ્તકો, બેઝબૉલનું બૅટ, બેઝબોલનાં મોજાં અને અન્ય થોડો સામાન લઈને એની આગળ જઈ રહ્યો હતો. એના હાથમાં એ બરાબર રીતે સાચવીને ઉપાડી શકે એનાથી વધારે વસ્તુઓ હતી એ સ્પષ્ટ દેખાઈ આવતું હતું. અચાનક એ છોકરાનો પગ લથડ્યો અને એના હાથમાંની બધી વસ્તુઓ જમીન પર પડીને વેરવિખેર થઈ ગઈ. એ પોતે પણ નીચે પડી ગયો.

એ જોઈને માર્ક દોડ્યો. એણે પેલા છોકરાને ટેકો આપીને બેઠો કર્યો. એની વસ્તુઓ એકઠી કરીને ગોઠવી આપી. પછી અર્ધી વસ્તુઓ પોતે લઈને બોલ્યો, ‘ચિંતા ન કરીશ, દોસ્ત ! તારો આટલો સામાન હું ઉપાડી લઉં છું. ચાલ, હવે એ બતાવ, આપણે કઈ તરફ જવાનું છે ? અને હા, બાય ધી વે, મારું નામ માર્ક છે !’

પેલા છોકરાના રડમસ ચહેરા પર હાસ્ય ફૂટી નીકળ્યું. પોતાના ભાગનો સામાન ઊંચકતા એ બોલ્યો, ‘મારું નામ જૉન છે. આ રસ્તા પર અહીં નજીકમાં જ મારું ઘર છે. માર્ક, તારો ઘણો આભાર દોસ્ત ! પણ તું મારી સાથે આવીશ અને તારે મોડું થશે તો તારા ઘરે કોઈ ચિંતા નહીં કરે ?’



'ના ! હું મારા ઘરે સવારે કહીને જ નીકળ્યો છું કે મારે મોડું થશે. એટલે ચાલ, આપણે પહેલા તારો સામાન પહોંચાડીએ !' માર્કે જવાબ આપ્યો.

બંને જણા વાતો કરતાં કરતાં જૉનના ઘરે પહોંચ્યા. જૉનની માતાએ નાસ્તો અને ચા તૈયાર કર્યાં એટલી વારમાં બંને છોકરાઓએ ચેસનો એક દાવ રમી નાખ્યો. માર્કનો સ્વભાવ એટલો રમૂજી અને મળતાવડો હતો કે થોડી વારમાં જ એ જૉનની માતા સાથે પણ સરસ રીતે વાતો કરવા માંડયો. એ બંને જણને માર્ક સાથે વાતો કરવાની મજા પડી ગઈ. માર્કે ઘણા બધા જૉક્સ કહીને બધાંને ખૂબ હસાવ્યાં પણ ખરાં.

એ દિવસ પછી તો માર્ક અને જૉન બંને પાકા ભાઈબંધ બની ગયા. બંને એક જ બેન્ચ પર બેસતા અને લગભગ દરેક કાર્યક્રમ, સ્પર્ધા કે રમતમાં જોડે જ રહેતા. એમ કરતાં કરતાં શાળાના દિવસો પૂરા થયા. એક દિવસ બંનેને છૂટા પડવાનો સમય પણ આવી ગયો.

છૂટા પડવાની આગલી સાંજે જૉને માર્કને ફોન કરીને પૂછ્યું કે, 'માર્ક હું તને મળવા માગું છું. શું અત્યારે હું તારા ઘરે આવી શકું ખરો ?'

માર્કે હા પાડી. જૉન માર્કના ઘરે આવ્યો. બંને જણ માર્કના રૂમમાં બેઠા. થોડીક વાર આડીઅવળી વાતો થઈ એ પછી જૉન બોલ્યો, 'માર્ક ! તને આપણી પ્રથમ મુલાકાત યાદ છે ? તેં મને ચોપડા-બૅટ વગેરે મારા ઘરે પહોંચાડવામાં મદદ કરેલી, યાદ આવ્યું ?'

'હા ! તું ઘણો બધો સામાન લઈ જઈ રહ્યો હતો, એ મને બરાબર યાદ છે.' માર્ક બોલ્યો.

'પણ એ બધું હું શું કામ લઈ જઈ રહ્યો એ તે મને નહોતું પૂછ્યું ખરું ને ? હકીકતે એ બધું હું મારું શાળાનું લૉકર ખાલી કરીને ઘરે લઈ જઈ રહ્યો હતો, જેથી મારા ગયા પછી બીજા કોઈને એ ખાલી કરવાની ઝંઝટ ન રહે.'

'તારા ગયા પછી એટલે ?' માર્કે નવાઈ સાથે પૂછ્યું.

'દોસ્ત !' જૉન ગંભીર બની ગયો, 'વાત એમ છે કે એ દિવસે હું આપઘાત કરવાનો હતો. મારી માતાની ઊંઘની ગોળીઓની આખી ડબ્બી એ દિવસે મારા ખિસ્સામાં હતી. હું જિંદગીથી સાવ હતાશ અને નિરાશ થઈ ગયો હતો. મારા પિતાજીના અવસાન પછી અમે આ શહેરમાં આવ્યા હતા. મારે કોઈ મિત્ર કે સગાંવહાલાં કે ભાઈ-બહેન નહોતાં. અરે, દિવસોના દિવસો સુધી મારી સાથે મારી માતા સિવાય વાત કરવાવાળું પણ બીજું કોઈ નહોતું. અમારી આર્થિક સ્થિતિ પણ ખૂબ નબળી હતી. મારી માતાને મારા અભ્યાસની તેમ જ ઘરની એમ બેવડી જવાબદારી પૂરી કરવા માટે રાત-દિવસ કામ કરવું પડતું. એ બધી તકલીફોથી કંટાળીને મેં જિંદગીનો અંત લાવવાનું નક્કી કરી નાખ્યું હતું. પરંતુ માર્ક ! એ દિવસે તે મને જે ટેકો આપેલો એ હકીકત થોડોક સામાન ઊંચકવા માટેનો નહીં, પરંતુ મારી બાકીની જિંદગી હું ઉપાડી શકું એ માટેનો ટેકો બની ગયો હતો. એ નાનકડા ટેકાએ જ મારી જિંદગી બચાવી છે, દોસ્ત ! તારો આભાર કઈ રીતે... !'

જૉન આગળ ન બોલી શક્યો. એની આંખમાંથી અવિરત આંસુ વહેતાં હતાં, તો સામે માર્કની આંખો પણ ક્યાં કોરી હતી ? એ જૉનનો હાથ પકડીને ચૂપચાપ બેઠો હતો.

નિઃસ્વાર્થ ભાવે કરેલું એક નાનકડું કાર્ય પણ ક્યારેક કોઈની જિંદગીના તૂટતા તારને સાંધી આપે છે. આપણને ક્યાં ખબર હોય છે કે આપણું આવું જ એકાદ નાનું કામ, કોઈના માટે જિંદગીભરનો ટેકો નહીં બની જાય ?

### માર્ગદર્શક સ્તંભ

આ કૃતિનું અધ્યાપન કરાવતા પહેલા આપણું અસ્તિત્વ મહદ્અંશે એકબીજાની હૂંફથી જ ટકી રહ્યું હોય છે તે સમજાવી શકાય. માણસ એ સામાજિક પ્રાણી છે. એકબીજાના સથવારે જ તે જીવન જીવે છે. તે ભાવના દૃઢ કરાવી શકાય. દુનિયા આખીને ભલે ઘટાટોપ છાંયો ન આપી શકીએ પણ કોકના દાઝેલા દિલની શીળી છાંયડી તો આપણે બની જ શકીએ તે સંવેદનશીલતાના મૂલ્યનો વિકાસ સાધવા નાનાં નાનાં દૃષ્ટાંતો આપી શકાય. માનવતાના દર્શન કરાવતી બીજી લઘુ નવલિકાઓનાં વાંચન દ્વારા, તેમજ ચર્ચા દ્વારા નૈતિકતાના ગુણોનો વિકાસ આ કૃતિ દ્વારા કરાવી શકાય છે.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલાં શબ્દો લખો.**

| | | | |
|---|---|---|---|
| (૧) ચક્ષુ | (૨) નિદ્રા | (૩) ગજવું | (૪) મૃત્યુ |
| (૫) મિત્ર | (૬) હરીફાઈ | (૭) પુસ્તકાલય | (૮) આધાર |

**સ. ૨. સાચી જોડણી ફરતે ગોળ કરો :**

| | | |
|---|---|---|
| (૧) નિઃસ્વાર્થ | નિસ્વાર્થ | નીઃસ્વાર્થ |
| (૨) જિંદગિ | ઝીંદગી | જિંદગી |
| (૩) કંટાળી | કંડાટી | કંટાડી |
| (૪) આડીઅવડી | આડીઅવળી | આડિઅવળી |

**સ. ૩.** **પાઠમાં આવતાં અંગ્રેજી શબ્દોની યાદી બનાવો.**

**સ. ૪.** **યોગ્ય જોડી બનાવો.**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) વેરવિખેર થઈ જવું | (અ) મદદ કરવી |
| (૨) ટેકો આપવો | (આ) અસ્તવ્યસ્ત થઈ જવું |
| (૩) હાથ પકડવો | (ઇ) હિંમત હારી જવી |
| (૪) પગ પાછા પડવા | (ઈ) આધાર આપવો |

**સ. ૫.** **નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (૧) | વસ્તુ | વેરવિખેર | વિકાસ | વ્હાલ | વાંદરા | વેદના |
| (૨) | નાનકડું | નકામું | નિશાળ | નિગમ | નિર્દોષ | નિઃસ્વાર્થ |
| (૩) | એકાદ | આપઘાત | અંત | આર્થિક | આંસુ | અવિરત |
| (૪) | જિંદગી | જમીન | જીવન | જૉન | જવાનું | ઝંઝટ |

**સ. ૬.** **વિસંગત શબ્દ શોધી તેની ફરતે ગોળ કરો.**

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | મિત્ર | દોસ્ત | ભાઈબંધ | સખી |
| (૨) | ઉંમર | જિંદગી | આયુષ્ય | આવરદા |
| (૩) | દિવસ | દીન | દહાડો | વાસર |
| (૪) | ધન | દોલત | શ્રીમંત | પૂંજી |

**સ. ૭.** **યોગ્ય શબ્દ મૂકી ખાલી જગ્યા પૂરો :**

(૧) પોતાના ભાગનો _______________ ઉંચકતા એ બોલ્યો, મારું નામ _______________ છે.

(૨) _______________ તારો ઘણો આભાર દોસ્ત !

(૩) હું જિંદગીથી હતાશ અને _______________ થઈ ગયો હતો.

(૪) એ જૉનનો હાથ પકડીને _______________ બેઠો હતો.

**સ. ૮.** **યોગ્ય વિકલ્પ શોધી વાક્ય ફરીથી લખો.**

(૧) શાળા છૂટ્યા પછી માર્ક રોકાયો કારણ કે, _______________.

(અ) તેને લાઇબ્રેરીમાંથી ચોપડી બદલવી હતી

(આ) તેને મિત્રો સાથે રમવું હતું

(ઇ) લાઇબ્રેરીમાં ચોપડીઓ જમા કરાવી દેવી હતી

(૨) માર્ક જૉનની માતા સાથે પણ સરસ રીતે વાતો કરવા માંડયો કારણ કે, ______________.

(અ) તેનો સ્વભાવ રમૂજી અને મળતાવડો હતો (આ) માર્ક ઘણો વાતોડિયો હતો

(ઇ) જૉનની માતાએ ચા અને નાસ્તો આપ્યા હતા

(૩) જૉનની માતાને રાત-દિવસ કામ કરવું પડતું કારણ કે, ______________ .

(અ) તેમની પરિસ્થિતિ નબળી હતી (આ) જૉનના પિતા હયાત નહોતા

(ઇ) તેમના માથે જૉનના અભ્યાસની અને ઘરની બેવડી જવાબદારી હતી

**સ. ૯. ઓળખો.**

(૧) રસ્તામાં જૉનનો સામાન ઊંચકનાર ______________

(૨) પોતાની માતાની ઊંઘની ગોળીઓની આખી ડબ્બી લઈને ફરનાર ______________

(૩) રમૂજી અને મળતાવડો સ્વભાવ ધરાવનાર ______________

(૪) જિંદગીના તૂટતા તારને સાંધી આપતું માર્કે કરેલું નાનકડું કામ ______________

**સ. ૧૦. ઘટનાને યોગ્યક્રમમાં ગોઠવો.**

(૧) દિવસો સુધી મારી સાથે મારી માતા સિવાય વાત કરવાવાળું પણ બીજું કોઈ નહોતું.

(૨) હું જિંદગીથી સાવ હતાશ અને નિરાશ થઈ ગયો હતો.

(૩) અમારી આર્થિક સ્થિતિ પણ ખૂબ નબળી હતી.

(૪) મારા પિતાજીના અવસાન પછી અમે આ શહેરમાં આવ્યા હતા.

**સ. ૧૧. 'મિત્રતા' વિશે તમારા શબ્દમાં પથી ૬ વાક્યો લખો.**

**સ. ૧૨. નીચેના વાક્યમાં યોગ્ય વિરામચિહ્ન મૂકો.**

(૧) દોસ્ત જૉન ગંભીર બની ગયો વાત એમ છે કે એ દિવસે હું આપઘાત કરવાનો હતો

(૨) માર્ક તારો ઘણો આભાર દોસ્ત પણ તું મારી સાથે આવીશ અને તારે મોડું થશે તો તારા ઘરે કોઈ ચિંતા નહીં કરે

**સ. ૧૩. સમાસનો વિગ્રહ કરી પ્રકાર લખો.**

| | | | |
|---|---|---|---|
| (૧) નામઠામ | (૨) અન્નજળ | (૩) અઠવાડિયું | (૪) છોડવેલ |
| (૫) ચોમાસું | (૬) સિંહાસન | (૭) ઘેટાંબકરાં | (૮) દહીંવડા |

**સ. ૧૪. સંધિ છોડો :**

(૧) નિઃસ્વાર્થ = ______________ + ______________

(૨) પરીક્ષા = ______________ + ______________

(૩) જલૌઘ = ______________ + ______________

(૪) સ્વાગત = ______________ + ______________

(૫) સૂર્યોદય = ______________ + ______________

(૬) ઈત્યાદિ = ______________ + ______________

(૭) પરોપકાર = ______________ + ______________

(૮) નરેન્દ્ર = ______________ + ______________

**સ. ૧૫.** **પાઠમાંથી પાંચ વિશેષણો શોધીને લખો :**

★ **'પરોપકાર માનવજીવનનો ઉમદા ગુણ છે.' વિષય ઉપર ચર્ચા કરો.**

## પ્રકલ્પ

★ **નિ:સ્વાર્થ સેવા અંગેની બીજી વાર્તા શોધી, સુંદર અક્ષરે ચાર્ટ પેપર પર લખો.**

## વિશેષ વાંચન

### માવજતનો મંતર

સુરતમાં 'હકીમચાચા'ની દોઢસો વર્ષ જાણીતી દવાઓની દુકાન. કોકવાર એ દુકાને જઈ ચાચા સાથે વાતો કરવાની મારી ટેવ. એક વાર એક નવયુવક ગોટી લેવા આવ્યો. પ્રથમ બાળકનો એ પિતા બન્યો હતો. હકીમને કહ્યું : ''બાબાને પાવાની ગોટી આપો.''

હકીમે પૂછ્યું : ''કેવી ગોટી આપું ? એક વાર ઘસારાવાળી, બે વાર ઘસારાવાળી કે ત્રણ વાર ઘસારાવાળી ?''

યુવક : ''મને સમજ નથી પડતી. એક વાર ઘસારાવાળી ને ત્રણ વાર ઘસારાવાળી ગોટીમાં શો ફેર ?''

હકીમ કહે : ''એક વાર ઘસારાવાળી ગોટી, ઓરસિયા પર એક જ ઘસરકો કરો ને પાણી સાથે બાળકને પાવ, તો પેટ ચોખ્ખું રહે. જ્યારે ત્રણ વાર ઘસરકાવાળી ગોટી ત્રણ વાર ઘસવી પડે.''

યુવક : ''પણ એમાં દવા તો એક જ પ્રકારની ને ?''

હકીમ કહે : ''બિલકુલ એક જ પ્રકારની દવા, પણ પૂટ પૂટમાં ફેર. એક ઘસરકાવાળી ગોટીમાં દવા ખૂબ ઘૂંટીને તૈયાર કરેલી. જ્યારે ત્રણ ઘસરકાવાળી ગોટીમાં દવા ઓછી ઘૂંટેલી.''

યુવક કહે : ''ઓહ ! એટલે ફેર શો ?''

હકીમ કહે : ''માવજતનો !!''

દવા એક જ, પણ માવજત જુદી ! જેટલી માવજત વધારે તેટલો દવા પર પૂટ ચડે ને દવાની માત્રા વધે પણ દવા એક જ. આ માવજતનો મંતર મને હકીમચાચાએ સમજાવ્યો.

આપણા જીવનમાંયે કેટકેટલી બાબતો માવજત માગે. રસોઈ માવજત માગે, આપણી કાયા માવજત માગે, બાળકોનો ઉછેર માવજત માગે, આપણો વ્યવસાય માવજત માગે, માંદગી માવજત માગે.

ઉદવાડા જાઓ તો પટેલ બાપાની વાડી જોજો. વાડીમાં બે ફૂટ જ ઊંચા આંબા. વીસ વીસ કેરી લટકે. ફ્લાવર-વાઝમાં મૂકાય એવાં આંબા-જમરૂખી. નાળિયેરીની એવી જાત જે માત્ર છ ફૂટ ઊંચી થાય અને ખૂબ નાળિયેર આપે. બાપાની સાઠ એકરની વાડી જોઈ. ''આ બધું કેવી રીતે બને ?'' એમ પૂછ્યું.

બાપા કહે , ''માવજત.''

માવજતના મંતરને સમજવો હોય તો એક જ રોજિંદી ક્રિયા લઈએ - રોટલો બનાવવાની ક્રિયા. લોટ-પાણી જુદાં હોય તેને અમુક પ્રમાણમાં એકઠાં કરવાં પડે. માવજત કરનારમાં પ્રમાણભાન હોય. પ્રમાણ ચૂક્યા તો પદાર્થ બગડે. પછી મેળવીને લોટ ગૂંદવો પડે. મસળવો પડે. મસળવાની ક્રિયા ધીરજ માગે. માવજત કરનારમાં ધીરજની ખૂબ જરૂર. મસળીને આખડિયે રોટલો થાબડવો પડે. હળવે હાથે એ કરવું પડે. એટલે માવજત કરનારમાં હળવે હાથે કામ કરવાની આવડત જોઈએ.

એ રોટલાને તાવડીમાં ધીમે તાપે શેકવો પડે. માવજત કરનારમાં શેકવાની આવડત ને શેકાવાની ધીરજ અને ક્ષમતા જોઈએ. છેવટે કદાચ હાથ દાઝે, પણ રોટલાને દેવતા પર ફુલાવવો પડે. માવજત કરનારને તાપ સહન કરતાં આવડવો જોઈએ. એ સહનશક્તિ. અને છેવટે એ રોટલા પર ઘી કે તેલ (જેને સંસ્કૃતમાં સ્નેહ કહેવાય) લગાડે. માવજત કરનાર પાસે પૂરતા પ્રમાણમાં સ્નેહ હોવો જોઈએ.

એક વાર માવજત કરી જુઓ : તમારો રોટલો રૂડો લાગશે.

– દોલતભાઈ દેસાઈ

## સ્વાધ્યાય

સ. ૧. માવજતના મંતરને સમજવા માટે આપેલ ઉદાહરણ લખો.

સ. ૨. હકીમચાચા અને યુવક વચ્ચેનો સંવાદ તમારા શબ્દોમાં લખો.

સ. ૩. માવજતના મંત્રને જીવનમાં ઉતારવાથી આપણામાં ક્યા ક્યા ગુણો ખીલે છે, તમારા શબ્દોમાં વર્ણવો.

'બીજાને કરેલી મદદ એ જ માનવીય વ્યવહારોની હૂંફ.'

6ZQHJD

# ૪. ઘેર બેઠા રજાની મજા માણવાના નુસખાઓ (સ્ટેકેશન)

**જય વસાવડા**

જય લલિત વસાવડાનો જન્મ ૬ ઓક્ટોબર, ૧૯૭૩ના રોજ સૌરાષ્ટ્રમાં આવેલા ગોંડલ ગામે થયો હતો. તેમની સમાજ અને સંસ્કૃતિ વિશેની કોલમ ગુજરાતી દૈનિકમાં છેલ્લા ૧૧ વર્ષથી પ્રકાશિત થાય છે. તેઓ થોડા સમય માટે પ્રાધ્યાપક તથા આચાર્ય તરીકે કોલેજમાં કાર્યરત રહ્યા. અત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની કોલેજમાં વિઝિટીંગ પ્રોફેસર તરીકે કાર્ય કરે છે. તેમણે વિજ્ઞાન, સિનેમા, આંતરરાષ્ટ્રીય રાજકારણ, સ્ત્રી સશક્તીકરણ, પર્યાવરણ, સંસ્કૃતિ, ધર્મ, કલા, યુવા, શિક્ષણ, અર્થશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, વ્યવસ્થાપન, સાહિત્ય જેવા વિષયો પર ૧૧૦૦થી વધુ લેખ લખ્યા છે.


અનેક સંસ્થાઓમાં તેઓ વકતા તરીકે લોકપ્રિય છે. ઘણાં ટી.વી. શોનું સંચાલન પણ કરે છે. 'વેકેશન સ્ટેશન', 'જય શ્રી કૃષ્ણ', 'જય હો', 'નોલેજ નગરિયા', 'પ્રીત કિયે સુખ હોય', 'સાહિત્ય અને સિનેમા' વગેરે તેમના પુસ્તકો પ્રકાશિત થયા છે.

**સૂર કૃતિનો**

૨૧મી સદીની ઝડપી અને મોંઘીદાટ જીવનશૈલીમાં ઘેર બેઠા વેકેશનની મજા માણવાના નુસખાઓ આ રમૂજી નિબંધમાં આપ્યા છે. રજાનો અસલી વૈભવ ઘરે રહીને પણ માણી શકાય છે. ઘરે રહેવાનુંય માનીએ છીએ એટલું નિયમિત નથી હોતું, તે વિવિધ ઉદાહરણ દ્વારા લેખકે સમજાવ્યું છે. માત્ર મોંઘાદાટ કલાસીસ કરી વેકેશનમાં પણ વર્ગની ચાર દીવાલો વચ્ચે ગોંધાઈ રહેવાને બદલે કંઈક અલગ અંદાજથી દુનિયા જીવવાની મજા કંઈ અલગ જ હોય છે. એનું વર્ણન આ કૃતિમાં કરાયું છે. અહીં આપેલા રજા માણવાના નુસખાઓને અજમાવવાથી સમય અને પૈસાનો વેડફાટ તો બચે જ છે. ઉપરથી આપણી સર્જનશક્તિને વેગ મળે છે, જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે, સંસ્કૃતિ તરફ આકર્ષણ વધે છે અને ભવિષ્યમાં ફાયદો તો થાય જ તે નફામાં.

રવિવાર કે રજાની સાંજ હોય, કે પછી ઉનાળાનું, દિવાળીનું કે નાતાલનું વેકેશન હોય ત્યારે રોજિંદી ઘરેડ કે ઘટમાળમાંથી રિલેક્સેશન મેળવવા આપણે જુદીજુદી યોજનાઓ કે કાર્યક્રમો ઘડતા હોઈએ છીએ અને સમય અને પૈસા બંનેનો વેડફાટ કરતા હોઈએ છીએ. આ વેડફાટથી બચવા માટે ગુજરાતભરમાં કદાચ પહેલી વાર જ ઇન્ટ્રોડ્યુસ થતો યુનિક કોન્સેપ્ટ એટલે 'સ્ટેકેશન !' 'સ્ટેકેશન' એટલે વેકેશનની બદલાયેલી વ્યાખ્યાને રિવર્સ કરતો શબ્દ ! સ્ટે એટલે રોકાવું, અને સ્ટેકેશન એટલે રજાઓમાં બહાર ભાગવાને બદલે ઘરમાં જ રહેવું તે.

સ્ટેકેશનની પ્રાથમિક શરત એ જ છે કે, ઘરમાં પણ બહારગામ ગયા હો ત્યારે જે ડિસિપ્લીનમાં રહીએ છીએ, એમ જ રહેવાનું. ટીવી, મોબાઈલ ફોનનો વપરાશ ઘટાડવાનો. આખા દિવસની પ્રવૃત્તિનું આયોજન કરવાનું અને મેન્ટલી ઑફિસ, શાળા કે સગાસંબંધીઓથી ડિટેચ્ડ થઈ જવાનું ! તો રેડી ?



ચાલો ચેક ઈન કરીએ, સ્ટેકેશનનું.....

**(૧) લોકલ ટુરિઝમ :** આસપાસના નજદીકી વિસ્તારોને બહારથી આવેલા ટુરિસ્ટ જેટલાં જ રોમાંચ તથા વિસ્મયથી નિહાળવા ફરી શકાય. જેમ કે આપણા શહેરની કોઈ આગવી ઓળખ હોય – દા.ત. કોઈ ઈમારત, હેરિટેજ પેલેસ, મહેલ, બગીચો કે પછી બજાર.

**(૨) બુક રીડિંગ ફેસ્ટિવલ :** મિત્રો કે કુટુંબીજનો શિબિરની જેમ અવનવા વિષયોનાં પુસ્તકો, પ્રિફરેબલી ફિક્શનલ પસંદ કરે અને વિધાઉટ ડિસ્ટર્બન્સ ઘરના ફેવરિટ કોર્નરમાં જાંબુડા, કેરી, આઈસક્રીમ કે ચવાણું ખાતાં ખાતાં કે ગ્રીન ટીના શીતળ સબડકાં લેતાં વાંચે પછી ડિસ્કસ કરે. આઈડિયા એક્સચેન્જ કરે અને વાંચતા વાંચતા ઘેર બેઠા જ બ્રહ્માંડની સફરે ઊપડી જાય ! નિરાંત જીવે કોઈ સ-રસ પુસ્તક વાંચવું એય ધ્યાન અને સાધના છે !

**(૩) આર્ટસ એન્ડ સાયન્સ પ્રોજેક્ટ :** કોઈ એક મેમ્બર ઇન્વાઈટેડ ફ્રેન્ડલી એક્સપર્ટ ડાન્સ સ્ટેપ્સ કે પેઈન્ટિંગ શીખવાડે. કે પછી જાતે જ આવડે એવું કરવાની ધમાલ મચાવી દેવાની. શૂઝના ખોખામાં કેમેરો બનાવવાનો કે ફ્રોઝન ફૂડમાં આવતા ડ્રાય આઈસને પાણીમાં નાખવાનો કે કશુંક ટેકનિકલ ભેજું લડાવવાનું. મિસ્ત્રીકામના ઓજારોથી એકાદ ટેબલ-ખુરશીનું સર્જન કરવું કે દીવાલને પેઈન્ટ કરવી. સરકીટ બોર્ડને સોલ્ડરિંગથી જોડવા કે એડવેન્ચર ટ્રિક્સ બનાવવી. રોજીંદા વપરાશના ઈલેક્ટ્રોનિક્સ કે ઓટોમોબાઈલ સાધનો પાછળના સિદ્ધાંતો (થ્રીડી/ ફોર સ્ટ્રોક/ ટચસ્ક્રીન/ પિસ્ટન એટસેટરા) રસ લઈ ઇન્ટરનેટની મદદથી સમજવા. કોઈ ભરતકામ, કોઈ ઢીંગલું બનાવવું, કોઈ માટીકામ, કોઈ ઇન્સ્ટ્રુમેન્ટ વગાડવું-કશીક કારીગરીની કમાલ માણવી !

**(૪) ઓબ્ઝર્વેશન ટ્રિપ :** ભલે હિલ સ્ટેશન પર ન ગયા. પણ જરાક આપણા જ ગામની કોઈ હોસ્પિટલ કે પોલીસ ચોકી, નર્સરી કે ફેક્ટરીમાં તો પહોંચી જાવ ! થોડીક ઓળખાણ ગામમાં ને ગામમાં તો નીકળે જ. (એ નેટવર્કિંગ કેળવવું એ ય વેકેશન ટ્રેઈનિંગ ગણાય !) એમના થકી આ બધા પોતપોતાની કામગીરી કેમ કરે છે. (જેમ કે,

ફિલ્મ પ્રોજેક્શન કેવી રીતે થાય છે ? પેંડા કેવી રીતે બને છે ?) એ ઝીણવટપૂર્વક જોવાનું ! નોટ્સ બનાવવાની. વળી ફ્યુચર કરિઅરમાં કામ લાગશે. પ્રોડક્શન કે એડમિનિસ્ટ્રેશન પ્રોસેસ જોવી એ પ્રેકટિકલ લાઈફ સ્કૂલ છે. ગામમાં કોઈ ઐતિહાસિક સ્થળ હોય કે મ્યુઝિયમ/ આર્ટ ગેલેરી હોય તો અચૂક ત્યાં પહોંચીને એનો રસકસ મધમાખીની જેમ ચૂસી લેવાનો ! પ્રાણીબાગમાં જઈ પશુપંખીઓનું નિરીક્ષણ કરવાનું કે નદી - દરિયાના કિનારે જઈને એની સજીવસૃષ્ટિ નીરખવાની. વોટરપાર્કમાં જવાની તો છૂટ હોય જ.

**(૫) ફાર્મિંગ એન્ડ ફ્રુટપિકિંગ :** ઘેટ્સ ઇન્ટરેસ્ટિંગ ભાવવધારાની બૂમો પાડતા પાડતા પણ કેરી તો ખાઈશું જ. પણ આંબાવાડિયામાં કોણ જાય છે ? જાતે રાવણા પર ચડીને જાંબુ તોડવાની લિજ્જત ખાલી વાંદરાઓ માટે જ રિઝર્વ્ડ છે ? ગુલદસ્તાઓ બહુ બધી પાર્ટીઝમાં લીધા-દીધા-કાંટા વચ્ચે હાથ નાખીને ગુલાબ કેટલા ચૂંટ્યા ? (ના ચૂંટો તો, જુઓ તો ખરા !) એ બહાને એર ટિકિટ ખર્ચ્યા વિના પ્રકૃતિની નજીક રહેવાશે. ગાય-ભેંસ દોહવાતી હોય એ જોઈને શીખવું કે પછી ઉનાળુ ગરમીને ગણકાર્યા વિના કોઈ ખેતરમાં જઈ બેસવું. વનસ્પતિઓની અને છોડની ઓળખ મેળવવી. રીંગણાનો છોડ અને મરચીનો છોડ કેવો દેખાય એ કુતૂહલ કેળવવું. બંસી અને ટુકડા ઘઉંના દાણાનો ફરક પારખવો.

**(૬) સ્કાયવોચિંગ એન્ડ ટેરેસ કેમ્પિંગ :** જી હા, તંબુ તાણવા જંગલમાં જવું પડે એવું કોણે કહ્યું ? મેળ પડે તો અગાસી કે ફળિયામાં ટેન્ટ તાણો. જરાક નવીન લાગતો રોમાંચ થશે. ને ના ફાવે તો રૂમ છે જ ! એમાં જમવા-સૂવાનું અને ગૂગલિંગ કરી તારા-ગ્રહોનાં સ્થાન સમજી પછી મધરાતના ઘેરથી આકાશદર્શન કરવાનું. સાચું ટેલીસ્કોપ કે બાયનેક્યુલર ઉછીનું મળી જાય તો બહોત અચ્છે. સાવચેતીપૂર્વક કેમ્પ ફાયર એન્ડ ગેઇમ્સની મહેફિલ પણ માણી શકાય, આપણાં જ ઘરની આસપાસ, કેમ્પ ફાયરને વળી લોકેશન કેવું ? અને હા, બધા ભેગા થઈને ઇન્ડોર ગેઇમની ટુર્નામેન્ટસ કરી જ શકે ને !

**(૭) ફૂડ ફિએસ્ટો :** ગામમાં વખણાતી વાનગીઓ મંગાવવી ને કિચનમાં વેકેશન. નેકસ્ટ સ્ટેપ, ઓળખીતાઓમાંથી કોઈને કશુંક મસ્ત રાંધતા આવડતું હોય, એનો લાભ એને સન્માનપૂર્વક ઘેર બોલાવી લેવો. પછી ? પોતાના કલ્ચર/ પ્રદેશની કોઈ વખાણાતી ડિશ ખાસ ખાવી. અને એના વિશે થોડી માહિતી મેળવવી. પછી આટઆટલા રેસિપી શોઝનો ફાયદો ઉઠાવી, કશુંક નવતર કૂકિંગ શીખવું. પુરૂષોએ તો ખાસ. ને સ્ત્રીઓએ ગરમાગરમ પહેલાં પોતે જ ખાતા ને સ્વાદ માણતા શીખવું. એક વીકનું સ્પેશ્યલ પ્લાનિંગ કરી શકાય. સાથે મળી સ્પેશ્યલ મેનુ રાંધવા, ખાવા અને વાસણ સાફ કરવાનું !

**(૮) વર્ચ્યુઅલ પિકનિક :** સારું નેટ કનેક્શન અને કોમ્પ્યુટર કે ટીવી હોય તો ઘેર બેઠા કોઈ સરસ ઇન્ટરનેશનલ મ્યુઝિયમ કે આર્ટ ગેલેરી કે ગાર્ડનની સાઈટ પર જઈ, જે-તે ફેમસ પ્લેસમાં રીતસર લટાર મારી શકાય, યુ નો ? કોઈ ખર્ચ વિના સેંકડો ચિત્રો, આભૂષણો, મોડેલ્સ, ઘરેણાં, બાંધકામ, વસ્ત્રો, ફોટોગ્રાફ્સ, ક્રાફ્ટસ્ બધું જ જોઈ શકાય સાગમટે કોમેન્ટસ કરતાં કરતાં ! નાયગ્રાના ધોધથી, ઈજિપ્તના પિરામિડથી આફ્રિકન સફારી-તમામના એચડી વિડિઓ મોજૂદ છે. પેસિફિક સમંદરના પેટાળમાં ડૂબકી મારો કે ડબલ ટેલીસ્કોપની આંખે બ્રહ્માંડ નિહાળો ! પોતાના દેશનો કે વિસ્તારનો ભાતીગળ ઇતિહાસ વર્ણવતી અને પરિચય કરાવતી યાત્રા પણ થાય. અરે, ખુદના જ કુટુંબ કે વતનની જોડે બેસીને ગમ્મતભરી યાદો વાગોળતા તસવીરી સફર કરી શકાય ને ?

આ છે સ્ટેકેશન. એવું નહિ કે બહાર ઘૂમવા નીકળવું ખોટું છે. ઇનફેક્ટ, એ બેહદ જરૂરી છે. પણ ક્યારેક ઘેર રહેવાનું ય માનીએ છીએ એટલું રૂટીન નથી.

## માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવતાં પહેલાં, બાળકો કઈ રીતે પોતાની રવિવારની રજાઓ કે અન્ય રજાઓ વિતાવે છે તેની ચર્ચા કરી શકાય. આનંદ અને આત્મવિકાસ માટે શું વાંચવું, સાંભળવું કે જોવું, એ માટેની ઉત્તમ ઉપયોગી ચાવીઓ શિક્ષક પોતે આપી શકે. ઇન્ડોર ગેમ્સની ચર્ચા કરી શકાય. વિવિધ માહિતી બાળકો પાસેથી મેળવી શકાય.

'પૃથ્વીનો છેડો ઘર' આ ઉક્તિની વાસ્તવિકતાથી માહિતગાર કરી શકાય. આજના ઝડપી યુગમાં લોકોને એકબીજા માટે સમય નથી હોતો. ત્યારે લાગણીના સંબંધોને વધુ સારી રીતે વિકસાવવા માટે 'રજાની મજા' માણવાના નવતર ઉપાયો આ કૃતિ દ્વારા યોજવાની પ્રેરણા આપી શકાય. પાઠમાં આવતા અંગ્રેજી શબ્દોનું ગુજરાતી ભાષાંતર બાળકોને જણાવવું.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) વ્યય (૨) આંગણું (૩) મજા (૪) પ્રવાસ

(૫) ફાયદો (૬) પરિચય (૭) કુદરત (૮) મન

**સ. ૨. રૂઢિપ્રયોગનો અર્થ લખી વાક્યમાં વાપરો.**

(૧) દિમાગ ચકરાવવું (૨) કોળિયો કરી જવો

(૩) ભેજું કસવું (૪) કુતૂહલ કેળવવું

**સ. ૩. આપેલા ઉદાહરણ મુજબ લખો.**

ઉદા. ફાયદો – ગેરફાયદો

(૧) પ્રભાત – 

(૨) મધરાત – 

(૩) સન્માન – 

(૪) પસંદ – 

(૫) સુગંધ – 

**સ. ૪. શબ્દોનું શીર્ષાસન કરો :**

(૧) ન શ કે વે

(૨) ત રા જ ગુ

(૩) લ ઈ બા મો

(૪) સ્તી મ જ મો

**સ. ૫.** **આપેલા શબ્દના અક્ષરોનો ઉપયોગ કરી નવા અર્થપૂર્ણ શબ્દો બનાવો.**

(૧) ગરમાગરમ (૨) બહારગામ

**સ. ૬.** **પાઠમાં આવેલા કોઈપણ ૧૦ (દસ) અંગ્રેજી શબ્દો લખી, તેના ગુજરાતી અર્થ શોધો.**

**સ. ૭.** **કહો.**

(૧) ડબલ ટેલીસ્કોપની આંખે નિહાળવાનો – ____________

(૨) જાતે રાવણા પર ચડીને જાંબુ તોડવાની લિજ્જત માણનાર – ____________

(૩) પોતાના દેશનો કે વિસ્તારનો ભાતીગળ ઇતિહાસ વર્ણવતી યાત્રા ઘેર બેઠે કરાવનાર – ____________

(૪) કૃતિમાં વર્ણવાયેલો યુનિક કોન્સેપ્ટ – ____________

**સ. ૮.** **નીચેની ખાલી જગ્યા પૂરો.**

(૧) શૂઝના ખોખામાં ________________ બનાવવા ભેજું લડાવવાનું.

(૨) ઉનાળુ ગરમીને ગણકાર્યા વિના કોઈ ________________ માં જઈ બેસવું.

(૩) સાવચેતીપૂર્વક કેમ્પ ફાયર એન્ડ ગેઈમ્સની ________________ પણ માણી શકાય.

(૪) પોતાના દેશનો કે વિસ્તારનો ________________ ઈતિહાસ વર્ણવતી અને પરિચય કરાવતી યાત્રા પણ થાય.

**સ. ૯.** **રજાની મજા માણવાના નવતર ઉપાયો ઓળખો.**

(૧) હિલ સ્ટેશન પર ગયા વિના જ ઝીણવટપૂર્વક જોવાની ટ્રીપ – [ ]

(૨) વનસ્પતિઓની અને છોડની ઓળખ મેળવવી – [ ]

(૩) તારા-ગ્રહોના સ્થાન સમજી પછી મધરાતના ઘેરથી આકાશદર્શન કરવું – [ ]

(૪) કશીક કારીગરીની કમાલ માણવી એટલે – [ ]

**સ. ૧૦.** **હવે પછીના વેકેશનમાં ઘેર બેઠા તમે ક્યો નુસખો અપનાવશો તે તમારા શબ્દોમાં લખો.**

**સ. ૧૧.** **સંધિ :**

(૧) એકાંત = એક + [ ]

(૨) પ્રતીક્ષા = [ ] + ઈક્ષા

(૩) સિંહાસન = [ ] + આસન

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૪) | [ ] | = | અતિ | + | આચાર |
| (૫) | કવીશ્વર | = | [ ] | + | ઈશ્વર |
| (૬) | [ ] | = | ગંગા | + | ઉદક |

સ. ૧૨. સમાસનો વિગ્રહ કરી પ્રકાર લખો.

| સામાસિક શબ્દ | વિગ્રહ | પ્રકાર |
|---|---|---|
| (૧) રાધાકૃષ્ણ | | |
| (૨) ત્રિકાળ | | |
| (૩) મધમાખી | | |
| (૪) તોફાન મસ્તી | | |

સ. ૧૩. વાક્યો બહુવચનમાં ફેરવો.

ઉ.દા. હું ટેબલ ખુરશી લાવ્યો – અમે ટેબલ ખુરશીઓ લાવ્યા.

(૧) તું પુસ્તક લાવ્યો છે.

(૨) બાળક મેદાનમાં રમે છે.

(૩) પેલા માળામાં ચકલીનું બચ્ચું બેઠું છે.

(૪) નદીમાં માછલી તરે છે.

સ. ૧૪. લેખકનો વેકેશનનો ક્યો નુસખો તમને વધુ ગમ્યો તેની ચર્ચા કરો.

## પ્રકલ્પ

★ તમે જોયેલા કોઈ સ્થળના ફોટાના આધારે સુંદર સ્લાઈડ-શો (P.P.T.) બનાવો.

## લેખન કૌશલ્ય

★ મારો યાદગાર પ્રવાસ વિષય પર નિબંધ લખો.

★ દાદાજીની ષષ્ઠીપૂર્તિની ઉજવણી નિમિત્તે તમારા કુટુંબીજનોને આમંત્રણ આપતો પત્ર લખો.

★ 'આંતરરાષ્ટ્રીય મહિલાદિન' નિમિત્તે બહેનો દ્વારા તૈયાર કરેલ હસ્તકલાની વસ્તુઓના પ્રદર્શન અંગેની જાહેરખબર તૈયાર કરો.

## વિશેષ વાંચન

### સ્કાઉટ અંગે થોડું જાણો.

ઘણા લોકોના મનમાં એવી તદ્દન 'ખોટી' ગેરસમજ છે કે સ્કાઉટિંગ એક સૈન્ય સંસ્થા છે. પણ સ્કાઉટિંગ ના તો સૈન્ય સંસ્થા છે કે ના કોઈ બિન સૈન્ય સંસ્થા. સ્કાઉટિંગનો ઉદ્દેશ્ય વ્યક્તિને સૌથી સારામાં સારા નાગરિક તેમજ સમાજસેવક બનાવવાનો છે.

સ્કાઉટિંગમાં પ્રવેશ કરવાની 'પહેલવહેલી' ઉંમર છે, ત્રણ વર્ષ. જેની સૌથી નાની શાખા છે, 'બની' જેમાં ત્રણથી છ વર્ષ સુધીની ઉંમરના બાળકોને સાથે રાખવામાં આવે છે અને રમતાં રમતાં તેમને શિક્ષણ આપવામાં આવે છે, જ્યારે છોકરો છ થી દસ વર્ષ સુધીનો થાય ત્યારે તેને 'કબિંગ' અને છોકરીઓને 'બુલબુલ'ના નામથી બોલાવવામાં આવે છે. આ કબિંગ અને બુલબુલ ગ્રુપમાં છોકરા-છોકરીઓને એક સારો સ્કાઉટ-ગાઈડ બનાવવા માટે રમત તેમજ ગીતના માધ્યમથી પ્રભાવશાળી શિક્ષણ આપવામાં આવે છે. જેનું પ્રેરક વાક્ય છે, 'ડુ યોર બેસ્ટ'. એટલે કે 'તમારાથી બનતું શ્રેષ્ઠ કરો.' ત્રીજું પગથિયું છે, સ્કાઉટિંગ અને ગાઈડિંગ. જેમાં ૧૦થી ૧૮ વર્ષની ઉંમરના તરુણ બાળકો-યુવાનોનો સમાવેશ કરવામાં આવે છે. આ ગ્રુપનો મંત્ર છે. 'બી પ્રીપેર્ડ' મતલબ 'તૈયાર રહો', જેમાં યુવકોના સંગઠનને સ્કાઉટિંગ તેમજ યુવતીઓના સંગઠનને ગાઈડિંગ કહેવામાં આવે છે. જ્યારે ૧૮થી ૩૫ વર્ષના યુવક-યુવતીઓને ક્રમાનુસાર 'રોઅર' અને 'રેન્જર' કહેવામાં આવે છે, જેમનું સૂત્ર છે 'સેવા.'

– સંકલિત

## સ્વાધ્યાય

સ. ૧. સારા નાગરિક બનવા માટે સ્કાઉટિંગનું મહત્ત્વ સમજાવો.

સ. ૨. સ્કાઉટિંગ વિશે ૪થી ૫ વાક્યો તમારા શબ્દોમાં લખો.

★ તમારી શાળામાં ૨૬મી જાન્યુઆરીએ યોજયેલી 'રક્તદાન શિબિર'નો અહેવાલ લગભગ ૧૦૦ શબ્દોમાં તૈયાર કરો.

★ અતિવૃષ્ટિ થઈ હોય તેવા અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાતનો અહેવાલ તૈયાર કરો.

6ZZSL1

જીવ્યા કરતાં જોયું ભલું, જોયા કરતાં જાણ્યું ભલું જાણ્યા કરતાં માણ્યું ભલું.

# ૫. આળસ

## રતિલાલ બોરીસાગર

ગુજરાતી ભાષાના ખ્યાતનામ, હાસ્યલેખક, નિબંધકાર, રતિલાલ બોરીસાગરનો જન્મ ૩૧ ઓગસ્ટ, ૧૯૩૮ના રોજ સૌરાષ્ટ્રના સાવરકુંડલા ખાતે થયો હતો. તેમણે એમ.એ., બી.એડ. તથા પીએચ.ડી. કર્યા બાદ શિક્ષક, પ્રોફેસર, સરકારી ઓફિસર જેવી વિવિધ નોકરીઓ કરી હતી.

તેમની મુખ્ય રચનાઓમાં 'મરકમરક', 'આનંદલોક', 'અર્વાચીન ગુજરાતી હાસ્ય લેખ', 'સંભવામિ યુગે યુગે' નામે લઘુનવલ તથા 'બાલ વંદના' નામે બાલસાહિત્યનો સમાવેશ થાય છે. ગુજરાતી દૈનિક પત્રોમાં નિયમિત હાસ્યની કોલમ લખનારા રતિલાલભાઈને ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી જ્યોતીન્દ્ર દવે પારિતોષિકથી સન્માનિત કરવામાં આવ્યા છે.

## સૂર કૃતિનો


પ્રસ્તુત કૃતિ એક હાસ્યકૃતિ છે. લેખકે અહીં જુદાં-જુદાં સ્વભાવના માનવોનું ચિત્રણ કરી, આળસુ વ્યક્તિના સ્વભાવની લાક્ષણિકતાઓ રજૂ કરી છે. સ્વાતંત્ર્યપૂર્વેના એક એદીખાનાનું વર્ણન અહીં કરવામાં આવ્યું છે. આળસુ વ્યક્તિ ગમે તેવી મુશ્કેલીમાં પણ પોતાના દુર્ગુણને ત્યજી નથી શકતો. તેનું દુષ્પરિણામ તે ભોગવવા તૈયાર થાય છે. પણ મહેનતના નામે કતરાય છે. રમૂજભરેલી વાર્તા દ્વારા લેખક ગમ્મત સાથે જ્ઞાન પીરસવામાં સફળ રહ્યા છે. 'આળસ એ માનવનો મોટો શત્રુ' આ સંદેશ આપતી આ વાર્તા ખરેખર લેખકની હાસ્ય રસિકતા સાથે તેમની ચીવટને પ્રગટ કર્યા વિના રહેતી નથી.

પેટમાં લાડુ કે શીખંડ યથાશક્તિ ઠાંસીને ભરી દીધા હોય પછી કોઈ પીરસવા આવે તો ગુનો કબૂલ કરાવવા ફટકા પડતા હોય ને માણસ 'બસ ! બસ ! ભાઈસાબ બસ !' એમ રાંક થઈને બોલી ઊઠે છે. પરંતુ લક્ષ્મીના ઘોડાપૂર આવતા રહે, પોતાના ઓરડાઓમાં પસ્તીની જેમ કરન્સી નોટો રખડતી રહે એટલા પૈસાદાર થઈ ગયા પછી પણ કોઈ  લક્ષ્મીનંદન 'બસ ! એમ બોલી ઊઠે ?' ના, ન જ બોલી ઊઠે. આવું બોલી ઊઠનાર ધનવાન મનુષ્ય પશ્ચિમની ધરતી પર તો શું, ત્યાગ અને તપની ભૂમિ એવા ભારત દેશમાં પણ ન મળે.

પણ પૈસા જેવી જ એક ચીજ છે, જે ગમે તેટલી વધે તો ય માણસ ધરાય નહિ. એ અમૂલ્ય ચીજ છે - આળસ ! ધનની ભૂખની જેમ આળસની ભૂખ નજરે ચડતી નથી, કારણ કે ધનનું પ્રદર્શન માણસ ઉત્સાહથી કરે છે, જ્યારે શુદ્ધ, અણીશુદ્ધ, પરિશુદ્ધ આળસુઓને આળસનું પ્રદર્શન કરવાની પણ આળસ ચડતી હોય છે. ધનનું પ્રદર્શન થાય, આળસનું તો કેવળ દર્શન થાય ! પણ આળસનું દર્શન કરવા માટે દિવ્યચક્ષુ જોઈએ. ચર્મચક્ષુથી આળસનું દર્શન સંભવિત નથી. આળસુ મનુષ્યોએ આળસનો કેવો મહાન સંચય કર્યો હોય છે એની ખબર કેવળ દિવ્યચક્ષુથી જ પડી શકે. ધનનો સંચય કરનાર અભિમાની અને વિલાસી બની જાય તેવો સંભવ રહે છે, પરંતુ આળસનો સંચય કરનાર તો સુખદુઃખ મનમાં ન આણનાર નિર્મોહી યોગીની કક્ષાનો હોય છે !

સ્વાતંત્ર્ય પૂર્વે એક રાજવીના રાજ્યમાં એક 'એદીખાનું' ચાલતું હતું. જેમ અનાથાશ્રમ હોય, વૃદ્ધાશ્રમ હોય તેવું એદીખાનું. રાજ્યભરમાંથી એદીઓ એટલે કે આળસુઓ આ એદીખાનામાં એકઠા થયેલા. આળસુજન માટે 'એદી' શબ્દ થોડો હીનતાવાચક-હલકો અવશ્ય છે. આળસુઓના ગૌરવ સાથે આ શબ્દ સુસંગત નથી. ખરેખર તો 'આલસ્યસદન-આલસ્યભવન' જેવા કોઈ શબ્દનો પ્રયોગ ઉચિત ગણાય. આપણે એ જ શબ્દ વાપરીશું. હા, તો આ આલસ્યભવનમાં આળસુઓની સંખ્યા તો પેલી વાર્તાની રાજકુમારી પેઠે દિવસે ન વધે એટલી રાતે વધે અને રાતે ન વધે એટલી દિવસે વધે ! કંઈ કામબામ કરવાનું નહિ. ચાના સમયે ચા મળે, ખાવાના સમયે ખાવાનું મળે, બીડી પીવી હોય તેને બીડી મળે. જાતે કપડાં ધોવાનાં નહિ, વાસણ સાફ કરવાનાં નહિ, કચરાપોતાં કરવાનાં નહિ, આવો વૈભવ હોય પછી આલસ્યભવનમાં સંખ્યા શા માટે ન વધે ? આળસુઓની સંખ્યા વધતી ગઈ એમ રાજાની મૂંઝવણ વધતી ગઈ. પોતાના જેવા ઉદ્યમી રાજાના રાજ્યમાં આળસુઓ આટલી મોટી સંખ્યામાં વસે છે એ જાણી રાજાને ભારે આઘાત લાગ્યો. પગારપંચની ભલામણોનો અમલ કર્યા પછી પગાર કરવાનાં ફાંફા પડે ત્યારે આજની લોકશાહી સરકાર જેમ મૂંઝાઈ જાય છે તેમ આટલા મોટા એદીખાનાના મેન્ટેનન્સના પ્રશ્ને રાજા મૂંઝાઈ ગયા. અણીશુદ્ધ આળસુઓને નિભાવવા સામે એમને વાંધો નહોતો પણ અણીશુદ્ધ યોગીઓની પેઠે અણીશુદ્ધ આળસુઓ પણ ઝાઝા ન હોઈ શકે એની એમને ખાતરી હતી. આલસ્યભવનમાં એક નંબરના એદીઓની સાથે બે નંબરના એદીઓ પણ હોવા જોઈએ એમ એમને લાગ્યું. એ જમાનામાં હંગ પાર્લામેન્ટ કે મિશ્ર સરકાર નહોતાં. એટલે રાજા ઝડપથી નિર્ણય લઈ શકતા. એમણે દીવાનને આનો કંઈક રસ્તો કાઢવા કહ્યું. એ વખતના દીવાનોને રાજાને ઉથલાવીને દીવાનમાંથી રાજા થવાનો વિચાર આવતો નહોતો એટલે દીવાનો રાજાને મિસગાઈડ કરતા નહોતા. દીવાને અણીશુદ્ધ એદીઓ શોધી કાઢી એનું નવું લિસ્ટ બનાવી આપવાનું વચન આપ્યું.

પહેલાં તો દીવાનને એદીઓનો ઇન્ટરવ્યૂ લેવાનો વિચાર આવ્યો. પણ દીવાન બાહોશ હતા. એમને થયું કે જેમ માત્ર ઇન્ટરવ્યૂથી કોઈ સ્ત્રી કે પુરુષ પત્ની કે પતિ તરીકે કેવાં નીવડશે તેનો ખ્યાલ આવતો નથી, જેમ માત્ર ઇન્ટરવ્યૂથી કોઈ ઉમેદવાર કર્મચારી તરીકે કેવો નીવડશે એની ખબર પડતી નથી તેમ માત્ર ઇન્ટરવ્યૂથી અણીશુદ્ધ એદીઓનો ખ્યાલ આવશે નહિ ! આ લોકોને તો જવાબ આપવાનીય આળસ આવે ! બહુ વિચાર કરીને દીવાને એક ઉપાય શોધી કાઢ્યો. 'આલસ્યભવનનું બિલ્ડિંગ જૂનું અને જર્જરિત હતું. એક રાત્રે દીવાને આલસ્યભવનને આગ લગાડાવી. આગ લાગતાં જ કેટલાક તો નાઠા. એમનાથી ચડિયાતા પ્રકારના આળસુઓ આગ ઓલવવાના બંબા આવી પહોંચે ને આગ ઓલવી નાખે તો આપણે જવું નહિ એમ વિચારીને થોભ્યા. પણ બંબા આવવાના કોઈ ચિહ્નો જણાયાં નહિ એટલે તેઓય નાઠા પણ પ્રથમ કક્ષાના આળસુઓ તો બંબા આવે તોય ભલે અને ન આવે તોય ભલે, આગ ઓલવાય તોય ભલે અને ન ઓલવાય તો ભલે. હવે તો 'જીના યહાં મરના યહાં, ઈસકે સિવા જાના કહાં...' કરતા પોતાની જગ્યાએ જ પડી રહ્યા. મરવાનું હશે તો પાંચમની છઠ થવાની નથી એવી અપ્રતિમ શ્રદ્ધા સાથે કોઈ રમણીય દશ્ય જોતા હોય એમ ફેલાતી જતી આગ જોઈ રહ્યા. દીવાન છુપાઈને આ બધો ખેલ જોતા હતા. સામે લબકારા મારતી આગ જોયા પછી પણ અવિચલ બેઠા રહેલા આ આળસુઓને જોઈ તેઓ 'ધન્ય ! ધન્ય !' એમ બોલી ઊઠ્યા. આ એદીઓને બચાવી લેવાની વ્યવસ્થા તો રાખી જ હતી એટલે બચાવી લેવાયા. આ અણીશુદ્ધ એદીઓ માટે નવું મકાન તૈયાર કરાવવામાં આવ્યું અને કડક પરીક્ષણ વગર નવા આળસુઓની ભરતી ન કરવી એવો નિર્ણય કરવામાં આવ્યો.



આગ લાગવાના કે લગાડવાના બનાવો રોજ તો કંઈ બને નહિ. તો પછી શ્રેષ્ઠતમ આળસુઓને ઓળખવા કેવી રીતે ?

એકવાર એક ઝાડ નીચે એક માણસ સૂતો હતો. ઉપરથી પાકું મજાનું ફળ એમની છાતી પર પડ્યું. પેલો ભૂખ્યો પણ થયો હતો. પણ આ તો ઊંચી કોટિનો આળસુ હતો. કોઈ ત્યાંથી નીકળે એની એ રાહ જોવા લાગ્યો. એમાં એક ઊંટવાળો ત્યાંથી નીકળ્યો. પેલા આળસુ મનુષ્યે સૂતાં સૂતાં જ ઊંટવાળાને બૂમ પાડી એટલે ઊંટવાળો પાસે આવ્યો. પેલાએ ઊંટવાળાને કહ્યું 'ભાઈ ઊંટવાળા ! મારી છાતી પર પડેલું આ ફળ મને ખવરાવને !'

ઊંટવાળાએ એની આવડી ઉંમરમાં આવો માણસ જોયેલો નહિ. એણે ગુસ્સે થઈને કહ્યું. 'આમ કહેતા શરમ નથી આવતી ? ખાવું હોય તો ખાઈ લે તારી જાતે લઈને !

'ભાઈ ઊંટવાળા ! તને ઊંટ ઉપરથી ઊતરવાની આળસ ચડતી હોય તો ન ઊતર, પણ આમ ગુસ્સે શા માટે થાય છે ? પેલા મહાન પુરુષે ઊંટવાળાને કહ્યું.

અણીશુદ્ધ આળસુઓ કેવા હોય તે ઉપરનાં દ્રષ્ટાંત પરથી સમજાશે. આવા આળસુઓ એક જ બાબતમાં આળસુ નથી હોતા – આળસ કરવામાં ને આળસ વધારતા જવામાં.

## માર્ગદર્શક સ્તંભ


પ્રસ્તુત પાઠનું અધ્યાપન કરાવતાં પહેલાં માનવના જુદા જુદા સ્વભાવ અંગે ચર્ચા કરી શકાય. આળસ એ માણસનો શત્રુ છે મોટો. ગીતનું સમૂહગાન કરાવી શકાય. વિદ્યાર્થીઓની દૃષ્ટિએ તેમનામાં રહેલા ગુણ - અવગુણની ચર્ચા કરી શકાય. બાળકોમાં રહેલી આળસવૃત્તિને બાળક પોતે જ પ્રદર્શિત કરે છે કે નહિ તે અવનવા પ્રશ્નો પૂછીને જાણી શકાય. જીવનમાં સફળતાના શિખરો સર કરવા માટે આળસને ત્યાગવી જોઈએ. તે સમજાવી શકાય. પોતાના નિશ્ચિત ધ્યેય સુધી પહોંચવા પરિશ્રમ જરૂરી છે તેનું જ્ઞાન આપી શકાય છે. હસતાં રમતાં આળસ એ મોટો દુર્ગુણ છે તે સમજાવી શકાય. આળસુ અને ઉદ્યમીનો તફાવત સમજાવીને પરિશ્રમનો મહિમા સમજાવી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) કિંમતી (૨) મહેનતુ (૩) આળસુ (૪) અચળ
(૫) જેમ (૬) આઝાદી (૭) ચકાસણી (૮) કુશળ

**સ. ૨. આપેલ દૃષ્ટાંત પ્રમાણે આકૃતિ પૂર્ણ કરો.**




**સ. ૩. શબ્દકોશનો ઉપયોગ કરીને રૂઢિપ્રયોગના અર્થ લખો.**

(૧) પાંચમની છઠ ન થવી (૨) આંખ ભરાઈ આવવી
(૩) ગળગળા થઈ જવું (૪) ભેજુ કસવું

**સ. ૪. સંગતની આગળ 'સુ' લગાડતા સુસંગત બને તેમ 'સુ' લગાડી બીજા શબ્દો લખો.**

**સ. ૫. આપેલાં શબ્દોનાં બે-બે પર્યાયવાચી શબ્દો લખો.**

(૧) ચક્ષુ - ________________ , ________________
(૨) અપરાધ - ________________ , ________________
(૩) અમીર - ________________ , ________________
(૪) ઘર - ________________ , ________________

**સ. ૬.** **નીચેની આકૃતિ પૂર્ણ કરો.**

(અ)




(બ)




**સ. ૭.** **નીચેનાં વાક્યો ઘટનાક્રમ પ્રમાણે ગોઠવીને લખો.**

(૧) ઝાડ ઉપરથી પાકું ફળ છાતી પર પડ્યું.

(૨) ત્યાંથી ઊંટવાળો માણસ પસાર થયો.

(૩) ઊંટવાળાને બૂમ પાડી ફળ ખવડાવવા કહ્યું.

(૪) માણસ ઝાડ નીચે સૂતો હતો.

**સ. ૮.** **વાક્યો પૂર્ણ કરો :**

(૧) ધનનો સંચય કરનાર બની જાય......

(૨) આળસુઓ એક જ બાબતમાં......

(૩) આલસ્ય ભવનનું બિલ્ડિંગ......

(૪) પૈસો એ જ એવી ચીજ છે, ......

**સ. ૯.** **ખાલી જગ્યા પૂરો.**

(૧) ધનનું પ્રદર્શન થાય, ____________________ તો કેવળ દર્શન થાય.

(૨) ____________________ આળસનું દર્શન સંભવિત નથી.

(૩) અણીશુદ્ધ ____________________ પેઠે અણીશુદ્ધ આળસુઓ પણ ઝાઝા ન હોઈ શકે.

(૪) પહેલા તો દીવાનને એદીઓનો ____________________ લેવાનો વિચાર આવ્યો.

**સ. ૧૦.** **'આળસ એ જીવતા મનુષ્યની કબર છે.' આ વિશે તમારા વિચારો જણાવો.**

**સ. ૧૧.** **નીચેનાં વાક્યોમાં વિરામચિહ્નો મૂકો.**

(૧) ભાઈ ઊંટવાળા મારી છાતી પર પડેલું આ ફળ મને ખવરાવને

(૨) ચાના સમયે ચા મળે ખાવાના સમયે ખાવાનું મળે બીડી પીવી હોય તેને બીડી મળે

(૩) માણસ બસ બસ ભાઈસાબ બસ એમ રાંક થઈને બોલી ઊઠે છે

**સ. ૧૨.** **સંધિ છોડો :**

(૧) વૃદ્ધાશ્રમ (૨) અનાથાલય (૩) રવીન્દ્ર (૪) સૂર્યોદય (૫) વ્યવસ્થા

**સ. ૧૩. સમાસનો વિગ્રહ કરો.**

(૧) સુખદુ:ખ (૨) આરામખુરશી (૩) સપ્તરંગ (૪) ચાપાણી

**સ. ૧૪. નીચે આપેલાં વિધાનોમાં યોગ્ય વિશેષણ મૂકો.**

(૧) દીવાન _____________ હતાં.

(૨) આલસ્ય ભવનનું બિલ્ડિંગ _____________ અને _____________ હતું.

(૩) પેલા _____________ મનુષ્યે સૂતાં સૂતાં જ ઊંટવાળાને બૂમ પાડી.

(૪) ઝાડ નીચે _____________ માણસ સૂતો હતો.

**સ. ૧૫. સાચી જોડણી વાળા શબ્દ નીચે લીટી કરો.**

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | ઊચીત | ઉચીત | ઊચિત | ઉચિત |
| (૨) | અભીમાની | અભીમાનિ | અભિમાની | અભિમાનિ |
| (૩) | અણીશુદ્ધ | અણિશુદ્ધ | અણીશુધ | અણિસુદ્ધ |
| (૪) | પૂરૂષ | પુરુષ | પૂરુષ | પુરૂષ |

**સ. ૧૬. આળસને કારણે હજી સુધી તમે અભ્યાસની તૈયારી કરી નથી અને વાર્ષિક પરીક્ષા વહેલી શરૂ થવાની છે તો હવે તમે શું કરશો ? સમૂહમાં ચર્ચા કરો.**

## પ્રકલ્પ

★ **''કામ સરે ઉદ્યોગથી, મનોરથે નવ થાય. સૂતા સિંહના મુખમાં હરણ ન પેસી જાય.''**

**ઉપરોક્ત સુભાષિતને તમારા શબ્દોમાં સમજાવો. એક કાર્ડપેપરમાં લખીને વર્ગમાં લગાડો.**

★ **પાઠના નીચેના પરિચ્છેદમાંથી કોઈપણ પાંચ પ્રશ્નો તૈયાર કરો.**

પહેલાં તો દિવાનને.... એવો નિર્ણય કરવામાં આવ્યો.

## લેખન કૌશલ્ય

★ **તમારો નાનો ભાઈ આળસને કારણે પોતાના સ્વાસ્થ્ય અને અભ્યાસ પ્રત્યે દુર્લક્ષ કરી રહ્યો છે તેને ઉદ્યમનું મહત્ત્વ સમજાવતો પત્ર લખો.**

★ **નીચેની વાર્તાનો અંત બદલો.**

કીડી અને કબૂતરની વાર્તા તમે જાણો જ છો. પણ અહીં તમારે તે જ વાર્તાનો અંત બદલવાનો છે.

719NHN

બેઠેલાનું બેસતું, ઊભાનું રહે ઊભું; નસીબ સૂતાનું સૂએ , ચાલે ચાલતા સંગ.

# ૬. ગુગલી ગૂગલની

### હર્ષલ પુષ્કર્ણા

ગુજરાતમાં જન્મેલા હર્ષલ પુષ્કર્ણા જ્ઞાન-વિજ્ઞાનના પુસ્તકો પ્રકાશિત કરે છે. બાળકો માટેના પ્રથમ વિજ્ઞાન વિષયક સામયિકના તેઓ તંત્રી અને સંપાદક છે. ૨૦૧૭માં તેમણે પોતાના 'આ છે સિયાચેન' પુસ્તક દ્વારા વિવિધ શહેરોમાં જનજાગૃતિ ઝુંબેશ શરૂ કરી હતી. આ પુસ્તકમાં આપણા હિમપ્રહરીઓની માહિતીનો સમાવેશ કર્યો છે.

### સૂર કૃતિનો

પ્રસ્તુત કૃતિ 'ગૂગલ'ની સેવાઓની વિવિધ માહિતીઓથી સભર છે. એકવીસમી સદીના ફાસ્ટ ફોરવર્ડ યુગમાં લોકોને સુવિધાઓનો ઉપયોગ કરી જીવન સરળ બનાવવું છે. યાંત્રિક યુગમાં આજે વિશ્વ નાનું થઈ ગયું છે. કૉમ્પ્યુટર, સ્માર્ટફોન, ગૂગલ દ્વારા અપાતી વિવિધ સેવાઓ તેના ફાયદા તેમજ તેના વધુ ઉપયોગથી થતાં નુકસાન વિશે ખૂબ સુંદર રજૂઆત આ કૃતિમાં કરવામાં આવી છે. વિશ્વના લોકોની ઝીણામાં ઝીણી વિગતો અહીં સચવાય છે. કોઈ પણ સ્થળે જવા મળતું નકશા દ્વારા માર્ગદર્શન લોકોના જીવનને સરળ બનાવે છે. સમયની બચતનું મહત્ત્વ અહીં બતાવાયું છે. ઘરે બેઠા ખરીદી અને કોઈપણ સ્થળે પૈસાની લેવડ-દેવડ શાંતિથી થઈ શકે છે. પરંતુ સાથે સાથે કોઈપણ ઉપકરણનો અતિશય પ્રમાણમાં ઉપયોગ પણ સારો નથી. આમ વિવિધ માહિતીઓ આપતી જ્ઞાનથી સભર આ કૃતિ આજના યાંત્રિક યુગના આવિષ્કારને ખૂબ સરસ રીતે પ્રસ્તુત કરે છે.

કમ્પ્યુટર, ટેબ્લેટ અગર તો મોબાઈલ ફોન પૈકી કોઈપણ ઉપકરણ વડે ઇન્ટરનેટનો ઉપયોગ કરતા હોઈએ ત્યારે આપણી તમામ ગતિવિધિઓ ખાનગી રહેવાનું ધારો છો ? ના, હરગીઝ નહિ કારણ કે, ઇન્ટરનેટનું જાળું જે રીતે વિસ્તરતું જાય છે અને જે રીતે વધુને વધુ લોકો તેમાં 'સપડાતા' જાય છે એ જોતાં ભવિષ્યમાં આપણી તમામ વ્યક્તિગત તેમજ ખાનગી વિગતો કો'ક ત્રાહિત વ્યક્તિ યા કંપની પાકે પાયે જાણતી હોય એ સંભવ છે. સંભવિતતા વળી દિવસોદિવસ વધી રહી છે, કારણ કે મોબાઈલ ફોનનો ઉપયોગ પ્રતિદિન વધી રહ્યો છે – અને ખાનગી માહિતીના 'લીકેજ'માં મોબાઈલ ફોન બહુ મોટો વિલનપાઠ ભજવે છે.

એક રિપોર્ટ મુજબ આજે જગતના ૩.૪ અબજ લોકો સ્માર્ટફોન ધરાવતા થયા છે. ટેલિફોનિક વાર્તાલાપ, ઈ-મેલ, ઇન્ટરનેટ સર્ફિંગ, ઓનલાઈન ખરીદી, એસ.એમ.એસ., ચેટ, ફેસબુક, જી.પી.એસ. નકશા, ઓનલાઈન ગીત-સંગીત તેમજ વિડિઓ વગેરે સુવિધા તેઓ પોતાના સ્માર્ટફોન પર દરરોજ માણે છે. પરંતુ એમ કરવા જતાં પોતાની જાતિ-ઉંમર, પસંદ-નાપસંદ, ઠામ-ઠેકાણું, નોકરી-ધંધા, મિત્રો-પરિવારજનોનાં નામો વગેરે જેવી વ્યક્તિગત વિગતો છતી થઈ રહી હોવાનું કેટલા લોકો જાણે છે ? બહુ ઓછા. Google / ગૂગલ જેવા સર્ચ એન્જિનની મદદથી ઇન્ટરનેટ પર કોઈ માહિતીની શોધ ચલાવતી વખતે, ઓનલાઈન ખરીદી કરતી વખતે કે પછી ગૂગલ મેપ્સ

વડે જી.પી.એસ. નકશાનો ઉપયોગ કરતી વખતે ધ્યાન હંમેશાં મોબાઈલ ફોનના સ્ક્રીન પર દેખાતાં દશ્યો પર રહે છે. બેકગ્રાઉન્ડમાં બનતી પ્રક્રિયા કોઈ પામી શકતું નથી .... અને સ્વાભાવિક રીતે ન જ પામી શકાય. કેમ કે પ્રક્રિયા અદશ્ય છે.

વ્યક્તિ રૂ.૧૦,૦૦૦ની આસપાસનો એકાદ સ્માર્ટફોન ખરીદવામાં રસ ધરાવે છે. આ ડેટા ગૂગલનું સર્વર કમ્પ્યુટર દર્જ કરી લે છે. અને ત્યાર પછી ઇન્ટરનેટ પર જ્યારે પણ સર્ફિંગ કરવામાં આવે ત્યારે મોબાઈલ ફોનને લગતી જાહેરાતો જે-તે વેબ પેજ પર ચમકાવ્યા કરે છે. આમાંની એકાદ જાહેરાત પર ક્લિક કરો, એટલે ગૂગલના સર્વર કમ્પ્યુટરને બીજો ડેટા મળે છે જેનો સૂચિતાર્થ એ કે જાહેરાતનું તીર યોગ્ય નિશાન પર જઈને વાગ્યું !

મોબાઈલ ફોન ખરીદ કર્યાનું ગૂગલનું કમ્પ્યુટર જાણે છે શી રીતે ? એકાદ નહિ, સંખ્યાબંધ રીતો છે. એક પદ્ધતિ એ કે જેમાં ફોનનો ખરીદદાર Gmailમાં પોતાનું ઈ-મેલ ખાતું ધરાવતો હોય અને એ જ ખાતા વડે તે ફ્લિપકાર્ટ યા એમેઝોન જેવા ઓનલાઈન સ્ટોરમાં લોગ-ઇન થયા બાદ ફોનની ખરીદી કરે. ખરીદદારની તમામ પ્રકારની 'કાર્યવાહી'નો એવે વખતે ગૂગલના કમ્પ્યુટરને વાયા Gmail પાકો ખ્યાલ મળી જાય છે. એન્ડ્રોઈડ ગૂગલે વિકસાવેલી ઓપરેટિંગ સિસ્ટમ છે.

**સ્માર્ટફોન યા કમ્પ્યુટર વડે પૂછવામાં આવેલી માહિતી ગૂગલ 'ફ્રી'માં હાજર કરી દે, પણ બદલામાં આપણી વ્યક્તિગત માહિતી 'ફ્રી' તરીકે મેળવી લે છે.**

એન્ડ્રોઈડ થકી સ્માર્ટફોનનો સંપર્કસેતુ સતત ગૂગલના સર્વર કમ્પ્યુટર જોડે સ્થપાયેલો રહે છે. પરિણામે સ્માર્ટફોન કઈ કંપનીના ક્યા મોડેલનો છે, સીમ કાર્ડ ક્યા ઓપરેટરનું છે. ફોનબુકમાં રહેલા મિત્રો-સગાનાં મોબાઈલ તેમજ લેન્ડલાઈન નંબરો ક્યા નંબર પર કેટલો વખત વાર્તાલાપ ચાલ્યો તેની જાણકારી/ Call Log, ફોન મારફત રવાના કરાયેલા તેમજ પ્રાપ્ત કરાયેલા ઈ-મેલ સંદેશા, ફોનમાં થયેલો ઇન્ટરનેટનો ઉપયોગ, You Tube પર જોવામાં આવેલા વિડિઓ વગેરે તમામ બાબતો પર ગૂગલની અદશ્ય આંખ સતત મંડાયેલી રહે છે. એટલું જ નહિ, પણ તેને લગતો ડેટા-ગૂગલનું સર્વર સતત દર્જ કરતું રહે છે. સ્માર્ટફોનમાં Location જો 'ઓન' રાખવામાં આવ્યું હોય અને Google Mapsનો ઉપયોગ કર્યો તો આપણે ક્યા સમયે ચોક્કસ ક્યા સ્થળે ગયા? ત્યાં જવા માટે કેટલો સમય પ્રવાસમાં વીતાવ્યો ? પ્રવાસ ક્યા રસ્તે ખેડ્યો ? નિર્ધારિત સ્થળે કેટલો સમય વીતાવ્યો ? એ બધું જ ગૂગલના કમ્પ્યુટરને ખબર પડી જાય છે. સ્માર્ટફોનધારકે દેશ-પરદેશમાં ખેડેલા પ્રવાસો પણ ગૂગલથી છાના રહી શકતા નથી.

સ્માર્ટફોનનો કે પછી કમ્પ્યુટરનો કે ટેબ્લેટનો ઉપયોગ કરનાર વ્યક્તિ નિયમિત રીતે ક્યા પ્રકારની વેબસાઈટની મુલાકાત લે છે. વેબસાઈટને અનુરૂપ ચીજવસ્તુઓની જાહેરાતો ત્યાર પછી તે વ્યક્તિને પહોંચતી કરવાનું કામ ગૂગલના જાહેરાત ખાતાનું ! આમ, સ્ક્રીન પર માહિતી ચમકાવતું Chrome બ્રાઉઝર 'પાછલા દરવાજે'થી આપણી અંગત જાણકારીઓ ગૂગલના સર્વર કમ્પ્યુટરને પહોંચતું કરે છે. અને આપણને તેની ગંધ સુદ્ધા આવતી નથી.

ફેસબુક, Gmail અને તેનાં જેવાં અન્ય ઈ-મેલ ખાતાં, ઓનલાઇન બેન્કિંગ વગેરેના પાસવર્ડ યાદ રાખવાનું કેટલાક લોકોને માથાકૂટિયું લાગતું હોય છે. પરિણામે પોતાનો પાસવર્ડ તેઓ Chrome બ્રાઉઝરને યાદ રાખવાનું જણાવી એ ઝંઝટમાંથી છૂટકારો મેળવી લે છે. પાસવર્ડને Chrome પોતાની મેમરીમાં નોંધી લે છે. માટે ફોનધારક ફરી જ્યારે ફેસબુક, ઈ-મેલ યા ઓનલાઈન બેન્કિંગની વેબસાઈટ ઉઘાડે ત્યારે પાસવર્ડ તેણે ટાઈપ કરવાનો રહેતો નથી. એ કામ તેના વતી Chrome આપોઆપ કરી નાખે છે. આ બહુ ગંભીર ભૂલ છે. આપણો પાસવર્ડ જો સગાં-મિત્રોથી ખાનગી રાખતા હોઈએ તો પછી ગૂગલને પણ શા માટે તે જણાવવો જોઈએ ?




માન્યું કે આપણી પસંદ-નાપસંદ, નામ-સરનામું તેમજ જન્મતારીખ ઇન્ટરનેટ પર આપણી શોધખોળ, ઈ-મેલ, દેશ-વિદેશના પ્રવાસ, પાસવર્ડ વગેરે જેવી અત્યંત ખાનગી વિગતોને ગૂગલ તેનાં સર્વર કમ્પ્યુટરોમાં નેટવર્ક સુરક્ષાના કવચ વચ્ચે સલામત રાખે છે. પરંતુ કમ્પ્યુટરના ભેજાબાજો માટે તે કવચ અભેદ નથી. આનો પુરાવો આપતો દાખલો ૨૦૧૪ની સાલમાં બન્યો કે જ્યારે રશિયાના એક ખેપાની હેકરે ગૂગલનાં સર્વર કમ્પ્યુટરમાં પેસારો કર્યો. પારકા કમ્પ્યુટરમાં ઘૂસણખોરી કર્યાબાદ તેમાં રહેલા ડેટાની તફડંચી કરનારને કમ્પ્યુટર ટેક્નોલોજીની પરિભાષામાં હેકર કહે છે. રશિયન હેકરે પોતાના કમ્પ્યુટર વડે ગૂગલના સર્વરમાંથી આશરે ૫૦ લાખ Gmail ધારકોના ઈ-મેલ ખાતાને લગતા તમામ ડેટાની નકલ લઈ લીધી. હેકર પાછો આટલેથી અટક્યો નહિ. ચોરીનો તમામ 'માલ' તેણે બીજી એક રશિયન વેબસાઈટ પર મૂકી દઈને પોતાના કારનામાનો રીતસર ઢંઢેરો પીટ્યો. ૨૦૧૩માં ચીનની હેકર ટોળકીએ પણ ગૂગલના કમ્પ્યુટર્સમાંથી થોકબંધ ડેટા તફડાવી લીધો હતો. જ્યારે ૨૦૧૧માં ચીનના જ એક હેકરે હજારો Gmail ખાતેદારોના ઈ-મેલ તથા પાસવર્ડ ધાપી લેવાનો પ્રયાસ કર્યો હતો.

આમ, ગૂગલનાં સર્વર કમ્પ્યુટર્સમાં પડેલી આપણી વ્યક્તિગત માહિતી બેન્કના સેઈફ ડિપોઝિટ વોલ્ટમાં પડેલી એ માલમત્તા જેવી છે કે જે લૂંટારુ ટોળકી ન ત્રાટકે ત્યાં લગી જ સલામત છે. આ કેસમાં વ્યક્તિગત તેમજ ખાનગી માહિતીની સલામતી કેમ કરીને જાળવવી ? દુર્ભાગ્યે એ કાર્ય આપણા હાથમાં નથી. થોકબંધ ડેટાની સલામતીનો કાર્યભાર ગૂગલે પોતાના શિરે રાખ્યો છે, જેમાં આપણે માથું મારી ન શકીએ.

**પ્રવાસ દરમ્યાન મોબાઈલ ફોનમાં ગૂગલનો નકશો દિશાનિર્દેશનમાં મદદરૂપ નીવડે, પરંતુ તકલીફ એ કે પ્રવાસની તમામ બાતમી ગૂગલને મળી જાય છે. આમાં વ્યક્તિની પ્રાઈવસીનો ભંગ થાય છે.**

મુદ્દાના સવાલનો મુદ્દાસરનો જવાબ : Your searches and browsing activity, Places you go, information from your devices વગેરે મેનુને સ્વિચ-ઓફ કરી દેવાની સુવિધા ગૂગલે પોતે આપી છે. આ માટે દરેક મેનુની બાજુમાં ભૂરા રંગનું બટન પણ છે. જેને ડાબી તરફ કરી દો એટલે પત્યું ! અલબત્ત, એમ કર્યા પછી જે તે સેવા/ સુવિધામાં થોડોઘણો બદલાવ આવવાનો સંભવ છે, માટે પૂરી જાણકારી મેળવ્યા પછી જ આગળ વધવું હિતાવહ છે.

રહી વાત ગૂગલે તેનાં સર્વર કમ્પ્યુટર્સમાં આજદિન સુધી સંગ્રહિત કરી રાખેલી આપણી વ્યક્તિગત માહિતીની તો તેની આંશિક યા પૂરેપૂરી નાબૂદી કરવાનું પણ શક્ય છે. દાખલા તરીકે Google Searchમાં કે પછી Google Chromeમાં જે કંઈ શોધ ચલાવી હોય એ તમામને ગૂગલના સર્વર કમ્પ્યુટરમાંથી ભૂંસી દેવી હોય તો હવે જમણી તરફ છેક ઉપર ત્રણ ઊભાં ટપકાંના ચિહ્ન પર ક્લિક કરીને Delete option કમાન્ડ પસંદ કરો.

ગૂગલના માય અકાઉન્ટ પેજમાં આવી તો બીજી ઘણી બધી સુવિધાઓ છે, જેમના ઉપયોગ વડે વ્યક્તિગત માહિતી ગૂગલના હાથમાં જતી વધુ-ઓછે અંશે ટાળી શકાય છે. જો કે માય અકાઉન્ટમાં કોઈ પણ જાતનો ફેરફાર કરતા પહેલાં જે તે સુવિધા અંગે પૂરેપૂરી જાણકારી મેળવી લેવી જોઈએ. ઇન્ફર્મેશન ટેક્નોલોજી / IT અગર તો કમ્પ્યુટર ક્ષેત્રના જાણકાર વ્યક્તિની સલાહ લો તો વધુ સારું.

**ગૂગલનું માય અકાઉન્ટ પેજ : આપણી વ્યક્તિગત માહિતી ગૂગલને જણાવવી કે નહિ અગર તો કેટલી હદે જણાવવી તે અહીં નક્કી થાય છે.**

આપણો બાયોડેટા ગૂગલના હાથમાં જતો રોકવાની બીજી પણ એક રીતે છે : ગૂગલની સેવાઓનો ઉપયોગ ટાળો અથવા તો ઉપયોગ મર્યાદિત કરી દો. ઉદાહરણ તરીકે માહિતીના ઉત્ખનન માટે Google Searchને બદલે Yahoo! કે પછી Bing જેવાં સર્ચ એન્જિનનો ઉપયોગ કરી શકાય. Google Chrome ની અવેજીમાં Internet Explore અને Firefox જેવા બ્રાઉઝર વાપરી શકાય. એ જ રીતે ઈ-મેલ માટે Gmail નો મોહ છોડીને Outlook, Yahoo! Mail, Rediffmail પૈકી એકાદને પસંદ કરી શકો. પરંતુ એમ કર્યા પછી એ ખાનગી ડેટા ખાનગી રહેવાની પૂરેપૂરી ગેરન્ટી તો નહિ ! બધો ડેટા એક જ સ્થળે સંગ્રહિત રહેવાને બદલે જુદા જુદા સ્થળે વેરવિખેર રહે એ જો કે મોટો ફાયદો છે.

આ બીજી રીત અજમાવવાનું અનેક લોકોને પસંદ નથી. આનું કારણ છે. ગૂગલ એક જ છત્ર નીચે અનેક સુવિધાઓ આપી દે છે. વળી માગેલી માહિતીને પળવારમાં હાજર કરી દેવાની ગૂગલની ક્ષમતા અસાધારણ છે. આ ક્ષમતાને અનુલક્ષી કમ્પ્યુટર જગતના અનેક નિષ્ણાતો ગૂગલને Google GOD ના હુલામણા નામે સંબોધે છે. GOD/ઈશ્વર વિશેષણ સ્વાભાવિક રીતે અલંકારિક છે. આમ છતાં સહસ્રબાહુ ગૂગલની Google Search, Google Maps, Google Calander, Google Chrome, Google News, YouTube વગેરે 'શક્તિઓ' જોતાં કમ્પ્યુટર જગતના નિષ્ણાતોએ આપેલી અલંકારિક ઉપમા ખોટી જણાતી નથી.

**કતારબંધ ગોઠવાયેલાં ગૂગલનાં સર્વર કમ્પ્યુટર્સ, જેમાં કરોડો લોકોનો અંગત ડેટા સચવાયેલો પડ્યો છે.**

આ જ કારણ છે કે જગતના કરોડો લોકોનો વ્યક્તિગત ડેટા હાલ ગૂગલનાં કમ્પ્યુટર્સમાં સ્ટોર થયેલો પડ્યો છે. કોણ ક્યાં રહે છે; ક્યા સ્થળે કામ કરે છે; ક્યા સમયે, ક્યા રસ્તે ક્યાં જાય છે; જે-તે વ્યક્તિની પસંદ શી છે; નાપસંદ શું છે, ક્યા શોખ તે ધરાવે છે; કયો સ્માર્ટફોન તેણે વસાવ્યો છે; કઈ ચીજવસ્તુ ખરીદવામાં તેને રસ છે... વગેરેને લગતી સંકીર્ણ માહિતી ગૂગલ પાસે છે. આ માહિતીનું પૃથક્કરણ કરીને યોગ્ય વ્યક્તિ સુધી યોગ્ય જાહેરાતો પહોંચતી કરવી એ ગૂગલનો મુખ્ય (સંભવત : એકમાત્ર) આશય છે. લોકોના પર્સનલ ડેટાનો ગૂગલ દ્વારા દુરુપયોગ થયાનું હજી સુધી જાણવામાં આવ્યું નથી. ગૂગલનું તે જમા પાસું છે.

બીજું મહત્ત્વનું જમા પાસું એ કે ગૂગલ દ્વારા આપવામાં આવતી તમામ સેવાઓ જેમ કે Gmail, Google Search, Google Maps, Google Calander, Google Chrome, Google News,

YouTube, Google Play, Google Drive, Google Photos વગેરે સાવ વિનામૂલ્યે છે. સ્માર્ટફોનમાં, ટેબ્લેટમાં કે પછી કમ્પ્યુટરમાં આવી બધી સવલતો માણનાર પાસે ગૂગલના સંચાલકો એક રૂપિયો સુદ્ધાં લેતા નથી. વળતરના નામે કંઈ લેવામાં આવતું હોય તો તે ગ્રાહકની વ્યક્તિગત વિગતો છે, જેના પર ગૂગલના કારોબારનો દારોમદાર છે.

આપણે ત્યાં કાનૂનના હાથ સૌથી લાંબા ગણાય છે, પણ લાગે છે કે સહસ્ત્રબાહુ ગૂગલના અદશ્ય હાથ એનાથી ક્યાંય વધુ લાંબા છે..... અને કમ્પ્યુટર, ટેબ્લેટ તેમજ સ્માર્ટફોનનું વેચાણ વધતું જાય છે તેમ Google GODના હાથ ઓર લંબાતા જાય છે.

## માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિના અધ્યાપનની શરૂઆતમાં જુદાજુદા યાંત્રિક ઉપકરણો વિશે ચર્ચા કરી વિદ્યાર્થીઓને સ્માર્ટ ફોન, તેની વિવિધ સેવાઓ વિશે સજ્જ કરી શકાય. પ્રાચીન કાળનો ફોન, ત્યારબાદ જુદા જુદા વિવિધ આવિષ્કારો, ઘરમાં રખાતા ફોનથી માંડીને ટેલિવિઝન, કમ્પ્યુટરયુગ તરફ વિદ્યાર્થીઓને લઈ જઈને આજે સ્માર્ટ ફોનને કારણે બાહ્ય-મેદાની રમતો રમતા આજના વિદ્યાર્થીઓ ભૂલી ગયા છે અને ફક્ત એકલાં બેસી સતત સ્માર્ટફોનથી રમ્યા કરે છે આ અંગે ઉચિત સમજણ આપી યોગ્ય માર્ગદર્શન આપી શકાય. ગૂગલની સેવાઓની જાણકારી સાચા અર્થમાં વિદ્યાર્થીઓના ધ્યાનમાં લાવી શકાય.

સૌથી મહત્ત્વની વાત એટલે અહીં લેખકે આપણને આપેલો પરોક્ષ છતાં બહુમૂલ્ય સંદેશો વિદ્યાર્થીઓના હૃદયમાં દઢ થઈ શકે તેવા પ્રયત્નો જુદાજુદા ઉદાહરણો આપીને કરી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે પાઠમાં આવેલા શબ્દો શોધો.**

(૧) આંતરજાળ (૨) કુટુંબીજનો (૩) લાડકા (૪) વિશ્વ

(૫) સંગણક (૬) શિર (૭) અપૂર્ણ (૮) તજ્ઞ

**સ. ૨. કૌંસમાંથી યોગ્ય શબ્દ લઈ જવાબ લખો :**

(સંગણક, ભ્રમણધ્વનિયંત્ર, ખાનગી, વિદેશ, દૂરધ્વનિયંત્ર, સુવિધા)


દા.ત. પ્રવાસ :: મુસાફરી

(૧) પરદેશ :: ______________ (૨) અંગત :: ______________

(૩) સગવડ :: ______________ (૪) ટેલિફોન :: ______________


(૫) મોબાઈલ ફોન :: ______________ (૬) કમ્પ્યુટર :: ______________

સ. ૩. ‘આંખ સતત મંડાયેલી રહેવી’ રૂઢિપ્રયોગ છે તેવા આંખ પરથી બીજા રૂઢિપ્રયોગ લખી તેનો અર્થ લખો.




સ. ૪. ‘પ્રતિ’ શબ્દ જોડીને શબ્દ બનાવો અને તે શબ્દનો વાક્યમાં ઉપયોગ કરો.

ઉ.દા. પ્રતિ - પ્રતિદિન




સ. ૫. અર્થ ન બદલાય તે રીતે લીટી કરેલા શબ્દો બદલી વાક્ય ફરીથી લખો.

(૧) ડેટાની સલામતીનો કારભાર ગૂગલે પોતાના શિરે રાખ્યો છે.


(૨) પોતાનો પાસવર્ડ તેઓ બ્રાઉઝરને યાદ રાખવાનું જણાવી દે છે.

(૩) અકાઉન્ટ પેજમાં આવી તો બીજી ઘણી બધી સુવિધાઓ હોય છે.


(૪) કઈ ચીજવસ્તુ ખરીદવામાં તેને રસ છે.

સ. ૬. જાળરેખા ચિત્ર પૂર્ણ કરો.

(૧)




(૨)



સ. ૭. (અ) યોગ્ય રીતે જોડો :

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) ગૂગલ સર્ચ | (અ) ઇન્ટરનેટ એક્સપ્લોર (ફાયર ફોક્સ) |
| (૨) ગૂગલ ક્રોમ | (આ) ડિલિટ ઓપ્શન |
| (૩) ઈ-મેલ | (ઇ) Rediffmail |
| (૪) ત્રણ ઊભાં ટપકાંના ચિહ્ન | (ઈ) Yahoo ! Bing સર્ચ એન્જિન |

(બ) શબ્દસમૂહ જોડો :

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) હજાર હાથવાળો | (અ) અનંતબાહુ |
| (૨) જેના બાહુ ઘૂંટણ સુધી પહોંચે તે વ્યક્તિ | (આ) બાહુબલિ |
| (૩) ખૂબ જ શક્તિશાળી | (ઇ) આજાનબાહુ |
| (૪) અનેક બાહુઓ વાળું | (ઈ) સહસ્રબાહુ |

સ. ૮. યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય પૂર્ણ કરો :

(૧) એક રિપોર્ટ મુજબ આજે જગતના ____________________ લોકો સ્માર્ટફોન ધરાવતા થયા છે.

(અ) ૩.૪ અબજ (આ) ૩.૪ કરોડ (ઇ) ૪.૩ અબજ

(૨) રશિયન હેકરે પોતાના કમ્પ્યુટર વડે ગૂગલના સર્વરમાંથી આશરે ____________________ Gmail ધારકોના ઈ-મેલ ખાતાને લગતા તમામ ડેટાની નકલ લઈ લીધી.

(અ) ૬૦ લાખ (આ) ૫૦ લાખ (ઇ) ૫૦ હજાર

(૩) ગૂગલને ____________________ હુલામણા નામે સંબોધે છે.

(અ) ગોડના (આ) ગુરુના (ઇ) શિક્ષકના

(૪) જગતના નિષ્ણાતોએ આપેલી ગૂગલની શક્તિઓ એટલે ____________________

(અ) સહસ્ર બાહુ (આ) લાખ બાહુ (ઇ) અનેકગણા બાહુ

(૫) ____________________ થકી સ્માર્ટફોનનો સંપર્ક સેતુ સતત ગૂગલના સર્વર કમ્પ્યુટર જોડે સ્થપાયેલો રહે છે.

(અ) ઇન્ટરનેટ (આ) એન્ડ્રોઈડ (ઇ) ડેટાગૂગલ

સ. ૯. ઓળખો :

(૧) મારી સલામતીનો કાર્યભાર ગૂગલના શિરે છે. - ____________________

(૨) જાતજાતના વિડિઓ અને સિરિયલો જોવા મારો ઉપયોગ થાય છે. - ____________________

(૩) GPS દ્વારા જે તે સ્થળનું સચોટ દિશા સૂચન કરનાર - ____________________

(૪) ઓનલાઈન શૉપિંગ સ્ટોર - ____________________

(૫) સગાં-મિત્રોથી મને ખાનગી રખાય છે. - ____________________

(૬) વ્યક્તિની પસંદ-નાપસંદ, શોખ બધાંની માહિતી મારી પાસે છે. - ____________________

(૭) દેશવિદેશના મિત્રોનો સંગ્રહ મારી પાસે છે. - ____________________

**સ. ૧૦. લખો :**

(૧) મીટિંગ, પ્રવાસ, જન્મતારીખની નોંધ રાખનાર. - ____________________

(૨) અપેક્ષિત સ્થળે પહોંચવું. - ____________________

(૩) દેશ-વિદેશના સમાચાર વૅબસાઈટ પર દર્શાવે. - ____________________

(૪) અવનવા ફોટાઓનો સંગ્રહ - ____________________

(૫) ઘરમાં કે, બહાર ફોનમાં રમાતી રમત. - ____________________

(૬) અનેક નિષ્ણાતો દ્વારા અપાયેલું હુલામણું નામ - ____________________

(૭) મનને ગમે તેવું સંગીત. - ____________________

**સ. ૧૧. યોગ્ય વિશેષણ શોધીને લખો.**

(રડમસ, થોડોક, નિઃસ્વાર્થ, સુંદર, આડીઅવળી, મળતાવડો)

(૧) ____________ સામાન (૨) ____________ ચહેરો

(૩) ____________ ભાવ (૪) ____________ વાતો

(૫) ____________ કાર્ય (૬) ____________ સ્વભાવ

**સ. ૧૨. સ્માર્ટફોનનું અસ્તિત્વ જ ન હોત તો..... વર્ગમાં સમૂહ ચર્ચા કરો.**

**સ. ૧૩. 'ફેસબુક' અને 'ઈ-મેલ'નો યોગ્ય ઉપયોગ કઈ રીતે કરશો. તે તમારા શબ્દોમાં લખો.**

## પ્રકલ્પ

★ **સ્માર્ટફોન બનાવતી જુદી જુદી કંપનીઓના નામ શોધી તેની ખાસિયત અંગેનો પ્રકલ્પ તૈયાર કરો.**

વિશેષ વાંચન

## ગૂગલની આપ-લે

| Google | એક હાથ સે દેના, ઔર દુજે હાથ લે લેના ! | |
|---|---|---|
| સેવાનું નામ | ગ્રાહકને ગૂગલ શું આપે છે ? | બદલામાં ગૂગલ શું જાણી લે છે ? |
| Google Search | માગેલી માહિતી ઇન્ટરનેટની કરોડો વેબસાઈટ ફંફોસીને શોધી આપે છે. | માહિતી માગનાર વ્યક્તિને શેમાં અથવા કઈ ચીજમાં રસ છે. |
| Google Chrome | ગૂગલ સર્ચ દ્વારા પ્રાપ્ત માહિતી વેબ પેજરૂપે રજૂ કરે છે. | કઈ વેબસાઈટની કેટલા સમય પૂરતી મુલાકાત લેવામાં આવી તેનો ડેટા |
| Gmail | મિત્રો-સગાંનો ઈ-મેલ થકી સંપર્કસેતુ જોડી આપે છે. | બે વ્યક્તિ વચ્ચે ક્યા પ્રકારનો ઈ-મેલ સંદેશાવ્યવહાર ચાલે છે. |
| YouTube | વિવિધ વિષયની કરોડો વિડિઓ એક જ સ્થળે દર્શાવે છે. | કયો વિડિઓ કોણે ક્યારે અને કેટલી વાર જોયો ? જોનાર લોકોની પસંદ- નાપસંદ |
| Google News | દેશ-વિદેશના સમાચારો વેબસાઈટ તેમજ વિડિઓ સ્વરૂપે દર્શાવે છે. | ધર્મ-સંપ્રદાય, રાજકારણ કે અન્ય વિષય પ્રત્યે કોનો ઝોક કઈ તરફ છે. |
| Google Plus | દેશ-વિદેશના લોકોને જોડતી સોશ્યલ મીડિયા સાઈટ | કઈ વ્યક્તિનું જોડાણ કોની સાથે છે; કોણ શું લખે છે; શેમાં રસ ધરાવે છે. |
| Google Calander | મીટિંગ, પ્રવાસ, જન્મતારીખો વગેરેની નોંધ રાખે છે. | કોણ કોને મળ્યું; ક્યારે અને ક્યાનો પ્રવાસ કર્યો; કોનો બર્થ-ડે ક્યારે |
| Google Maps | GPS દ્વારા જે તે સ્થળનું સચોટ દિશાસૂચન | વ્યક્તિની તમામ પ્રકારની હિલચાલ અંગેની પોઈન્ટ-ટુ-પોઈન્ટ માહિતી |
| Android | સ્માર્ટફોનની સંચાલક ઓપરેટિંગ સિસ્ટમ | ફોનના તમામ પ્રકારના ઉપયોગ પર ચાંપતી નજર |
| Google Contacts | સ્માર્ટફોનની ટેલિફોન ડાયરી, જેમાં નામો + ફોન નંબર્સ રહે છે. | કોન્ટેક્ટ લિસ્ટમાં કોણ છે; સગાં કેટલાં; મિત્રો કેટલાં; વધુ વાર્તાલાપ કોની જોડે |
| Google Checkout<br>Google Wallet<br>Google Shopping | ઓનલાઇન શોપિંગમાં સહાયભૂત બનતી સેવાઓ | કોણ, ક્યારે, શું અને શા માટે ખરીદી કરી રહ્યું છે તેની જાણકારી. |

**ગૂગલની સેવાઓનું લિસ્ટ લાંબું છે, માટે ઉપરોક્ત લિસ્ટ પણ હજી લંબાવી શકાય તેમ છે.
આમ છતાં ટૂંકી યાદી પણ થોડામાં ઘણું કહી જાય છે : 'કોઈ આપકો દેખ રહા હૈ !'**

– હર્ષલ પુષ્કર્ણા

## સ્વાધ્યાય

સ. ૧. ઓનલાઈન શોપિંગમાં સહાયભૂત ગૂગલની સેવા વિશે માહિતી આપો.

સ. ૨. You-Tube વિશે માહિતી આપો.

સ. ૩. ગૂગલની કોઈપણ ત્રણ સેવાના નામ લખી તેના વિશે માહિતી આપો.

સ. ૪. ગૂગલ તેની સેવાની ફી તરીકે શું જાણી લે છે તે કોઈપણ ત્રણ સેવાના સંદર્ભમાં જણાવો.

સ. ૫. જો ગૂગલ બાબા પોતાની સેવા બંધ કરે તો ... આ વિષય પર તમારા વિચારો જણાવો.

## લેખન કૌશલ્યનો મહાવરો

★ નીચે આપેલો પરિચ્છેદ વાંચીને તેનો ટૂંકમાં સાર લખો :

લોકો મારું કામ જુએ કે ન જુએ, તેની કદર કરે કે ન કરે, મને શાબાસી આપે કે ન આપે, તો યે હું સંપૂર્ણ નિષ્ઠાથી અને મારી શક્તિના ઉચ્ચતમ ધોરણ મુજબ મારું એ કામ કરતો રહીશ; પરીક્ષા હોય કે ન હોય, તો યે હું સરખી રીતે વાંચીશ; કસોટીના ગુણ છેલ્લા પરિણામ માટે ગણાય કે ન ગણાય તો યે હું તે સરખી કાળજીથી લખીશ; ક્રિકેટ મેચ ટ્રોફી માટેની હોય કે ખાલી 'મૈત્રીરમત' હોય તો યે હું સરખા ઉત્સાહથી રમીશ. સ્થૂળ વળતરની આશા નહિ, પણ મારા લાયક કામ કર્યાનો આત્મસંતોષ એ મારું પ્રેરકબળ હશે. મનના આ વલણને કલાકારો 'કલા ખાતર કલા' કહે છે. પણ છે તો જુદી જુદી પરિભાષામાં એક જ સિદ્ધાંતના ભાષાંતર, કામને અર્થે જ કરેલું ઉત્તમ કોટિનું કામ.

– ફાધર વાલેસ

★ તમારો મિત્ર એક ભયંકર અકસ્માતમાંથી ઉગરી ગયો છે. તેની ખુશી વ્યક્ત કરતો પત્ર તમારા મિત્રને લખો.

★ બે મિત્રો વચ્ચે 'રખડતા કૂતરાઓ માટે ડૉગ હાઉસ બનાવવું જોઈએ કે નહીં ?' આ વિશેનો સંવાદ તૈયાર કરો.

★ શાળામાં આયોજિત વિજ્ઞાન મેળો /પ્રદર્શનનો અહેવાલ તૈયાર કરો.

★ નિબંધ લખો : 'મોબાઈલ બોલે છે'

71IJPB

'સાધનોથી મળતું સુખ મૂલ્યવાન છે, પણ માનવજીવન અમૂલ્ય છે.
ભૌતિક સાધનોની ઘેલછામાં તેને બરબાદ ન જ કરાય.'

# ૭. કાલુ અને ગુફી

**રામ મોરી**

રામ મોરીનો જન્મ ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૩ના રોજ ભાવનગરમાં ખેડૂત પરિવારમાં થયો છે. તેમણે ફેબ્રિકેશન એન્જિનિયરીંગનો અભ્યાસ કર્યો છે. તેઓ લેખન ક્ષેત્રે વ્યાવસાયિક રીતે જોડાયેલા છે. 'મહોતું' નામનો તેમનો વાર્તાસંગ્રહ પ્રકાશિત થયો છે. તે ઉપરાંત નવલકથા, નાટક, પટકથા વગેરે ક્ષેત્રમાં પણ તેમનું પ્રદાન છે. દિલ્હી સાહિત્ય અકાદમી તરફથી ૨૦૧૭ની સાલનો યુવા ગૌરવ પુરસ્કાર તેમને મળ્યો છે. આ એવૉર્ડ પ્રાપ્ત કરનારા ભારતના તેઓ સૌથી નાની ઉંમરના પ્રથમ લેખક છે.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત કૃતિમાં એક નાનકડા પરિવારની વાર્તા છે. પ્રેમાળ પિતા પોતાની વહાલસોયી દીકરીઓને તેમણે જ દોરેલા પ્રાણીઓના ચિત્રોના આધારે સુંદર સુંદર વાર્તાઓ બનાવીને કહે છે. પિતાની વાર્તા સાંભળે તો જ બંને બહેનોને ઊંઘ આવે.

પિતાની ગેરહાજરીમાં માતા વાર્તા કહેવાનો પ્રયત્ન કરતી. પણ તેના માટે એ કાર્ય મુશ્કેલ બની જતું. કાલુને સૂવડાવતા માતાને નાકે દમ આવતો. તેથી પિતા પાછા આવે ત્યારે દીકરીઓને બગાડવાની વાત કરી માતા તેમની સાથે ઉગ્ર દલીલો કરતી. દલીલોએ પાછળથી મોટું સ્વરૂપ ધારણ કર્યું અને બંને છૂટાછેડા લેવાના અંતિમ નિર્ણય પર આવી ગયા.

પરંતુ બંને દીકરીઓની કાલીઘેલી વાત સાંભળીને માતા-પિતાના હૃદયનું પરિવર્તન થાય છે. અને છૂટાછેડાનો નિર્ણય પડતો મૂકાય છે.

આમ પ્રસ્તુત વાર્તા માતાપિતા વચ્ચે સમાધાન કરાવનાર નિર્દોષ-ભોળી બે દીકરીઓના પ્રેમનું મન-ભાવન અને સરળ શૈલીમાં વર્ણન કરે છે.

''પછી તો હાથીભાઈનું બચ્ચું ભોંદુ ઊંડા ખાડામાં પડી ગયું. એ તો જોરજોરથી રડવા લાગ્યું કે મને બચાવો... મને બચાવો ! જંગલના કોઈ પ્રાણીઓએ ભોંદુને બચાવ્યું નહીં. બધા કહે કે, તું તો તારી મનમાની કરતું હતું ને... કોઈનું કહ્યું માનતું નહોતું ને એટલે હવે તને કોણ બચાવે ? પછી તો ભોંદુને પોતાની ભૂલ સમજાઈ. એણે રડમસ અવાજે બધાની માફી માંગી અને જીરાફે એને ખાડાની બહાર કાઢ્યું... '' પપ્પા ડ્રોઈંગબુકના ચિત્રો પર આંગળી મૂકતાં જાય, પ્રાણીઓ બતાવતાં જાય અને વાર્તા કહેતા જાય. ત્રણ વર્ષની નાનકડી કાલુ એના ખોળામાં બેસીને ટીકી ટીકીને ચિત્રો જોયા કરે. નાનકડી કાલુને પપ્પા વાર્તા કહે એ બહુ જ ગમે. સાતેક વર્ષની ગુફી પપ્પાની સામે બેસતી અને પપ્પા બહેનને ચિત્રો જોઈજોઈને વાર્તા કહે એ એકીટશે જોયા કરે. નાનકડી કાલુને જ્યાં સુધી પપ્પા વાર્તા ન કહે ત્યાં સુધી ઊંઘ ન જ આવે એટલે રોજ રાત્રે પપ્પા વાર્તા કહેવા આવે અને ખોળામાં એ પપ્પાની વાર્તા સાંભળ્યા કરે. એમાં પણ કાલુની જીદ કે બજારમાં મળતી ચિત્રોની તૈયાર બુકસમાંથી ચિત્રો જોઈને પપ્પાએ વાર્તા નહીં કહેવાની...

ડ્રોઈંગબુકમાં બંને બહેનોએ જાતે દોરેલાં પ્રાણીઓના ચિત્રોને પાત્ર તરીકે લઈને જ પપ્પાએ વાર્તા કહેવાની. પપ્પાને વાર્તા બનાવતાં વાર ન લાગે એ તો ચિત્રો ફરતાં જાય એમ વાર્તા કહેતાં જાય. મોટી ગુડ્ડીને આ વાતનો અહોભાવ કે મારા પપ્પા મસ્ત વાર્તા કહે છે અને એની વાર્તા સાંભળતાં સાંભળતાં જ કાલુ ખોળામાં સૂઈ જાય છે. પછી પપ્પા ધીરેથી કાલુને સુવડાવે અને ગુડ્ડીને ચાદર ઓઢાડીને પોતે સૂવા જતા રહે.

આ ક્રમ ક્યારેય તૂટતો નહીં. પપ્પા રોજ રાત્રે બંને બહેનોના રુમમાં આવે. કાલુ ખોળામાં બેસી જાય. ગુડ્ડી સામે ગોઠવાઈ જાય અને એ બંને બહેનોએ દોરેલા પ્રાણીઓના ચિત્રો જોઈ જોઈને પપ્પા વાર્તા કહેતા રહે. આખરે પપ્પાની વાર્તા સાંભળતાં સાંભળતાં જ દરરોજની જેમ કાલુ સૂઈ જાય. ક્યારેક પપ્પા બિઝનેસના કામથી શહેરથી દૂર ગયા હોય ત્યારે રાત્રે કાલુ રડી રડીને આખું ઘર માથે લે. કેમ કે પપ્પાની વાર્તા વિના ઊંઘ તો આવે નહીં. મમ્મી વાર્તા કહેવાના પ્રયત્ન કરે પણ ડ્રોઈંગબુકના ચિત્રોને પાત્ર બનાવીને વાર્તા કહેવાની રીત એમને ફાવે નહીં. એટલે કાલુ રડે અને મમ્મી અકળાય. આખી રાત ગુડ્ડી કાલુને હિબકા ભરતી જોઈ રહે કેમ કે કાલુને વાર્તા વિના તો ઊંઘ આવે જ નહીં ! મમ્મી ઘણીવાર અકળાઈને પપ્પાને કહ્યા કરે કે ‘તમે છોકરીઓને બગાડી છે. તમે ન હો ત્યારે તો મારા પર એ લોકોની વાર્તાનો ત્રાસ થઈ જાય છે. એવી ખોટી આદત શું પાડી તમે કે વાર્તા વગર એ લોકોને ઊંઘ જ ન આવે.’ જવાબમાં પપ્પા માત્ર સ્મિત કરતાં પણ વાર્તા તો ચાલતી રહેતી.

હવે ઘરમાં ધીમે-ધીમે રાત્રે ગુડ્ડીને મમ્મી પપ્પાના ઝઘડવાનો અવાજ વધતો જતો હોય એવું લાગ્યા કરે છે. રવિવારે તો પપ્પા મમ્મી એટલું જોરજોરથી ઝઘડતા હતા કે ગુડ્ડી અને કાલુ દોડતા એમના બેડરુમમાં પહોંચી ગયા. બારણાની આડશમાં એ નાનકડી આંખોએ મમ્મી પપ્પાની બોલાચાલી સાંભળી. મમ્મી પપ્પા એકબીજા સાથે ઊંચા અવાજે દલીલો કરતાં હતા. બંને બહેનો ડરીને પોતાના રુમમાં જતી રહી. ધીમે ધીમે આ સીલસીલો જાણે કે રોજનો થઈ ગયો. વાર્તા કહેવા આવતા પપ્પાનો ગુસ્સો એમની વાર્તામાં અને વર્તનમાં દેખાતો. બંને બહેનો ડરીને મૂંઝાઈને ચૂપ થઈ જતી. હવે ઘરમાં ગુડ્ડી અને કાલુના નાના નાની આવવા લાગ્યા. મોડી મોડી રાત સુધી એ લોકો બધા આપસમાં ઝઘડતા હોય એ રીતે ચર્ચાઓ કરતા. નાનીમા બંને બહેનોના માથે હાથ મૂકીને રડતાં રહેતાં. કાળા કોટ પહેરેલા બે અંકલ ફાઈલો લઈને આવતા અને પપ્પા મમ્મી પાસે કશીક સહી કરાવતા. ગુડ્ડીએ તો નાનાજી પાસેથી એવું પણ સાંભળ્યું હતું કે ‘બંને જણા એક વાર દીકરીઓનો તો વિચાર કરો.’ પણ પપ્પા કે મમ્મી કશું બોલ્યા નહીં. છેલ્લે ગુડ્ડીએ રસોડામાં સાંભળ્યું કે મમ્મી નાનીને કહેતી હતી ‘અમારે કોર્ટમાં જઈને તાયફો નથી કરવો એટલે તમારી હાજરીમાં જ બધું પતાવીએ છીએ !’

આ ‘બધું પતાવીએ છીએ’ એનો અર્થ ગુડ્ડીને સમજાયો નહીં. ગુડ્ડી કાલુને લઈને અગાશી પર પડેલા ગરમાળાનાં ફૂલો વીણવા ગઈ ત્યારે એણે ક્યાંક ગુસપુસ અવાજ સાંભળ્યો. ઘરના કામવાળા માસી ગેટવાળા અંકલ સાથે વાત કરતાં હતાં. ગુડ્ડી અગાશી પરથી સાંભળતી રહી કે,

‘સાહેબ અને બહેન બેય માણહ છૂટાછેડા લેવાના છે. બેય બેબીઓ તો કાયદા પ્રમાણે એની મમ્મીની સાથે જ જશે અને સાહેબ તો હવે સાવ એકલા.’ કોઈએ ગાલ પર અચાનક તમાચો માર્યો હોય એવું લાગેલું ગુડ્ડીને. છૂટાછેડાનો અર્થ નહોતો સમજાયો, પણ હવે બધા સાથે નથી રહેવાના એટલું સમજાયેલું. દોડીને મમ્મી પાસે આવી તો મમ્મીએ સીધું જ કહી દીધું કે, ‘ગુડ્ડી કાલે આપણે નાનાનાનીના ઘરે જઈએ છીએ.’ ધ્રૂજતા અવાજે ગુડ્ડીએ પૂછ્યું કે, ‘મમ્મી, પપ્પા પણ આપણી સાથે આવશે ?’



'પપ્પાને બહુ કામ છે એ હવે આપણી સાથે નહીં હોય.' ગુફીએ આટલું સાંભળ્યું તો એને સમજાયું હવે પપ્પા અમારી સાથે ક્યારેય નહીં હોય ! એને સૌથી પહેલી કાલુ યાદ આવી કે કાલુને પપ્પા વગર ઊંઘ કેવી રીતે આવશે ?

એ બપોરે ખૂબ વરસાદ પડ્યો અને કાલુ ડ્રોઈંગબુક ગેલેરીમાં ભૂલી ગયેલી તો બધા ચિત્રોના રંગ રેળાઈ ગયા. સાંજે ફટાફટ ગુફી નવાં ચિત્રો બનાવીને એમાં રંગો પૂરતી રહી. ગુફી અંધારામાં ચિત્રો પર આંગળી મૂકીને કશુંક ગણગણતી રહી. કાલુ બંને હાથે ચહેરો ટેકવીને પોતાની મોટી બહેનને ચિત્રોમાં રંગો પૂરતી અને ઘડીક ચિત્રો સામે તો ઘડીક પોતાની સાથે કશુંક બોલતી જોઈ રહી. પાછળ અંધારામાં પપ્પા આવ્યા અને એમણે બારીના નાનકડા અજવાસમાં કલર સ્કેચ પેનથી ડ્રોઈંગબુકમાં રંગો પૂરતી અને ચિત્રો સાથે ગણગણતી ગુફીને જોઈ એટલે પૂછ્યું.

'ગુફી, કાલુ શું કરો છો તમે લોકો ત્યાં અંધારામાં ?'

ગુફીએ પપ્પાનો અવાજ સાંભળ્યો તો અંધારામાં એની આંખો ભરાઈ આવી. પપ્પાએ લાઈટ કરી. કાલુ પોતાની નાની નાની આંગળીઓ વાંકડિયા વાળમાં ગૂંચવતા બોલી

'ડેડી, ગુફીદીદી... માલા માટે વાલતા બનાવે છે !'

પપ્પાની આંખો ભરાઈ આવી. દરવાજાની પાછળ ઊભેલી મમ્મી પણ રોઈ પડી. એ બંને સમજી ગયા કે એમની અલગ થવાની જિદના કારણે બાળકોના જીવનનાં ચિત્રોમાંથી રંગ રોળાઈ જશે. મમ્મીએ દોડીને પપ્પાનો હાથ પકડી લીધો અને ગુફી કાલુને ભેટી પડી. ડ્રોઈંગબુકનાં ચિત્રોના રંગો વધારે રંગીન બની વાર્તા કહેતા રહ્યા.

**માર્ગદર્શક સ્તંભ**

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવતા પહેલાં વિદ્યાર્થીઓને તેમના ઘરના વાતાવરણ સંબંધી પ્રશ્નો પૂછીને ચર્ચા કરી શકાય. તેમના માતાપિતા તેમને કેવી રીતે મદદરૂપ થાય છે તે વિશે જાણકારી મેળવી શકાય. તેના આધારે પ્રસ્તુત વાર્તાના વિષયવસ્તુનું સ્પષ્ટીકરણ કરી શકાય. ચિત્રો ઉપરથી વાર્તા કહેવાના કૌશલ્ય બાબત ચર્ચા કરી તે વિદ્યાર્થીઓમાં નિર્માણ કરવા પ્રોત્સાહન આપી શકાય.


માતાપિતા વચ્ચે અજાણતાં જ સમાધાન કરાવનાર બંને દીકરીઓની નિખાલસતાને કેન્દ્રમાં રાખી વિદ્યાર્થીઓને તે અંગે સજાગ કરી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.**

| | | | |
|---|---|---|---|
| (૧) નીંદર | (૨) બારણું | (૩) હાસ્ય | (૪) ટેવ |
| (૫) જુલમ | (૬) લપડાક | (૭) ધ્રૂસકું | (૮) રજની |

**સ. ૨. નૂમના પ્રમાણે જવાબ લખો :**




**સ. ૩. આપેલા શબ્દના અક્ષરો લઈ અર્થપૂર્ણ શબ્દો બનાવો :**

(૧) રડમસ (૨) વાંકડિયા (૩) દરરોજ (૪) નાનકડી

**સ. ૪. રૂઢિપ્રયોગ અને તેના અર્થને યોગ્ય રીતે જોડો :**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) કાને ધરવું | (અ) છાનીમાની વાતો કરવી |
| (૨) મનમાની કરવી | (આ) છૂપી રીતે જોવું |
| (૩) રડીને ઘર માથે લેવું | (ઇ) ધ્યાનમાં લેવું |
| (૪) ડોકિયું કરવું | (ઈ) પોતાની મરજી પ્રમાણે કરવું |
| (૫) ગુસપુસ કરવું | (ઉ) રડીરડીને ઘર ગજવી મૂકવું |

**સ. ૫. યોગ્ય સંબંધ લખો.**

(૧) માતાના → માતા, પિતા

(૨) પિતાના → માતા, પિતા

**સ. ૬. યોગ્ય વિકલ્પ પસંદ કરીને વાક્યો પૂરાં કરો.**

(૧) પપ્પા બંને બહેનોના રૂમમાં આવે ત્યારે ________________

(અ) ગુડ્ડી સૂઈ જાય (આ) બહેનો મસ્તી કરે (ઇ) કાલુ ખોળામાં બેસી જાય

(૨) મમ્મી ઘણીવાર અકળાઈને પપ્પાને કહ્યા કરે કે ________________

(અ) તમે છોકરીઓને બગાડી છે (આ) તમે છોકરીઓને માથે ચઢાવી છે

(ઇ) તમે છોકરીઓનું કીધું જ કરો છો

(૩) ગુડ્ડી કાલુને લઈને ________________

(અ) બગીચામાં પારિજાતનાં ફૂલો વીણવા ગઈ (આ) અગાશીમાં ગરમાળાનાં ફૂલો વીણવા ગઈ

(ઇ) બગીચામાં મોગરાની કળીઓ ચૂંટવા ગઈ

**સ. ૭. ખાલી જગ્યા પૂરો :**

(૧) પપ્પા ____________________ ચિત્રો પર આંગળી મૂકતાં જાય.

(૨) પપ્પાની ____________________ વિના કાલુને ઊંઘ આવે જ નહિ.

(૩) જંગલના કોઈ પ્રાણીઓએ ____________________ બચાવ્યું નહિ.

(૪) અમારે ____________________ જઈને તાયફો કરવો નથી.

(૫) એ ____________________ ખૂબ વરસાદ પડયો.

**સ. ૮. વિચારીને લખો :**

(૧) ઊંડા ખાડામાં પડી જનાર – ____________________

(૨) ચિત્રો દોરવાની પોથી – ____________________

(૩) પ્રાણીઓનાં ચિત્રો દોરનાર – ____________________

(૪) કાલુ અને ગુડ્ડીને વાર્તા કહેનાર – ____________________

(૫) ફૂલ વીણવા જનાર – ____________________

(૬) ગુડ્ડીની નાની બહેન – ____________________

**સ. ૯. કાલુ અને ગુડ્ડી બંને બહેનો વચ્ચેના પ્રેમને તમારા શબ્દોમાં વ્યક્ત કરો.**

**સ. ૧૦. કૌંસમાંથી યોગ્ય વિશેષણ શોધીને લખો.**

(મોટી, વાંકડિયાં, નાનકડી, મુશળધાર, ઊંડા, ઉગ્ર)

(૧) __________ ખાડા (૨) __________ ગુડ્ડી (૩) __________ વાળ

(૪) __________ વરસાદ (૫) __________ આંખ (૬) __________ દલીલો

સ. ૧૧. (અ) યોગ્ય વિરામચિહ્નો મૂકો :

(૧) ગુડ્ડી કાલુ શું કરો છો તમે લોકો ત્યાં અંધારામાં

(૨) ડેડી ગુડ્ડીદીદી માલા માટે વાલતા બનાવે છે

(૩) ગુડ્ડી કાલે આપણે નાના નાનીના ઘરે જઈએ છીએ

(૪) મમ્મી-પપ્પા પણ આપણી સાથે આવશે ને

(બ) યોગ્ય જગ્યાએ અનુસ્વાર મૂકો :

(૧) ડ્રોઈગબુકમા બને બહેનોએ જાતે બનાવેલા ચિત્રો હતા.

(૨) પપ્પાની વાર્તા સાભળતા સાભળતા જ કાલુ ખોળામા સૂઈ જાય.

(૩) રવિવારે પપ્પા મમ્મી જોરજોરથી ઝઘડતા હતા.

સ. ૧૨. ઉદાહરણ પ્રમાણે ક્રિયાપદ બનાવો :

દા.ત.: ગુડ્ડી જાતે સૂઈ જાય પણ કાલુને પપ્પા સુવડાવે.

(૧) ભોંદુ બચે એમ નહોતું અને કોઈએ તેને ______________ નહિ.

(૨) ગુડ્ડી જાતે ચાદર ઓઢતી પણ મમ્મી કાલુને ચાદર ______________ .

(૩) ગુડ્ડી લેસન કરવા બેસે ત્યારે કાલુને પણ સાથે ______________ .

(૪) મમ્મી જમતી અને સાથે સાથે ગુડ્ડી-કાલુને ______________ .

★ 'મારા વિકાસમાં મારા માતાપિતાનું યોગદાન' વર્ગમાં સમૂહચર્ચા કરો.

## પ્રકલ્પ

★ તમારી જાતે બે થી ત્રણ ચિત્ર દોરો. અને તેના ઉપરથી વાર્તા લખવાનો પ્રયત્ન કરી એક ચાર્ટ બનાવો.

## લેખન કૌશલ્ય

★ 'બોલે તેના બોર વેચાય' કહેવત પરથી વાર્તા લખો.

## વિશેષ વાંચન

### બાળકની બુદ્ધિ

એક પુરુષ વૃદ્ધાવસ્થાના કારણે મહામહેનતે ચાલી શકતો હતો. દાંતની બત્રીશીએ પણ વિદાય લીધી હતી, કાને ઓછું સંભળાય, આંખે ઓછું દેખાય. જમવા બેસે ત્યારે હાથ પગ ધ્રુજતા અને હાથમાંથી ભોજન પડી જતું. કોઈવાર કાચનો ગ્લાસ વગેરે હાથમાંથી છટકીને તૂટી જતો. આવું નુકસાન જોઈને તેનો પુત્ર અને પુત્રવધૂ વારંવાર

ગુસ્સે થઈ જતા. તેમણે બુઢ્ઢા બાપાને હવે એક ખૂણામાં બેસાડી, માટીના વાસણમાં ખાવાનું આપવાનું શરૂ કર્યું. ઘણીવાર પૂરતું ભોજન પણ મળતું નહિ તેથી બુઢ્ઢા બાપા આંખમાં આંસુ સંતાડી ચૂપચાપ બધું જ સહન કરી લેતા.

એક વખત તેમના ધ્રૂજતા હાથ માટીના વાસણને સંભાળી ન શક્યા અને વાસણ જમીન પર તૂટી પડ્યું. પુત્રવધૂ આ દૃશ્ય જોઈને, બબડવા લાગી. બુઢ્ઢાએ નિસાસો નાંખ્યો. હવે તેઓ બાપાજી માટે લાકડાની થાળી લઈ આવ્યા. તેમાં તેમને રોજ જમવાનું અપાતું.

એક દિવસ બધા જમી રહ્યા હતા ત્યારે તેમનો નાનો પુત્ર ક્યાંકથી લાકડાનો એક ટુકડો લઈ ચપ્પુ.... વડે તેને ખોતરી રહ્યો હતો મા-બાપે પૂછ્યું, 'બેટા, શું કરે છે ?' બાળકે નિર્દોષભાવે કહ્યું : ''આમાંથી હું થાળી બનાવું છું. તમે જ્યારે બુઢ્ઢા થશો. ત્યારે તમને બન્નેને એ થાળીમાં ખાવાનું આપીશ.'' આ નાની એવી ટકોરની અસર એવી સુંદર થઈ કે બીજે દિવસે બુઢ્ઢા બાપે જોયું કે તેમનું ભોજન સુંદર ટેબલ પર કાચનાં વાસણોમાં પીરસાયું હતું. કહેવત છે કે 'બાલાદપિ હિતં ગ્રાહ્યમ્'. કોઈકવાર નાનું બાળક પણ બોધ આપી સરસ રહસ્ય સમજાવી જાય છે.

– સંકલિત

## સ્વાધ્યાય

**સ. ૧.** **'બાળકની બુદ્ધિ'માંથી તમને મળતો બોધ લખો.**

**સ. ૨.** **વૃદ્ધ પુરુષની શારીરિક તકલીફ વર્ણવો.**

**સ. ૩.** **દીકરાની ટકોરથી માતાપિતામાં આવેલું પરિવર્તન વર્ણવો.**

★ **નીચેની અધૂરી વાર્તા પૂર્ણ કરો :**

રમેશ અને સુરેશ એક શાળામાં સાથે ભણતા હતાં. રમેશના માતાપિતા મજૂરી કરી માંડમાંડ ગુજરાન ચલાવતા. જ્યારે સુરેશ ગર્ભશ્રીમંત માતાપિતાનો પુત્ર હતો. તે રોજ શાળામાં પોતાની ગાડીમાં આવતો.

શાળાના વાર્ષિક રમતોત્સવમાં રમેશ પ્રથમ અને સુરેશ દ્વિતીય વિજેતા બન્યા. ત્યારથી બંને ગાઢ મિત્રો બન્યા. પણ અચરજ એ હતું કે તેમની મિત્રતામાં આર્થિક પરિસ્થિતિ બાધારૂપ ન બની.

અચાનક સુરેશના પિતાને ધંધામાં ખોટ આવી.

હવે તમે વાર્તા પૂરી કરો.

71SFQY

વાવો તેવું લણો.

# લેખન કૌશલ્ય માટે માર્ગદર્શક સ્તંભ – ૧

## પત્રલેખન

મિત્રો, તમને થતું હશે કે વૉટસએપ અને ઈમેલના યંત્રયુગમાં પત્રલેખન શીખવાની શી જરૂર ? ખરું ને ? પણ યાદ રાખો કે, આપણા હૃદયની ભાવનાને શબ્દરૂપે વ્યક્ત કરવાનું કૌશલ્ય મેળવવા પત્રલેખન આવશ્યક જ નહિ, અનિવાર્ય છે. આપણાથી જોજનો દૂર રહેતા આપણા સ્વજનો સાથે હૃદયની લાગણીઓનું આદાનપ્રદાન પત્ર દ્વારા જ શક્ય બને. પણ હા, આજના યુગના સંદર્ભે તેના સ્વરૂપ વિશે ચોક્કસ વિચારવું જ રહ્યું.

નવમા ધોરણ સુધી તમે પારંપરિક પદ્ધતિથી જ પત્રલેખન શીખ્યા છો. પણ હવે પછી સ્પર્ધાત્મક યુગમાં તમારે તમારી કારકિર્દી ઉજ્જવળ બનાવવાની છે તેથી તંત્રયુગ સાથે કદમ મિલાવવા પણ અનિવાર્ય છે. માટે જ આ વર્ષે આપણે પત્રલેખનનું કૌશલ્ય ઈ-મેલની પદ્ધતિથી શીખીશું.

આપણે ઔપચારિક અને અનૌપચારિક એમ બે પ્રકારના પત્રો વચ્ચેનો તફાવત હવે સમજી લઈએ.

| ક્રમ | ઔપચારિક પત્ર | ક્રમ | અનૌપચારિક પત્ર |
|---|---|---|---|
| ૧. | સરકારી/બિનસરકારી કાર્યાલયોમાં, ખાનગી કંપનીઓને, પ્રકાશકો કે બોર્ડને વિનંતી / માગણી/ફરિયાદ/અભિપ્રાય માટે પત્રો લખાય. | ૧. | માતા, પિતા, ભાઈ, બહેન, કાકા, મામા, માસી, ફઈ, મિત્રો, સ્નેહી વગેરેને લખાય. |
| ૨. | વિષય ફરજિયાત લખવો પડે. | ૨. | વિષય લખવાની જરૂર નથી. |
| ૩. | નિયમાનુસાર જ લખાય. | ૩. | નિયમોનું બંધન હોતું નથી. |
| ૪. | વિષયાનુરૂપ સંક્ષેપમાં લખાણ. | ૪. | આ પત્રો લાંબા પણ હોઈ શકે. |
| ૫. | અંતમાં ડાબી બાજુએ પત્ર લખનારનું સરનામું લખવું આવશ્યક છે. | ૫. | અંતમાં ડાબી બાજુએ પત્ર લખનારનું સરનામું લખવું આવશ્યક છે. |
| ૬. | સંબોધનની પછી જેને લખતા હોય તેનું સરનામું અનિવાર્ય. | ૬. | સંબોધન પછી સરનામાની જરૂર નથી. |
| ૭. | સમાપનમાં આભાર કે વિનંતી. | ૭. | સમાપનમાં હૃદયની ભાવના. |

## વાર્તાલેખન

☞ **વાર્તાલેખન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :**

❒ વાર્તાનું લેખન કોઈપણ કાળમાં થઈ શકે. એક જ વાર્તામાં એકથી વધારે કાળનો ઉપયોગ પણ થઈ શકે. પરંતુ તેમાં વિશેષ મહત્ત્વ છે ક્રમિકતા જાળવવાનું. ❒ વાર્તામાંથી બોધ મળે છે. પરંતુ જો બોધ ન મળતો હોય તો પણ આનંદ તો અવશ્ય મળે જ છે. ❒ વાર્તાની શરૂઆત અને અંત એકબીજા સાથે સંકળાયેલા હોય તે જરૂરી છે. ❒ વાર્તાની લંબાઈ માટે પણ કોઈ બંધન નથી. પણ તેના વિષયવસ્તુની પ્રવાહિતા જળવાવી જોઈએ. ❒ વિષયવસ્તુ પ્રમાણે અને તેના પાત્રને અનુરૂપ ભાષાશૈલી જરૂરી છે. ❒ વાર્તામાં બોલીભાષાનો ઉપયોગ થઈ શકે પણ અન્ય ભાષાનો ઉપયોગ ટાળવો. ❒ વાર્તાનું સાચું સૌંદર્ય જળવાવું જોઈએ. ❒ વાર્તાના મુખ્ય પાત્ર, પ્રસંગ કે બોધને ધ્યાનમાં રાખી નાનું પણ આકર્ષક શીર્ષક આપવું. ❒ વાર્તા પરિચ્છેદ પાડીને જ લખવી. અને વિરામચિહ્નોનો યોગ્ય ઉપયોગ કરવો. વાર્તાની રૂપરેખા તૈયાર કરવી અને પછી એ રૂપરેખાનો વિસ્તાર કરવાથી પ્રવાહિતા અને ક્રમિકતા બંને જળવાશે. ❒ વાર્તામાં આવતા પાત્રોની વાતચીત સંવાદરૂપે લખવાથી વાર્તા આકર્ષક બને. ❒ વાર્તાનો આરંભ આકર્ષક અને અસરકારક હોય તો અંત ચમત્કારી, નવાઈભર્યો, ઉપદેશાત્મક, સૂત્રાત્મક કે પછી આનંદદાયક હોય એ ઇચ્છનીય છે.

☞ **વાર્તાલેખન જુદી જુદી રીતે પૂછી શકાય :**

❍ મુદ્દા ઉપરથી વાર્તા લખો.❍ અધૂરી વાર્તા પૂરી કરો. ❍ વાર્તાનો અંત બદલો. ❍ ચિત્રોનું નિરીક્ષણ કરી વાર્તા બનાવો. ❍ આપેલા શબ્દોનું અનુસંધાન સાંધીને વાર્તા બનાવો વગેરે વગેરે.

## જાહેરખબર

☞ **મિત્રો, જાહેરખબર લખવાનું શીખતા પહેલાં જાહેરાત અને જાહેરખબર વચ્ચેનો તફાવત સમજી લો.**

❍ કોઈપણ બાબતની કે સમાચારની અન્યને જાણ કરવી તે જાહેરાત.

❍ કોઈપણ ઉત્પાદનના વેચાણ માટે પ્રસાર કરવો તે જાહેરખબર.

☞ **આપણે જાહેરખબરનો અભ્યાસ કરવાનો છે. ધ્યાનમાં રાખો :**

❒ ઓછામાં ઓછા શબ્દોનો ઉપયોગ. ❒ કેચલાઈન-ટેગવાક્યનો ઉપયોગ. ❒ સ્થળ, સરનામું, સમય અને સંપર્કનો ઉલ્લેખ આવશ્યક. ❒ ઓનલાઈન જાહેરખબરની વિષયાનુસાર માંડણી. ❒ આકર્ષક લેઆઉટ. (**નોંધ** : આકર્ષક લેઆઉટ માટે જુદાજુદા રંગોની પેનથી લખવાનું નથી. માત્ર એકજ પેનથી લખવાનું છે.) ❒ જેની જાહેરખબર હોય તેને ઉઠાવદાર અને આકર્ષક રીતે લખવું. ❒ જાહેરખબર પેનથી લખવી. ❒ પેન્સિલનો ઉપયોગ કરવો નહીં. ❒ ચિત્ર દોરવા આવશ્યક નથી. ❒ શબ્દો પરથી જાહેરખબર લખવી, જાહેરખબર આપીને તેના આધારિત કૃતિ કરવી, વિષય આપીને જાહેરખબર તૈયાર કરવી, આપેલી જાહેરખબરને વધુ આકર્ષક પદ્ધતિથી ફરીથી લખવી. આ સિવાય વિવિધ સર્જનાત્મક પદ્ધતિથી જાહેરખબર તૈયાર કરી શકાય છે.

## સંવાદલેખન

☞ **સંવાદલેખન કરતી વખતે નીચેની બાબતોનું ધ્યાન રાખો :**

❒ સંવાદના પાત્રો વચ્ચેના સહસંબંધનો ઉલ્લેખ અનિવાર્ય ❒ સંવાદો નાના અને અસરકારક હોવા જરૂરી અને

તે પણ વર્તમાનકાળમાં જ લખાય. ❑ વિષયને અને પ્રસંગને અનુરૂપ ભાષાશૈલીનો ઉપયોગ કરવો. ❑ વિષયાંતર ટાળવું. ❑ લેખનમાં દલીલો તર્કબદ્ધ હોવી જરૂરી. ❑ લેખનની રજૂઆતમાં બે સંવાદો વચ્ચે અનુસંધાન જળવાવું જોઈએ. ❑ ક્રમબદ્ધતા અનિવાર્ય. ❑ યોગ્ય વિરામચિહ્નોનો યોગ્ય સ્થળે ઉપયોગ. ❑ ભાષા સરળ હોવા છતાં ભાવને અનુરૂપ કહેવતો કે રૂઢિપ્રયોગ સંવાદને અસરકારક બનાવે છે તે યાદ રાખવું.

## અહેવાલ લેખન

બની ગયેલા પ્રસંગ/સંમેલન/સમારંભ/સભા/ઉત્સવ શૈક્ષણિક-સાંસ્કૃતિક કાર્યક્રમનું સંક્ષિપ્ત છતાં સમગ્ર વર્ણન કરવું એટલે અહેવાલ તૈયાર કરવો. તે વાંચીને તેમાં સહભાગી ન થનાર વ્યક્તિ પણ સંપૂર્ણ ચિતાર અનુભવી શકે તેવું સ્પષ્ટ, સચોટ અને સત્ય વર્ણન.

☞ **ધ્યાનમાં રાખો :**

❑ શીર્ષક અનિવાર્ય. ❑ તારીખ, સમય, સ્થાન, વ્યક્તિવિશેષનો સ્પષ્ટ નિર્દેશ કરવો જરૂરી. ❑ અહેવાલ હંમેશાં ભૂતકાળમાં જ લખાય. ❑ તેમાં પ્રત્યક્ષ ઘટનાનું જ વર્ણન હોઈ કાલ્પનિકતાને અવકાશ નથી. ❑ ક્રમબદ્ધતા જળવાવી જોઈએ. ❑ કાલ્પનિક બાબત ટાળવાથી વિશ્વસનીયતા જળવાઈ રહે. ❑ વિષયને અનુરૂપ ભાષાશૈલી. ❑ ઘટના અનુસાર પરિચ્છેદ કરવા પણ અનિવાર્ય છે. ❑ પહેલા કાચી રૂપરેખા તૈયાર કરવાથી ઘટનાક્રમ અનુસાર લેખન તથા એકસૂત્રતા જળવાઈ રહે. ❑ ફક્ત મહત્ત્વની બાબતોનો જ ઉલ્લેખ કરવો - ગૌણ બાબતોને છોડી દેવી. ❑ અસ્વાભાવિકતા અને અતિશયોક્તિને અહેવાલમાં સ્થાન જ નથી.

## સારાંશલેખન

મિત્રો, સારાંશલેખન એટલે આપેલા પરિચ્છેદનો મધ્યવર્તી વિચાર ઓછામાં ઓછા શબ્દો દ્વારા રજૂ કરવો. રજૂ કરેલા સારાંશમાં પરિચ્છેદનો મૂળ હેતુનો સમાવેશ અનિવાર્ય છે.

☞ **ધ્યાનમાં રાખો :**

❍ પરિચ્છેદના ભાવને સમજીને પોતાના શબ્દોમાં સ્પષ્ટ કરવો. ❍ પરિચ્છેદને બેથી ત્રણ વાર ધ્યાનપૂર્વક વાંચવો. ❍ તેમાંની મહત્ત્વની બાબતોને ક્રમાનુસાર લખવી. ❍ પરિચ્છેદમાં આપેલા ઉદાહરણ કે તેના સ્વરૂપમાં આપેલી માહિતી છોડી દેવી. ❍ કહેવતો કે રૂઢિપ્રયોગોને સરળ શબ્દોમાં ઉલ્લેખ કરવો. ❍ પરિચ્છેદના આશયનો ગૂઢાર્થ એકાદ વાક્યમાં લખાય તો અતિ ઉત્તમ. ❍ શીર્ષક આપવાની આવશ્યકતા નથી.

## વિચારવિસ્તાર

☞ **યાદ રાખો :**

સુભાષિતો, કહેવતો, કાવ્યપંક્તિઓ, ઉક્તિઓ કે પછી મુક્તકો ટૂંકમાં ઘણું ઊંડું સત્ય રજૂ કરે છે. આવા ગહન વાક્યોના અર્થને વિસ્તૃત રીતે સમજાવવું એટલે જ વિચારવિસ્તાર.

☞ **ધ્યાનમાં રાખો :**

❑ વિચારવિસ્તાર સામાન્ય રીતે ત્રણ પરિચ્છેદમાં લખાય. ❑ પહેલા પરિચ્છેદમાં શાબ્દિક અર્થની પ્રાસ્તાવિક રજૂઆત બેથી ત્રણ લીટીમાં કરી શકાય. ❑ બીજા પરિચ્છેદમાં અર્થને સ્પષ્ટ કરતાં ઉદાહરણ કે અન્ય કહેવત કે કાવ્યપંક્તિ

લખીને તેને અસરકારક બનાવવા પ્રયત્ન કરાય. ❒ સાત કે આઠ લીટીમાં લખી શકાય. ❒ છેલ્લા પરિચ્છેદમાં તેનો ગૂઢાર્થ ઉપસંહાર રૂપે બેથી ત્રણ લીટીમાં લખાય. ❒ વિચાર વિસ્તાર કરતી વખતે વિષયાંતર ન થાય તેની કાળજી રાખવી. ❒ લેખનની ભાષા શુદ્ધ અને સરળ વાપરવાનો આગ્રહ રાખવો.

# લેખન કૌશલ્ય માટે માર્ગદર્શક સ્તંભ - ૨

## પત્રલેખનનો મસૂદો

તારીખ, ________________
પ્રતિ, ________________
માનનીય, ________________
________________
વિષય :________________
મહોદય/મહોદયા, ________________

મુખ્ય વિગત

આપનો/આપની
________________
સરનામું
________________
(પત્ર લખનારનું સરનામું)

## ઔપચારિક પત્રનો નમૂનો

મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણમંડળના વિભાગીય મંત્રીને પત્ર લખી પરીક્ષાકેન્દ્ર બદલી આપવાની વિનંતી કરો.

તા. ૦૧।૦૧।૨૦૧૮
પ્રતિ,
વિભાગીય મંત્રી,
મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ મંડળ,
વાશી, નવી મુંબઈ.

**વિષય : પરીક્ષાકેન્દ્ર બદલવા માટે વિનંતી...**

માનનીય સર,

સાદર પ્રમાણ !

હું ગોરેગામની નવયુગ વિદ્યાલયનો વિદ્યાર્થી છું. માર્ચ-૨૦૧૮માં થનારી એસ.એસ.સી.ની પરીક્ષા માટે મેં મારી શાળામાંથી ફૉર્મ ભર્યુ છે. તેમાં મેં ગોરેગામ-પશ્ચિમના કેન્દ્રની માંગણી કરેલ છે.

ડિસેમ્બર ૨૦૧૭માં અમારી સોસાયટી રીડેવલપમેન્ટમાં જવાથી અમે વાંદરા-ગવર્મેન્ટ કૉલોનીમાં રહેવા આવ્યા છીએ. હવે વાંદરાથી ગોરેગામ પરીક્ષા આપવા જવાનું મારા માટે અતિ મુશ્કેલ બનશે. તેથી હું આપને નમ્ર વિનંતી કરું છું કે, માર્ચ-૨૦૧૮માં થનારી એસ.એસ.સી.ની પરીક્ષા માટે મને 'ગોરેગામ-વેસ્ટ'ને બદલે 'વાંદરા-પૂર્વ'માં કેન્દ્ર બદલી આપશો તો ઘણી મહેરબાની થશે.

બદલાયેલા કેન્દ્રની માહિતી આપ જો કેન્દ્ર બદલી આપો તો, મહેરબાની કરી મને મારા વાંદરાના સરનામે જણાવવા વિનંતી.

આપના સકારાત્મક પ્રત્યુત્તરની અપેક્ષા સાથે.

આભાર !

**લિ. આપનો વિશ્વાસુ વિદ્યાર્થી,**
**પાર્થ ચિતલિયા**
૩૦૬, ગવર્મેન્ટ કોલોની, વાંદરા-પૂર્વ, મુંબઈ નં. ૪૦૦ ૦૫૧.
parthchitaliya_2002@gmail.com

## અનૌપચારિક પત્રનો નમૂનો

શિષ્યવૃત્તિની પરીક્ષામાં જ્વલંત સફળતા મેળવનાર તમારા મિત્રને અભિનંદન આપતો પત્ર લખો :

તા. ૦૧।૦૧।૨૦૧૮
પ્રિય જીગરી દોસ્ત અપૂર્વ,

અભિનંદન ! અભિનંદન ! અભિનંદન !

શિષ્યવૃત્તિની પરીક્ષામાં જ્વલંત સફળતા મેળવવા બદલ તને અભિનંદન પાઠવતા હું અત્યંત આનંદિત છું.

તું, કેયુર અને હું આપણી મિત્ર ત્રિપુટી માટે આખી શાળાને ગૌરવ છે. જુદાજુદા વર્ગમાં ભણતા હોવા છતાં જુદાજુદી બાબતમાં કૌશલ્ય ધરાવતા આપણે શાળામાં અત્યંત લોકપ્રિય છીએ. તેં તો આટલી જ્વલંત સફળતા મેળવીને આપણી ત્રિપુટીનું ગૌરવ અનેકગણું વધારી દીધું છે. કેયુરે પણ હસ્તકલાની આંતરશાલેય સ્પર્ધામાં પ્રથમ આવીને તેના કૌશલ્યની પ્રતીતિ બધાને કરાવી દીધી. હવે મારો વારો છે. ડિસેમ્બર મહિનાના રમતોત્સવમાં શ્રેષ્ઠ ખેલાડી બની ત્રિપુટીની શાન જાળવી રાખવાની જવાબદારી મારી છે. કેયુર અને તેં મને જબરદસ્ત પ્રેરણા પૂરી પાડી છે.

અપૂર્વ, તારી અને કેયુરની સફળતા માટે આપણે એક ઊજવણી તો કરવી જ પડે. ખરું ને ? તો તને ક્યારે અનુકૂળતા છે તે જણાવજે. હું કેયુરને પણ પૂછી લઈશ. ત્યારપછી પાર્ટીના આયોજનની જવાબદારી પણ સંભાળી લઈશ. તો તું ચોક્કસથી જણાવજે. તારા જવાબની રાહ જોઈશ.

અપૂર્વ, આ વર્ષની વાર્ષિક પરીક્ષામાં પણ પ્રથમ આવવા માટે મારી તને અંતઃકરણ પૂર્વકની શુભેચ્છા !

ત્યાં તારા મમ્મી-પપ્પાને મારા વંદન. કાવ્યાને પ્યાર.

લિ. તારો જીગરી દોસ્ત,

જૈત્ર સંઘવી
૨૦૫, 'પુષ્પાંજલિ',
કાંદિવલી, મુંબઈ નં. ૪૦૦ ૦૬૭.
jaitravsanghavi@gmail.com

## જાહેરખબરનો નમૂનો

તમારા શહેરમાં પુસ્તકમેળો ભરાવાનો છે, તેની જાહેરખબર તૈયાર કરો.

ખુશખબર...! ખુશખબર...!! ખુશખબર...!!!

પુસ્તકપ્રેમીઓ માટે ખુશખબર

**ભવ્ય પુસ્તકમેળો**

ખરીદવા નહીં તો જોવા અને રોજ એક નવાસર્જકને મળવા જરૂરથી પધારો...

તા. ૧૨ જાન્યુઆરી થી ૧૬ જાન્યુઆરી ૨૦૧૮ સુધી

★ સ્થળ : ગુજરાતી મંડળ, ભોંયતળિયે, પાર્લા (પૂર્વ) મુંબઈ ★

● ઉદ્‌ઘાટન : તા. ૧૨।૧।૨૦૧૮, શુક્રવાર ● સવારે - ૯.૦૦ વાગે

અતિથિ વિશેષ : ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ

વિશેષ આકર્ષણ :

"ઉત્તમ ગ્રંથાલય" યોજનાના સભ્ય બની પુસ્તક ખરીદી પર ૫૦% છૂટ મેળવો.

પુસ્તકો જ આપણાં સાચા મિત્ર છે.

## સંવાદ લેખનનો નમૂનો

ગામડું અને શહેર એક દિવસ સામસામા મળી જાય છે. બંનેનો પોતપોતાની બડાઈ હાંકતો સંવાદ તૈયાર કરો :

### ગામડું અને શહેર

ગામડું : અરે શહેર, અભિમાન ન કર. તું તો હજી કાલે વસ્યું છે. મારી સામે તારી શી વિસાત ? સભ્યતાનો જન્મ મારે ત્યાં જ થયો છે. અને તું સભ્ય હોવાનું અભિમાન કરે છે.

શહેર : સભ્યતા અને તું ? તારે ત્યાં તો ઢોર-ઢાંખરોને પાળીને લોકો પણ ઢોર જેવા બની ગયા છે.

ગામડું : ખેડૂત અને બળદ સૌના અન્નદાતા છે. તે શું તને ખબર નથી?

શહેર : અરે, અન્નદાતા તો રાજાને કહે છે. રાજા મારે ત્યાં જ રહે છે.

ગામડું : તારા રાજા અનાજ ઉત્પન્ન નથી કરતાં સમજ્યું? અનાજ મારા ધરતીપુત્ર ખેડૂતો જ ઉત્પન્ન કરે છે.

શહેર : એ અનાજ ઉત્પન્ન ન કરે તો ખાય શું? તેમની પાસે થોડાં પૈસા હોય છે?

ગામડું : પૈસા કંઈ બધું જ નથી. તારે ત્યાં તો સભ્યતા પણ પૈસાથી જ પાળવામાં આવે છે. મહેનત કે પ્રામાણિકતાની કદર તારે ત્યાં કોઈ કરી જ ન શકે.

શહેર : મારે ત્યાં મજૂરો પણ મહેનત કરે છે. મોટી અને ઊંચી ઈમારતો મહેનતથી જ બને છે. મારે ત્યાં વેપાર પણ એકબીજા પર વિશ્વાસથી જ ચાલે છે.

ગામડું : એ બધું કંઈ નહિ – તમારું જ્ઞાન માત્ર દેખાડો છે. તમે કોઈને સુખ-શાંતિ આપી શકો ખરાં?

શહેર : થિયેટરમાં ફિલ્મ જોઈને કે હોટેલમાં જમીને ખાતરી કર. તો ખબર પડી જશે.

ગામડું : ના, બાબા ના. થિયેટરો લોકોનું ચારિત્ર્ય બગાડે અને હોટલ આરોગ્ય. એ શું સુખ-શાંતિ આપવાના? અમારે તો શુદ્ધ ભોજન અને તાજી હવા હોય છે. તારે ત્યાં તો મિલના ધુમાડાથી શ્વાસ રુંધાય છે.

શહેર : પણ તું એ કેમ ભૂલી જાય છે કે શિક્ષણ, સાહિત્ય, વિજ્ઞાનની પ્રગતિ તો મારે ત્યાં જ થાય છે.

ગામડું : અને બેઈમાની, કાળાબજાર, ભ્રષ્ટાચાર, લાંચ-રુશ્વત પણ તારે ત્યાં જ ફૂલેફાલે છે.

શહેર : તું તો રોશનીને નહિ ફક્ત અંધકારને જ જુએ છે.

ગામડું : તારી સાથે ચર્ચા કરવી જ નકામી છે. પણ યાદ રાખજે કે, એક દિવસ દેશનો ઉદ્ધાર પણ હું જ કરીશ.

## અહેવાલ લેખનનો નમૂનો

તમારી શાળામાં ઉજવાઈ ગયેલા 'ઈનામ વિતરણ સમારોહ'નો અહેવાલ તૈયાર કરો.

### ઈનામ વિતરણ સમારોહ

નૂતન વિદ્યાલયમાં તા. ૨૬।૧૨।૨૦૧૭ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ઈનામ વિતરણ સમારોહ ઉજવાઈ ગયો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે મુંબઈના મેયર પધાર્યા હતાં. અન્ય નિમંત્રિતો તેમજ વિદ્યાર્થીઓના વાલીઓ પણ ઉપસ્થિત હતાં. આકર્ષક સજાવટ સાથે શાળાનો હૉલ શોભી રહ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થયા પછી કેટલાંક વિદ્યાર્થીઓએ સ્વાગતગીત રજૂ કર્યું. શાળાના મુખ્યાધ્યાપકે પણ શબ્દો દ્વારા સ્વાગત કર્યું. મુખ્ય મહેમાન તેમજ વિશેષ નિમંત્રિતોનું પુષ્પગુચ્છ દ્વારા અભિવાદન કર્યા પછી શાળાના સુપરવાઈઝરે મુખ્ય મહેમાનનો પરિચય આપ્યો. એક સિનિયર શિક્ષકે શાળામાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓનો સંક્ષિપ્તમાં ચિતાર આપ્યો.

ઈનામ વિતરણ શરૂ થતાં જ વિદ્યાર્થીઓની પ્રતીક્ષાનો અંત આવ્યો. દરેક ધોરણના વર્ગમાં પ્રથમ અને દ્વિતીય આવેલા વિદ્યાર્થીઓને, રમતગમતમાં વિજેતા બનનાર વિદ્યાર્થીઓને તેમજ દરેક ધોરણના શ્રેષ્ઠ વિદ્યાર્થી અને શ્રેષ્ઠ વિદ્યાર્થિનીને મુખ્ય મહેમાન, શાળાના પ્રમુખશ્રીના વરદ હસ્તે ઈનામો આપવામાં આવ્યા.

ઈનામ વિતરણ પછી મુખ્ય મહેમાને પોતાના વક્તવ્યમાં ઈનામ મેળવનાર વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા. ઈનામ ન મેળવનાર વિદ્યાર્થીઓને હવે પછી ઈનામ મેળવવા મહેનત કરવાની પ્રેરણા આપી. શાળાની શિસ્ત, શૈક્ષણિક વાતાવરણ તેમજ પ્રવૃત્તિઓને બિરદાવી આનંદ વ્યક્ત કર્યો. વિદ્યાર્થીઓને વધારે પ્રગતિ કરવા શુભેચ્છા આપી.

મુખ્ય મહેમાનના વક્તવ્ય પછી શાળાના કેપ્ટને આભાર-પ્રદર્શિત કર્યો, અંતમાં રાષ્ટ્રગીત દ્વારા કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાતીના શિક્ષકે સુંદર રીતે કર્યું હતું.

## સારાંશલેખનનો નમૂનો

પરિચ્છેદ :

### પાણી એ જીવન

અન્નની જેમ પાણી પણ જીવનનો મુખ્ય આધાર છે. પાણી વગર ખેતી થઈ શકે નહિ. નદી, કૂવા, તળાવ સૂકાઈ જાય ત્યારે માણસો તો શું પણ પશુ-પક્ષીઓ તથા ઝાડછોડ માટે પણ જીવવું મુશ્કેલ થઈ જાય છે. ખરેખર-પાણી એ જીવન છે. તેનાથી આપણે શરીર સ્વચ્છ રાખીએ છીએ, કપડાં ધોઈએ છીએ. પાણી વગર આપણે ન તો ભોજન બનાવી શકીએ કે ન તરસ છીપાવી શકીએ. પાણીનો વ્યય કરવો એ મૂર્ખતા છે. વરસાદના પાણીને જો આપણે જલાશયોમાં સંગ્રહ કરી લઈએ તો અનેક લાભ થઈ શકે છે. નદીઓમાં બંધ બાંધીને તૈયાર કરેલા જલાશયોના પાણીથી આસપાસની લાખો એકર જમીનમાં ખેતી થઈ શકે છે. પડતર જમીન ઉપજાઉ બની શકે છે. વીજળી ઉત્પન્ન થઈ શકે છે, જેનાથી આપણા શહેરો અને ગામડાંઓ રોશનીથી ઝગમગી ઊઠે, રેલ અને કારખાનાઓ વીજળીથી ચાલી શકે. પ્રત્યેક ઘરોમાં આકાશવાણી સાંભળી શકાય, નવાનવા તંત્રયુગના ઉપકરણો દ્વારા પ્રગતિ સાધી શકાય. પરિણામે સમગ્ર દેશમાં નવા ઉમંગ અને ઉત્સાહનો સંચાર થઈ શકે.

**સારાંશ :** આપણા જીવનનો મુખ્ય આધાર પાણી છે. તેના અભાવથી આપણાં કેટલાયે કાર્યો થઈ શકે નહિ. નદીઓ પર બંધ બાંધીને તે પાણીથી આપણે લાખો એકર જમીનમાં સિંચાઈ કરીને પડતર જમીનને ઉપજાઉ બનાવી શકીએ. પાણીમાંથી વીજળી ઉત્પન્ન કરીને શહેરો અને ગામડાઓમાં રોશની ફેલાવી શકીએ. રેલ અને કારખાનાઓ ચલાવી શકીએ. ખરેખર, પાણીનો વ્યય કરવો એ નરી મૂર્ખતા છે.

## વિચારવિસ્તારનો નમૂનો

### 'ઘેરી લિયે કંટક છો ગુલાબને, ના આંચ આવે કશીયે સુવાસને.'

**ઉપરોક્ત પંક્તિઓને સરળ ભાષામાં સમજાવી તેનો વિચાર વિસ્તાર કરો.**


પ્રસ્તુત પંક્તિઓ સ્વયં સરળ ભાષામાં છે. છતાં આપણે તેનો શાબ્દિક અર્થ જોઈએ તો ગુલાબના ફૂલને ભલે અસંખ્ય કાંટાઓ ઘેરી લે છે પરંતુ તેની સુવાસને ઊની આંચ પણ આવતી નથી.


ગુલાબના સુંદર ફૂલની આસપાસ અસંખ્ય તીક્ષ્ણ કાંટાં હોય છે. આ કંટકોની વચ્ચે રહેવા છતાં ગુલાબ તો મહેક્યા જ કરે છે. મહાન પુરુષોના જીવનમાં અનેક કષ્ટો આવે છતાંપણ તેઓ ડગતા નથી. સામાજિક, આર્થિક, રાજકીય કે કુદરતી આફતોના સમયે પણ તેમનામાં રહેલી ઉદારતા, માનવતા, કોમળતા કે પરોપકારીપણાની ભાવનામાં કદીયે ઓટ આવતી નથી. ગમે તેવી મુશ્કેલીમાં તેઓ આ બધી લાગણીઓને ક્યારેય છોડતા નથી. તેમના અંતરમાં રહેલી સદ્‌ગુણોની સુવાસ અનુકૂળ કે પ્રતિકૂળ સંજોગોમાં એકસરખી રહે છે. દા.ત. બુદ્ધ, ઇશુ, ગાંધીજી કે લિંકન જેવા મહાત્માઓના જીવનમાંથી આપણને એ સુવાસ મળી આવે છે.


ગૂઢાર્થ રૂપે કહેવાનું તાત્પર્ય છે કે, ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ ઉચ્ચ કોટિના માણસોના સદ્‌ગુણોની સુવાસ અકબંધ રહે છે અર્થાત્ કાંટાઓ વચ્ચેના ગુલાબની સુવાસની જેમ મહેકતી જ રહે છે.


★★★


★ નીચેના ચિત્રનું નિરીક્ષણ કરી એક વાર્તા લખો.








































- पाठ्यपुस्तक मंडळाची वैशिष्ट्यपूर्ण पाठ्येत्तर प्रकाशने.
- नामवंत लेखक, कवी, विचारवंत यांच्या साहित्याचा समावेश.
- शालेय स्तरावर पूरक वाचनासाठी उपयुक्त.

पुस्तक मागणीसाठी www.ebalbharati.in, www.balbharati.in संकेत स्थळावर भेट द्या.

**साहित्य पाठ्यपुस्तक मंडळाच्या विभागीय भांडारांमध्ये विक्रीसाठी उपलब्ध आहे.**

ebalbharati

विभागीय भांडारे संपर्क क्रमांक : पुणे - ☎ २५६५९४६५, कोल्हापूर- ☎ २४६८५७६, मुंबई (गोरेगाव) - ☎ २८७७१८४२, पनवेल - ☎ २७४६२६४६५, नाशिक - ☎ २३९१५११, औरंगाबाद - ☎ २३३२१७१, नागपूर - ☎ २५४७७१६/२५२३०७८, लातूर - ☎ २२०९३०, अमरावती - ☎ २५३०९६५

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - 411 004.

गरवी गुजराती, द्‌वितीय/तृतीय (संपूर्ण), इयत्ता दहावी

₹ 48.00

